વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૯મું
ડિસેમ્બર - ૨૦૧૪
અંક : ૪૩૯

મંગલ મંદિર ● ડિસેમ્બર-૨૦૧૪ ● ૧
(કુલ પાના : ૮૨)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર





મૈસુર પેલેસ


મુખ્ય કાર્યાલય :-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

# ઔષધીય વનસ્પતિઓ દ્વારા સ્વાસ્થ્ય જાળવવા માટે અમારાં શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો


















આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com


Since 1958
Leading. Innovating. Growing.
Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012
ISO 9001 : 2008
V-Trans offers unmatched service edge to all its customers
Our Divisions
V-Trans
Reliable Hard Freight Transport
V-Xpress
Timebound Multimodal Express Cargo Service
V-Logis
Warehousing & Inventory Management
• Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
• Expertise in multi point door pickup and door delivery
• Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
• Geographical presence across India at 400 locations in 26 states - further expanding
• Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof
Corporate Office : V-Trans (India) Limited
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com
V-Trans Toll Free no. : 1800-220-180
V-Xpress Toll Free no. : 1800-220-240

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના
# નવા શો-રૂમનું
## અમદાવાદ-પ્રહ્લાદનગરમાં ઉદ્ઘાટન

ગુજરાતી સાહિત્યકારો અને સાહિત્યરસિકો માટે 'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય'નું નામ અજાણ્યું ન હોય એ સ્વાભાવિક છે. 1927થી શરૂ થયેલી ગુજરાતી ગ્રંથ-પ્રકાશનની આ પેઢી હવે શતાબ્દીની નજીક પહોંચી ચૂકી છે. કચ્છી બંધુઓ શંભુભાઈ-ગોવિંદભાઈ દ્વારા છાપાં અને પુસ્તકોની છૂટક ફેરીથી શરૂ થયેલી આ પરંપરા, ત્રણ-ત્રણ પેઢીના પુરુષાર્થથી સિંચાઈને, આજે ગ્રંથ-પ્રકાશનક્ષેત્રે ગૌરવરૂપ ઘટના બની રહી છે.

'ગૂર્જર'ના ઉપક્રમે અમદાવાદના પ્રહ્લાદનગર-સેટેલાઈટ વિસ્તારમાં તેના ત્રીજા વિશાળ સંપૂર્ણ એસી શો-રૂમનું ઉદ્ઘાટન તા. 16-11-2014ના રોજ સ્વામી સચ્ચિદાનંદજીના વરદ્ હસ્તે થયું હતું. ગાંધી રોડ અને સહજાનંદ કૉલેજ પાસે બે શો-રૂમ ઉપરાંત હવે આ નવા શો-રૂમનો સંપર્ક સાહિત્યરસિકો માટે સરળ અને સગવડભર્યો બની રહેશે.

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

**102, લૅન્ડ માર્ક, ટાઈટેનિયમ સિટી સેન્ટર મૉલ પાસે,**

**100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015.**

**ફોન : 26934340**

**ગુજરાતી - હિન્દી - અંગ્રેજી ભાષાનાં**
**તમારી પસંદગીનાં પુસ્તકો ખરીદવા જરૂર પધારો.**

**વૉટસેપ દ્વારા ઘેરબેઠાં પણ આ પુસ્તકો**
**વી.પી.પી.થી મંગાવી શકાશે.**
**વોટ્સેપ નં. 9879500182**




## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001**

**ફોન : 22144663 ફેક્સ : 22144663**

***ઈ-મેઈલ : goorjar@yahoo.com***

**સંસ્કાર સાહિત્યમંદિર**

5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, આંબાવાડી, અમદાવાદ-15

ફોન : 079-26304259

kalash kuber
a week-end villa plotting scheme
Site Address : at Panva Village
Viramgam-Shankheshwar Highway, Shankheshwar

NA-NOC
TITLE CLEAR

kalash KALARAV
WEEKEND HOMES
Site Address : at Malanpur Village
Viramgam-Shankheshwar Highway, Mandal
















karma INFRASTRUCTURE
Office : 310, Nalanda Enclave, Opp. Sudama Resort, Nr. V.S. Hospital, Pritam Nagar, Ahmedabad-380007,
Ph.:+91-79-2657 4467/68 M.:+91-98790 48757, 93770 63000
Email : info@karmainfrastructure.com Web : www.karmainfrastructure.com

BHARAT B. GALA
NAVINCHANDRA D. DEDHIA

SRE

Raju
ENTERPRISE

RE - ROLLING / S. S. PATTA - PATTI

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
QUALITY CONTROL ORDER 1981.89.93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
COOKWELL
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance
Mineral Water System
Big
17 Ltrs. CAPACITY
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO
Ceramic Candle
Silica Sand
Silver
Activated Carbon
Activated
Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦

ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી

મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)

દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**

દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**

શાંતિલાલ સંઘવી

**બાલુડેં જયું ગાલિયું**

ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*

## તંત્રી લેખ :


- બિદડા સર્વોદય ટ્રસ્ટના કર્ણધાર : શ્રી બચુભાઈ (લક્ષ્મીચંદ) વિશનજી રાંભિયાની વિદાયના સમયે – કચ્છી સંસ્થાઓ તરફ એક નજર ...... **અશોક મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ...... ૧૨


## લેખ વિભાગ

### વિચાર વિમર્શ


- નિરાંત ...... **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૧૫
- પ્રકૃતિ તરફ પાછા વળવાનું શક્ય છે? ...... **ડૉ. યાસીન દલાલ** .... ૧૬


### સમાજની ક્ષિતિજો


- તું અને હું – આ દાસ્તાન સનાતન (૮) ...... **માવજી કે. સાવલા** .... ૧૮
- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૦ લગ્ન : ભાવનાત્મક જીવનની ગાંઠ ...... **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૧૯


### સૃષ્ટિ


- સૃષ્ટિના શિશમહલના શિલ્પી ત્રણ : ઈશ્વર, ઈન્સાન અને વિજ્ઞાન ...... **દિનેશ પાંચાલ** .... ૨૧ જર્નાલિસ્ટ


### વાર્તા


- દુર્લભા - સુલભા ...... **ડૉ. ચંદ્રકાંત મહેતા** .... ૨૩ પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી
- મારી મા ...... **ડૉ. ઊર્મિલા શાહ** .... ૨૫
- સ્વિસવીસ ...... **હંસરાજ કંસારા** .... ૨૭


### ઇતિહાસ


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ ...... **સંકલન : પ્રતાપ નારાણજી દંડ** .... ૩૩ પ્રકરણ-૩૪

## તંદુરસ્તી


- માનસિક સ્વાસ્થ્ય (Mental Health) – ૨ .......... **ડૉ. મણિલાલ ગડા,** મનોચિકિત્સક ..... ૩૫
  **ડૉ. દિપ્તી શાહ (ગડા),** મનોચિકિત્સક


## કચ્છ


- ભારતીય બંદરોના વિકાસમાં કચ્છીઓનું યોગદાન.................................. **હસમુખ અબોટી** .... ૩૭
- અંધૌની ક્ષત્રપ વસાહત અને કચ્છ મ્યુઝિયમના ક્ષત્રપ શિલાલેખો............ **નરેશ પી. અંતાણી** .... ૩૮


## માહિતી


- વિકલાંગો સશક્ત બની શકે છે ................................................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૪૦


## હળવાશની ક્ષણોમાં


- **Make in Kitchen!** ........................................................ **ચિત્રસેન શાહ** .... ૪૨
- બાલુડેં જ્યું ગાલિયું .................................. **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૪૩


## નિયમિત વિભાગો


- આંજો કાગર.......................................................................................... ૪૫
- અન્ય સંસ્થાઓના સમાચાર ........................................................................ ૪૯
- સાર સમાચાર........................................................ **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૫૪
- જાણવા જેવું ........................................................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૬
- શબ્દ રમત-૧૦૦ .................................................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૭
- *Nano 9 Sudoko* (ક્રમાંક : ૧૦૫૬) ...................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૯
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ .......................................................... ૬૧
- વલોવતન.......................................................... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૩
- સમાજ દર્પણ........................................................................................ ૬૯
- સંસ્થા સમાચાર...................................................................................... ૭૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ........................................ ૭૫
- ઊડતી નજરે......................................................................................... ૭૬



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***



Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## બિદડા સર્વોદય ટ્રસ્ટના કર્ણધાર : શ્રી બચુભાઈ (લક્ષ્મીચંદ) વિશનજી રાંભિયાની વિદાયના સમયે કચ્છી સંસ્થાઓ તરફ એક નજર

*– અશોક મહેતા*

બિદડા સર્વોદય ટ્રસ્ટના છેલ્લા કેટલાયે વર્ષોના કર્ણધાર એવા શ્રી બચુભાઈ રાંભિયાનું ૮ નવેમ્બર, ૨૦૧૪ના રોજ નિધન થયું. જેમ જેમ આ સમાચાર પ્રસરતા ગયા, તેમ તેમ લોકોમાં ગ્લાનિની ભાવના ઉત્પન્ન થતી દેખાઈ. બિદડા તેમજ મુંબઈની તેમની પ્રાર્થના / શ્રધ્ધાંજલિ સભામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. એ બધાના મુખારવિંદ પર સદ્ગત શ્રી બચુભાઈ પ્રત્યે સદ્ભાવ હોય તેવા ગ્લાનિજનક મનોભાવ દષ્ટિવંત થતા હતા. કરુણતાભર્યા મસીહાના આત્માને દરેકે મનોમન શ્રધ્ધાંજલિ અર્પી.

આવું કેમ બન્યું? આટલા સદ્ભાવની લાગણી કેમ? **જવાબ છે કે કરુણાના મસીહા એવા બચુભાઈ રાંભિયાની છેલ્લા ૪૦ વર્ષની જીવનકહાની.** આરોગ્ય ક્ષેત્રે જન સામાન્યની એવી સેવા બજાવી કે જેના કારણે લાખો લોકોના જીવનમાં ઉજાસ પામ્યો. દરિદ્રમાં દરિદ્ર વ્યક્તિની પણ તેઓએ પૂરી દિલચસ્પીથી સેવા કરી. તેઓના રોગોના ઉપચાર કરાવ્યા. તેઓએ પોતાના જીવનકાર્ય દરમ્યાન અનેક લોકોના દિલમાં ઉજાસ પાથરી દીધો.

માનવ ચાહે ગમે તે ઊંચાઈએ પહોંચે પરંતુ અંતે તો તેણે કાળની ગર્તામાં વિલિન થવાનું જ હોય છે. પછી તે સ્વામી વિવેકાનંદ હોય કે મહાત્મા ગાંધીજી હોય, સરદાર વલ્લભભાઈ પટેલ હોય કે જવાહરલાલ નહેરુ હોય, સંત મેકણ હોય કે અન્ય કોઈ કરુણાની દેવી હોય. **બાકી રહી જાય છે માત્ર તેમના જીવનની સુહાસકથા.** સદ્ગત શ્રી બચુભાઈની જીવન કથા આપણને સદાયે સેવાના કાર્યો કરવા પ્રેરતી રહેશે.

શ્રી બચુભાઈ રાંભિયા પોતાના જીવનમાં ઉત્કૃષ્ટ કામ કરી શક્યા કેમકે તેમને "બિદડા સર્વોદય ટ્રસ્ટ" જેવી સંસ્થાનું પીઠબળ હતું. શ્રી બચુભાઈ રાંભિયા બિદડા સર્વોદય ટ્રસ્ટને એટલી ઊંચાઈએ લઈ ગયા કે "બિદડા સર્વોદય ટ્રસ્ટે" બચુભાઈને જરૂરી પ્લેટફોર્મ પૂરું પાડ્યું, તે એક મીઠી ચર્ચાનો વિષય બની શકે. પરંતુ હંમેશાં વ્યક્તિ કરતાં સંસ્થા મહાન છે એવી ગણના થાય છે. અગર સંસ્થાનું વાતાવરણ ઉજળું હશે તો આવતીકાલે તેવા જ ઉચ્ચ પ્રકારના સેવાભાવી મસીહા સમાજને મળતા રહેશે.

જાહેર સંસ્થા કે જેને આપણે એન.જી.ઓ. (નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન) કહીએ છીએ તેને સામાન્યપણે આપણે ત્રણ પ્રકારમાં વિભાજિત કરી શકીએ : (૧) સમાન વિચારસરણી ધરાવતા ૧૫-૨૦ વ્યક્તિઓના ગ્રુપે ઊભી કરેલ સંસ્થા, (૨) જે તે સમાજના સભ્યોએ ઊભી કરેલી સંસ્થા કે જેના સભ્યો, એ સમાજના બધા જ પરિવારો બની શકે અને (૩) પારિવારિક સેવાકીય ટ્રસ્ટ કે જેના સભ્યો મોટાભાગે તે પરિવારના જ રહેવા પામે અને પરિવારની કોઈ એક વ્યક્તિ તેનું સંચાલન કરતી હોય.

આપણે પ્રથમ પ્રકારની સંસ્થાની વાત કરીએ તો સમાન વિચારસરણી ધરાવતી ૧૫-૨૦ વ્યક્તિનું જૂથ આ સંસ્થાનું સંચાલન કરતી હોવાથી તેઓના કાર્યમાં એકરાગતા દેખાય છે. એકરાગતાના કારણે આ સંસ્થાની કામગીરી ખૂબ જ જલ્દીથી આગળ ધપી શકે છે. અહીં સભ્યોનો મોટો સમુદાય ન હોવાથી ચૂંટણી વગેરે પ્રક્રિયામાંથી બાકાત રહી, નચિંતપણે પોતાની કાર્યવાહી આગળ ધપાવી શકાય છે. બિદડા સર્વોદય ટ્રસ્ટ, ભોજાય સર્વોદય ટ્રસ્ટ, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, કચ્છી જૈન ફાઉન્ડેશન વગેરે સંસ્થાઓ આ પ્રકારમાં આવે અને તેથી જ આપણે તેઓના પરિણામજનક કાર્યો અનુભવી શકીએ છીએ.

બીજો પ્રકાર છે જે-તે સમાજ દ્વારા ઊભી કરાયેલી સામાજિક સંસ્થાઓનો. આ પ્રકારની સંસ્થાના સભ્યો ૫૦૦થી ૧૫,૦૦૦ સુધીના હોઈ શકે. તે સંસ્થા દર વર્ષે પોતાના ટ્રસ્ટ મંડળની કે કારોબારી સમિતિની રચના ચૂંટણી પ્રક્રિયા દ્વારા

*આ વિશ્વમાં સમસ્યા સહિત કશું જ કાયમી નથી. આથી હંમેશાં ખુશ અને આશાવાદી રહેવું.*

કરે. એ ટ્રસ્ટ મંડળ કે કારોબારી સમિતિ પોતાના મેનેજિંગ ટ્રસ્ટી કે પ્રમુખને ચૂંટે. મેનેજિંગ ટ્રસ્ટી કે પ્રમુખ એ સંસ્થાનું નિયત કરેલ સમય દરમ્યાન સંચાલન કરે. આ સંસ્થાનો કર્ણધાર કદાચ લાંબા સમય સુધી એ પદ પર રહી ના પણ શકે. **સમાજની ચૂંટણીમાં તેના કર્ણધાર અવારનવાર બદલાતા રહે.** પરિણામે એ સંસ્થાની કારકીર્દિ ઉજ્જવળ હોવા છતાં તેના સામાજિક કાર્યોની ઝડપ વધી ન શકે, કેમકે અહીં કોઈ સર્વેસર્વા બની શકતો નથી. અહીં બધાને સાથે રાખીને પ્રગતિના કાર્યો તરફ કે સેવાના કાર્યો તરફ આગળ ધપવાનું હોય છે. **વિચારોની વિભિન્નતાના કારણે સેવાના કાર્યોની ઝડપ જોઈએ તેવી આવી શકતી નથી.** મુંબઈ સ્થિત કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન, કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન, કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ, કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિ મહાજન કે અમદાવાદ સ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજની ગણના આ પ્રકારની સંસ્થાઓમાં કરી શકાય. આ સંસ્થાઓના કર્ણધારે ગમે તેટલું દોડવું હોય તો પણ **અહીં બધાને સાથે રાખીને દોડવાનું હોવાથી વિકાસની પ્રક્રિયામાં જોઈએ તેવી ઝડપ મેળવી શકાતી નથી.** પરંતુ આ પ્રકારની મોટાભાગની સંસ્થાઓ સમાજમાં સદ્‌ભાવના તો પ્રેરી જ શકે છે.

ત્રીજા પ્રકારની સંસ્થા એટલે પારિવારિક સેવાકીય ટ્રસ્ટ. આ સંસ્થાના માંધાતાઓના દિલો દિમાગમાં ચાહે ઉચ્ચ પ્રકારની સેવાકીય ભાવના હોય તો પણ તેઓ ઝડપી વિકાસ સાધી શકતા નથી કેમકે **વિકાસની ઝડપ પકડવામાં તેઓને આર્થિક સધ્ધરતા જોઈએ તે પ્રાપ્ત થઈ શકતી નથી.** પરિવારની મુખ્ય વ્યક્તિ ગમે તેટલી ઉદાત્ત ભાવનાવાળી હોય તો પણ તેની વિચાર પ્રક્રિયા માત્ર પરિવાર પૂરતી જ સીમિત રહેવા પામે છે. કોઈ એકલદોકલ પરિવારની વિચારસરણી સેવાની તરાહનાથી વિચલિત બને તેવી પણ શક્યતા રહે છે. પરિણામે આ પ્રકારની સંસ્થાઓ પણ જોઈએ તે પ્રકારનો સેવાનો ઉજાસ સમાજમાં ફેલાવી શકતી નથી. આપણા સમાજમાં આવી અનેક સેવાકીય સંસ્થાઓ છે પરંતુ તેમની નબળી કામગીરીના કારણે તેઓનો નામોલ્લેખ કરવાનું ટાળેલ છે.

અત્યાર સુધીના નિરીક્ષણ પરથી એ તો ફલિત થાય છે કે પ્રથમ પ્રકારની સંસ્થાઓ જ વિકાસના / સેવા ક્ષેત્રના / સાહિત્ય ક્ષેત્રના અથવા તેવા અન્ય કોઈ પણ પ્રકારના ક્ષેત્રે, અગર જો તેમના રાહબર યોગ્ય હોય તો પોતાના ધ્યેય સાથે તે પૂરપાટ દોડી શકે છે.

જે તે સમાજે ઊભી કરેલ સંસ્થાઓ માટે જરૂરી છે કે તેમાં સમાજની દરેક વ્યક્તિ સંકળાયેલ રહે. વિકાસ અને પોતાના ઉન્નત કાર્યો થકી, આવી સંસ્થાઓ સારાયે સમાજમાં સદ્‌ભાવનાની લાગણી ફેલાવી શકે છે.

શક્ય હોય ત્યાં સુધી ત્રીજા પ્રકારની સંસ્થાના જાહેર કાર્યો ટાળવા જોઈએ સિવાય કે પારિવારિક ટ્રસ્ટો અન્ય સંસ્થાઓને અનુદાન આપી તેવી સંસ્થાઓને પ્રોત્સાહન આપતા રહે અને પોતાના પરિવારની ઉન્નત ભાવનાના દર્શન સમાજને કરાવતા રહે.

★

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની
## અત્યાર સુધીની કાર્યવાહી પર એક દૃષ્ટિપાત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એ અમદાવાદ સ્થિત કચ્છી જૈનોની એક સામાજિક સંસ્થા છે અને હાલે તેના સભ્યોની સંખ્યા ૧,૦૦૦ આસપાસની રહેવા પામેલ છે. છતાં એ સિધ્ધ થયેલ હકીકત છે કે અન્ય સમાજની સંસ્થાઓ કરતાં **તેની કાર્યવાહી કંઈક વિશિષ્ટ રહેવા પામેલ છે.** આ પ્રકારની સંસ્થાઓમાં તેની ગણના એક અનેરી સંસ્થા તરીકે કરી શકાય.

શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદનું વર્ષ ૧૯૮૫માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરીકે રૂપાંતર થયા બાદ તેની મુખ્ય કાર્યવાહીની ગણના નીચે મુજબ કરી શકાય :

૧. અમદાવાદમાં ગીતા મંદિર બસ સ્ટેન્ડ પાસે ૧૦ એ.સી. / નોન એ.સી. રૂમ તથા ડોરમેટરી સહિત અંદાજે ૬૦ જેટલી વ્યક્તિઓનો સમાવેશ થઈ શકે તેવું અતિથિ ભવન.

*સેંકડો હાથથી ભેગું કરો અને હજાર હાથથી વહેંચી દો.*

૨. અમદાવાદના પાલડી જેવા મુખ્ય વિસ્તારમાં શ્રી કચ્છી જૈન ભવન કે જેમાં ૧૮૦૦ ચોરસ વારના પ્લોટ પર અતિથિ ભવનની સગવડતા ઉપલબ્ધ હોય તેવા ૨૫ એ.સી. / નોન એ.સી. રૂમો છે. હાલે દરરોજની અંદાજિત ૪૫૦ની ઓ.પી.ડી. ધરાવતું મેડિકલ સેન્ટર અને સમાજના સભ્યોને તથા અન્યોને સારા/નરસા પ્રસંગે કામ આવી શકે તેવો એ.સી. હોલ બનાવવામાં આવેલ છે.

૩. અમદાવાદમાં સિવિલ તથા રાજસ્થાન હોસ્પિટલ એટલે કે શાહીબાગ વિસ્તારમાં ૧૮૦૦ ચોરસ વારના પ્લોટ પર શ્રી કચ્છી વિશ્રામ ગૃહની રચના કરવામાં આવેલ છે. જેમાં કચ્છથી કે અન્યત્રથી સારવાર અર્થે પધારતા સામાન્ય પરિવારો માટેના સસ્તા દરના ૧૭ રૂમો, કોઈ પણ માટે અદ્યતન સગવડતાવાળા એ.સી. / નોન એ.સી.ની સગવડતા ધરાવતા ૫૦ રૂમો, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ, જલારામ અન્નક્ષેત્ર અને ૯ મશીનની સગવડતા સાથેનું ડાયાલિસિસ સેન્ટર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

૪. અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં આણંદજી કલ્યાણજીની પેઢીના સંકુલમાં કે જ્યાં અનેક જૈન પરિવારોનો વસવાટ છે ત્યાં ૪૦ પરિવારોનો સમાવેશ થઈ શકે તેવી આવાસ યોજના વર્ષ ૨૦૧૦માં જ અર્પણ કરી દેવામાં આવેલ છે.

૫. કચ્છના સર્વાંગી વિકાસના પ્રશ્નો પર ધ્યાન આપવા "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ"નું ગઠબંધન કરવામાં આવેલ છે.

૬. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના માધ્યમ દ્વારા કચ્છના છેલ્લા ૫,૦૦૦ વર્ષના ઈતિહાસનું વિવિધ તજજ્ઞો દ્વારા આલેખન કરાવી "કચ્છનો સર્વાંગી ઈતિહાસ" ગ્રંથ બે ભાગમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

૭. અન્ય પ્રવૃત્તિઓની વાત કરીએ તો શાળા કે કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને દર વર્ષે જરૂરિયાત મુજબની લોન, ઉચ્ચ અભ્યાસ માટેના વિવિધ પ્રકારના સેમિનારો, કેરિયર કાઉન્સેલિંગ, સમાજના સભ્ય પરિવારોને આરોગ્યના ક્ષેત્રે નિમ્ન રકમ માત્રથી ઉચ્ચ પ્રકારની સેવાઓ, વીમાકીય ક્ષેત્રની ઉચ્ચ કામગીરી, સિનિયર સિટીઝન્સના વિદેશ પ્રવાસ, મહિલા તથા યુવા વિકાસના વિવિધ કાર્યોની ગણના કરી શકાય.

તેમ છતાં અવારનવાર એવો ભાસ થતો રહે છે કે છેલ્લા ૩૦ વર્ષની ઉપરોક્ત ઉચ્ચ પ્રકારની કામગીરીમાં હજુ પણ વધારો થઈ શકે તેવી શક્યતા પણ સારા પ્રમાણમાં દેખાય છે.

૧. સમાજના વસતિ પત્રક - ૨૦૧૨ની વિગતો ચકાસીએ તો જણાય છે કે સમાજના કેટલાક યુવા-યુવતીઓએ આઈ.ટી. કે અન્ય ઉચ્ચ પ્રકારની ડિગ્રી હાંસલ કરી, વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ હોદ્દાઓ મેળવી પોતાની તથા પોતાના પરિવારની આબાદી સારી એવી વધારેલ છે. પરંતુ આ સંખ્યા પ્રમાણમાં જૂજ છે. **સમાજના એકે એક બાળકને આ ઊંચાઈએ લઈ જવાની કાર્યવાહી હજુ બાકી રહે છે.**

૨. ઉચ્ચ શિક્ષણ પામેલ વિદ્યાર્થીઓની માનસિકતાની ચકાસણી કરીએ તો ખ્યાલ આવશે કે કેટલાક યુવાઓમાં હજુ પણ અંધશ્રધ્ધાના દર્શન થાય છે. તેમના માનસપટ પર તેમની પરિવારની અથવા આજુબાજુના લોકોની જૂની પુરાણી માન્યતાઓની અસર કાયમી ઘર કરી ગઈ છે. **ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરેલ યુવાઓની માનસિકતાનું આ લેવલ સુધારવાનું ભગીરથ કાર્ય બાકી રહે છે.**

૩. ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવા માંગતા વિદ્યાર્થીઓને સમાજ તરફથી પ્રોત્સાહન અને આર્થિક સગવડતા ઉપલબ્ધ કરાવવાની રહે છે.

૪. ગૃહ ઉદ્યોગ ક્ષેત્રે ખૂબ જ નબળી કાર્યવાહી થવા પામેલ છે. આ ક્ષેત્રે હજુ પણ વધુ ઊંડા ઉતરવાની જરૂરત રહે છે.

૫. શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના અનુસંધાને સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. મશીન તથા થોડા બેડની નાની હોસ્પિટલની રચના કરવાની બાકી રહે છે.

૬. મુંબઈ ખાતે અતિથિ ભવન સ્થાપવાની કાર્યવાહીમાં વર્ષ ૨૦૦૭થી જે રૂકાવટ આવેલ છે તેમાંથી બહાર નીકળવાની અને મુંબઈ ખાતે જ અન્ય અતિથિ ભવન ઊભું કરવાની કાર્યવાહી બાકી રહે છે.

*તમને સફળતા મળશે ત્યારે તમારા મિત્રોને ખબર પડશે કે તમે કોણ છો.*

૭. કચ્છમાં અગર આર્કિટેક્ચરલ કૉલેજની સ્થાપના કરી શકાય તો તે એક ઉચ્ચ પ્રકારની સેવા ગણી શકાશે. છેલ્લા ત્રણેક વર્ષથી આ દિશાના પ્રયત્નો જારી હોવા છતાં તેમા આગળ વધી શકાયેલ નથી.

૮. અમદાવાદ ખાતે કચ્છથી અને અન્યત્રથી હજારો વિદ્યાર્થીઓ ભણવા માટે આવે છે. વળી અમદાવાદમાં એન.આઈ.ડી., આઈ.આઈ.એમ., નિરમા જેવી અનેક ઉચ્ચ અને વિખ્યાત સંસ્થાઓમાં પણ કચ્છી વિદ્યાર્થીઓનો સમાવેશ કરાવવા તેમજ વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માટે રહેવા - જમવાની ઉત્કૃષ્ટ વ્યવસ્થા સહિતની હોસ્ટેલની સગવડતા ઉપલબ્ધ કરાવવાની બાકી રહે છે.

૯. હાલનું ડાયાલિસિસ સેન્ટર બે શીફ્ટ માટેની ક્ષમતાએ લગભગ પહોંચી ગયેલ છે. તેની ઉત્કૃષ્ટ કામગીરી અને ખૂબ જ નીચા દરની સેવાથી નાનું પડવાનું છે. તે અંગેના ભવિષ્યના આયોજનો વિચારી, તેના અમલીકરણની વ્યવસ્થા કરવાની બાકી રહે છે.

૧૦. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'નો પ્રચાર મર્યાદિત માત્રામાં હોવાથી આપણે ધાર્યા પ્રમાણેના પ્રવાસીઓને આકર્ષી શકેલ નથી. તેના પ્રચાર - પ્રસારની તાતી જરૂરિયાત બાકી રહે છે.

૧૧. "જલારામ અન્નક્ષેત્ર" ઉચ્ચ પ્રકારની અને સેવાને વરાયેલ ભાવનાની પ્રક્રિયા છે. હાલે લગભગ દરરોજ સરેરાશ ૩૫ જેટલી વ્યક્તિ તેનો લાભ લે છે. આ પ્રકારની પ્રવૃત્તિનો વ્યાપ કઈ રીતે વધારી શકાય તેની વિચારણા જરૂરી છે. તે માટે જરૂરી ફંડ એકત્રિત કરવાની કાર્યવાહી પણ બાકી રહે છે.

૧૨. પર્યાવરણની રક્ષા કાજે દર વર્ષે કચ્છમાં ઓછામાં ઓછા ૧૦,૦૦૦ વૃક્ષો વાવી, તેનો ઉછેર કરી, પર્યાવરણની સુધારણા કરવાની ભાવના સાથે એક જૂથ કાર્યરત છે. પરંતુ આ જૂથ તેની પરાકાષ્ટાએ કામ કરી શકે તેવી સગવડતા ઉપલબ્ધ કરાવવાની અને તે માટે આર્થિક અનુદાન મેળવવાની પ્રક્રિયા બાકી રહે છે.

૧૩. શાળા - કોલેજમાં અભ્યાસ કરતાં બાળકો પોતાના અભ્યાસના અંતે નખશિખ રાષ્ટ્રવાદી બની સમાજમાં ફેલાઈ જાય તે માટે રહેવાની સગવડ સાથેની સ્કૂલ ઊભી કરવાની કાર્યવાહી બાકી રહે છે.

૧૪. ત્રણે ભવન તેમજ આવાસ યોજના સંબંધી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં ઈમ્પેક્ટ અંગેની કામગીરીના પ્રશ્નો હલ કરીને ભવનમાં વિવિધ ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી શકાય.

અગર ઉપરોક્ત દરેક બાબતો પર હકારાત્મક પ્રતિક્રિયા દ્વારા ચર્ચા કરી, આગળ વધવાની ભાવના એકજૂથ બની વિકસાવવામાં આવે તો આ સમાજ અન્ય અનેક સમાજને પ્રેરણારૂપ દાખલો બેસાડી શકશે.

નાનાથી મોટા દરેક કાર્યકરને પ્રેરણા આપી, સેવાની જ્યોત વધુ ને વધુ પ્રજ્જવલિત કરવાની ખાસ જરૂરિયાત મહેસૂસ થતી દેખાય છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • રવિવાર, તા. ૧૪-૧૨-૨૦૧૪ સવારે ૯.૦૦થી ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૭ અને ૮માં ભણતા છાત્રો અને તેમના વાલીઓ તથા રસ ધરાવનાર સર્વે માટે વર્કશોપ. ફેકલ્ટી : જયરાજ પંડ્યા. |
| • રવિવાર, તા. ૧૪-૧૨-૨૦૧૪ બપોરે ૨.૦૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ | સાયન્સ લેવા માંગતા ધોરણ-૯ તથા ૧૦ના અથવા ધોરણ-૧૧, ૧૨માં સાયન્સ લીધેલ છાત્રો અને તેમના વાલીઓ તેમજ રસ ધરાવનાર સર્વે માટે વર્કશોપ. ફેકલ્ટી : જયરાજ પંડ્યા. |
| • રવિવાર, તા. ૨૧-૧૨-૨૦૧૪ બપોરે ૩.૦૦થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | પુરસ્કાર સમિતિ | ધોરણ-૮થી ઉપરના વિદ્યાર્થીઓ માટે પુરસ્કાર વિતરણ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તબીબી સાધનો ભાડેથી આપવાની યોજના

તબીબી ક્ષેત્રે ઉપયોગી થાય તેવા અમુક સાધનો જરૂરિયાતવાળી વ્યક્તિઓ માટે ભાડેથી આપવાની એક યોજના હાલે અમલમાં છે.

છેલ્લા સાત માસ દરમ્યાન અંદાજે ૫૨ (બાવન) વ્યક્તિઓએ ઉપરોક્ત યોજનાનો લાભ લીધેલ છે.

અત્રે જણાવેલ સાધનો પૈકી કેટલાક સાધનોની માંગ સારા પ્રમાણમાં રહે છે. આ કારણે તેવા વધારે સાધનોની આવશ્યક્તા છે.

કોઈપણ પરિવારજનોમાં સારા પ્રસંગની યાદમાં તબીબી ક્ષેત્રના નાના-મોટા સાધનો ભેટ સ્વરૂપે આપીને સેવાકીય કામગીરીમાં પોતાનું અમૂલ્ય પ્રદાન નોંધાવી શકે છે.

***તબીબી ક્ષેત્રે ઉપયોગી નીચે મુજબ વધારાની સાધન-સામગ્રીઓ વસાવવાની આવશ્યક્તા છે.***

| ક્રમ | નામ | હાલે સ્ટોક | માંગણી મુજબ આવશ્યક્તા | તેની અંદાજિત કિંમત (પ્રતિ નંગ – રૂા.) |
|---|---|---|---|---|
| ૧. | ફાઉલર બૅડ | ૩ | ૩ | ૧૦,૦૦૦/- |
| ૨. | વ્હીલ ચેર | ૫ | — | — |
| ૩. | કોમોડ ચેર | ૯ | — | — |
| ૪. | વૉકર | ૭ | ૩ | ૧,૫૦૦/- |
| ૫. | ઍર બૅડ | ૩ | ૨ | ૨,૫૦૦/- |
| ૬. | ઑક્સિજન સિલિન્ડર | ૫ | — | — |
| ૭. | બૅડ રેસ્ટનું સાધન | — | ૨ | ૧,૫૦૦/- |
| ૮. | નેબ્યુલાઈઝર | ૨ | ૧ | ૩,૦૦૦/- |
| ૯. | ટેબલ ટોપ | ૧ | — | — |
| ૧૦. | વોકિંગ સ્ટીક | ૪ | — | — |
| ૧૧. | સેલાઈન સ્ટેન્ડ | ૨ | — | — |
| ૧૨. | બૅડ પાન | ૨ | — | — |

***– માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## નિરાંત

**(અનુસંધાન : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)**

"Silence alone can tell a thing, which is beyond all."

ભેણ પંઢજો હરખ ઘણેમડે ગાલી કરીને ઠલાયાં. બોરો જ ઓછો કોછંધલ બાઈ હકડેદમ બોલકણા થઈ વ્યા. કારણ, માંધાઈજી ચંધા મંજાથી બારા નકરી નિરાંત સેં ઘેરાજી વ્યા વા. એડી નિરાંતમેં તેર પાંકે જોકો મજા અચે ને પાનું કીં વધારેગટાંરે બોલાજી વએ તેંકે અંગ્રેજીમેં Release phenomina ચેંતા. બંધ ફાટી પે ને પાણી છુટા થીંએ એડી જ ગાલ. અનજો જોકો રાજીપો ને ખોસી વે સે બાર અચે ત જ મજા અચે. વરી ગાલીબ કે જ જાધ કરીઆંતો.

"Hearts Pain / Pleasure comes out thro' the tongue, And finds release!!"

*૫૦/૪, રામસદન, માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

## તું અને હું – આ દાસ્તાન સનાતન

**(અનુસંધાન : પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)**

- તારી પ્રસન્નતા માટે, તારાં યોગક્ષેમ માટે મારી જાતને આનંદપૂર્વક સુખડની જેમ હું ઘસતો રહું.

જયુથિકા રોયને કંઠે (અને શુભલક્ષ્મીને કંઠે પણ) સેંકડોવાર સાંભળેલ મીરાંની એ રચનાએ આજે જાણે કે પરદા પાછળના અનેક ગૂઢ રહસ્યોનું દર્શન પળભરમાં જ એક ઝબકારની જેમ કરાવી દીધું છે.

એટલે જ આજે હું તારી પાસેથી કશું જ માગતો નથી. બસ, તારું જ ધાર્યું થાવ, માત્ર ભલે પડછાયો બનીને તારા પગલે પગલે તને - માત્ર તને જ અનુસરતો રહું

*"જિંદગી ઔર કુછ ભી નહિં, તેરી-મેરી કહાની હૈ."*

*(ક્રમશઃ)*

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

કાર્યાલય : ઉપાશ્રય (૧) : **શ્રી ચ. વ. બહુંતેર જિનાલય ટ્રસ્ટ સંચાલિત આચાર્યશ્રી ગુણસાગરસૂરિશ્વરજી જ્ઞાનમંદિર** યાને **શેઠશ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા કચ્છ ગામ લાયજાવાળા**
શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, વિનય માર્કેટ, ૧લે માળે, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

ઉપાશ્રય (૨) : **શ્રી વિસત નવનીત અચલગચ્છ જૈન ભવન,**
સુપર માર્કેટ, ૧લે માળે, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

**મોબાઈલ : (શ્રી ટોકરશીમામા) ૯૮૨૫૦ ૦૮૫૦૦**

**ભારત દીવાકર, રાષ્ટ્રસંત, કચ્છ કેસરી, પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાંકિત**

## સાહિત્યરત્ન રાજસ્થાન દીપક યુવા આચાર્ય પ.પૂ.કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબનો અમદાવાદમાં કાર્યક્રમ

આપણા સંઘના અહોભાગ્યે સંઘ સ્થાપક, સંઘનાં અનંત ઉપકારી, સાહિત્યરત્ન રાજસ્થાન દીપક યુવાઆચાર્ય **પ.પૂ.કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ** સાહેબ પોતાના શિષ્યો - પ્રશિષ્યો સાથે તેમજ **પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.** સાથે અમદાવાદ પધારે છે. તેઓશ્રીનો અમદાવાદનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

★ **બુધવાર, તા. ૨૪-૧૨-૨૦૧૪ : બોપલ સંઘવી શ્રી શાંતિલાલ મુળજી સાવલાનાં ઘરે** – બસંત બહાર મધ્યે પધારશે. સામૈયું સવારના ૭.૩૦ કલાકે બોપલ **સંભવનાથ જૈન દેરાસર** પાસેથી કરવામાં આવશે. સામૈયા બાદ સંઘ નવકારશી.

★ **ગુરૂવાર, તા. ૨૫-૧૨-૨૦૧૪ :** શાહીબાગ પધારશે. સામૈયું સવારના ૭.૩૦ કલાકે **તેરાપંથી ભવન** શાહીબાગથી કરવામાં આવશે. ત્યાંથી **ગીરધરનગર જૈન ઉપાશ્રયે** પધારશે.

★ **શુક્રવાર, તા. ૨૬-૧૨-૨૦૧૪થી રવિવાર, તા. ૨૮-૧૨-૨૦૧૪ :** ૩ દિવસ **સંઘવી શ્રી શાંતિલાલ મુળજી સાવલા** તરફથી યોજવામાં આવેલ ત્રિ-દિવસીય મહોત્સવમાં નિશ્રા આપશે.

**શુક્રવાર, તા. ૨૬-૧૨-૨૦૧૪ :** સામૈયું સવારના ૭.૩૦ કલાકે **પ્રભુદાસ ઠક્કર કોલેજ** પાસેથી કરવામાં આવશે. ચતુર્વિધ સકળ સંઘ સાથે **શ્રી કચ્છી વીસા ઓસવાળ અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ સંચાલિત તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી આરાધના ભવન અર્થાત્ નવનીત વિવિધલક્ષી ભવન** ઉપર પધારશે. માંગલિક બાદ સંઘ નવકારશી. ત્યારબાદ કુંભ સ્થાપના / પાટલા પૂજન / નવગ્રહ પૂજન / દસ દિક્પાલ અષ્ટમંગલ પૂજનમાં નિશ્રા આપશે.

**શનીવાર, તા. ૨૭-૧૨-૨૦૧૪**નાં સવારના નાણ માંડવામાં આવશે. અને નાણ સમક્ષ વ્રતો ઉચ્ચરાવાશે. સવારનાં ૯ થી ૧૨. જે કોઈ ભાગ્યશાળીઓને વ્રતો ઉચ્ચારવા હોય તેઓ આચાર્ય ભગવંત પાસેથી નાણ સમક્ષ વ્રતો ઉચ્ચારી શકશે. બપોરના ૧ થી ૪ અહિંસા મહાસંમેલનમાં નિશ્રા આપશે.

**રવિવાર, તા. ૨૮-૧૨-૨૦૧૪ :** બપોરના ૧૨.૩૯ કલાકે **સંઘવી શ્રી શાંતિલાલ મુળજી સાવલા** તરફથી યોજવામાં આવેલ **લઘુ શાંતિ સ્નાત્ર મહોત્સવ**માં નિશ્રા આપશે. સાંજે ચોવિહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
સાંજના અનુકૂળતા મુજબ પાલી પ્રતિષ્ઠા મહોત્સવમાં નિશ્રા આપવા પાલી તરફ વિહાર કરશે.

પૂજનમાં વિધિકાર **કેવલ સાવલા** પધારશે.

**ઉપરોક્ત દરેક કાર્યક્રમમાં હાજર રહી, સંઘ અને શાસનની શોભા વધારવા, સકળ સંઘને ભાવભર્યું આમંત્રણ છે.**

**લી.**

**સંઘવીશ્રી શાંતિલાલ મુળજી સાવલા**
ત્રિ-દિવસીય મહોત્સવનાં આયોજક

**લક્ષ્મીચંદ શામજી છેડા**
પ્રમુખ, શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

વિચાર વિમર્શ

# નિરાંત

● ડૉ. ગિરીશ વીછીવોરા ●

નિરાંત અતરે નિરાંત! જંપી વઞણું. સોખશાંતીમેં રોણું. ધોડાધોડ છડી આરામ કેણું. નિરાંત કાયાજી વે, મનજી પણ થીએ. મનજી નિરાંત ફોટરી. મનજી નિરાંતમેં પાંજો વિચારેંજો રેલો ચાલુ જ વે, પણ અનજી ધોડ ઓછી થઈ વઞે. કડેંક સાવ ભંધ થઈ વઞે. એડો થ્યો સે સૌથી સારો. જોકો પાણી પાપણેં મથાથી ધોમરકા ડીંધો, ઓછડધોં, કતાક તડતા પોંધો, ઠેંકધો - વોંધો વે સે સાવ શાંત થઈ વઞે ને જરા પણ હાલવે ચાલવે વગર ચોપચાપ વોંધો રે. ઈ થઈ નિરાંત. કારાણી ઈનીજી 'વોંધલ પાણી' કવિતા મેં ઈજ ગાલ ચ્યોં અયોં.

કારણ કીં પણ વે, કારણ વગર અપસોખ, હડાંહોડાં જાવા ને જોતું મારણું, ધોડધોડ કેણી, મનમેં ઓચડપીડા થીણી, કડેંક અતરી વધી વઞે કાયા મથે અસર કરે. ઘાઘલા ભનેલા એડા ઓચડપીડાવારા માડુ જેંકે પેલાંથી જરાક કોસરાઈ વે સે વધી વઞે ને હાર્ટએટેક અચેં. મરી પણ સગે. ટીંભોંટલ તરાઈ ભરઈ વે, પાણી સાવ સોતો વે, અનમેં હકડી નંઢી કકરી ફગાઈયું ત કોરો થીએ? કેડીયું લેરું ઉઠે? કકરી જે ભધલે વડી ધરજો ઘા ક્યું ત? પાણીમેં વડિયું ધોમરિયું ઓઠિયેં. તેડો જ વા જો વાંચડિયો થીએ ક જરાક ટાંટો પેટાયું જે મંજાથી વડી લાય ભને ને સીમ સેડેકે પેટાઈ વજે.

નિરાંતમેં રોણું, નિરાંતે જીયણું, નિરાંતે માની ખેણી ને નિરાંતે નંધર કેણી મડે અચ્છે. એડી અચ્છા વે છતાં પાં મજાથી કતરા મડે દોખી થીંએતા? કારણ હેડો જ કે પાંકે લોભ લગો આય. નોકરી કઇંધે ધ્યાન ઈ રખોં કે ભલા કતે વધુ પગાર મલે એડી જગ્યા દેસજેતી? ધંધો વેપાર કઇંધે ગમે અતરો નફો થીએ, સોધરી ન વરે, લાલચ લગી જ પઈ વે ક કિં ધંધો વધારીયું, એડો વ તત નિરાંત થયો જ ભજે. અગીયા વધણું ખપે. મડે જોગાઇંધલ વે તેસુંતાંઈ ભરાભર. હથ છડેં ત અભરો. માડુ જડે પંઢકે પંઢભેરો જ સરખાય, બેં સાથે સરખાયજો ભોલે તડેં જ સોખી થીએ. લંકામેં સોન ગણેં પ્યો વે, પાંજે કેડે કમજો. કેંજ્યું મેડિયું દસીને પાંજા ભોંગા ઓછા જ પ્રોઈ વજાજે. એડા વિચાર કઇંધલ માડું દુઃખી ન થીએ ત કેર થીએ? સોખશાંતિ સે નિરાંત સે રોણું વે ત જેણા ખપે. જેણા કે જલણી ખપે. જેણા પ્રાકૃત સબધ જયણા. જયણા અતરે વિવેક, સમતા, શાણપણ. જેં ડીં આમેં લોભજી લાર મોં મંજાથી કરેલા લગે તેડા ઈ મડે સારા આચાર પર્યા ભજેં.

રોજબરોજ જી જિંધગીમેં કડેંક વાંચડિયો અચે. કડેંક ધરા પણ ધોબે. અસર ત થીયે જ. પાં મડે મટીજે પગવારા માડું જ અઈયું. અતરે જરાકીં આડોઅવરો થ્યો ક તેરંઈ અનજી અસર થીએ. માડુજે મનમેં ઓચડપીડા જાગે. હડાંહોડાં જોંતું મારેલા લગે. દોખી થીએ. જરાક થધો થઈ વિચારે ક ભઈ હી તકલીફ આવઈ અય ત પાંકે ભોગવેજી જ આય. અનકે હાયવોય કરીને ભોગવીયું ક જરાક થધાસ રખી સહન કરીયું તેમેં ધોડે ગધેડેજો ફેર પેતો. ડાઓ માડુ ત વિચારે કે પાંકે હી ભોગવે વગર છોટકો નાંય. 'ગડેં પઈને બડધેં ભારી.' અનમંજાથી એડી કોક વાટ કઢે જેંથી કરીને ડોખ જરાક ઓછો લગે. ઈં જરાપ ડાપ વાપરીને કમ કરયું ત ઘણે પીડા ઓછી થીએ. હકડી ગાલ પાંકે સમજી ગનણી ખપે ક હન સંસારમેં રોગો સોખ નાંય, ત રોગો ડોખ પણ નાંય. સોખ ને ડોખ સીક્કેજા બ પાસા અંઈ. સુખકે છલકે વગર માણણં, ને ડોખમેં સમતા રખણી. એડો પાંજો વેપાર વે ત નિરાંત કડે પરયા ન ભજે. નિરાંત કે પાં ભેરી રખણી ક પાં નું પરયા ભજાયણી ઈ પાંજે જ હથમેં આય.

અલ્લાવચ ઓલાડી પે તીં કડેંક માંધાઈ સગાઈ ક બઈ કોક તકલીફ ઓચિંધી ઘરમેં અચી પે. હી સંસાર આય. સંસારજી ઘટમાડ ચાલુ જ રે. અનમેં સારી ને નરસી ગાલ ભને જ વઠી. પાંકે જોકો નરસી લગેતી ઉ જ બેંકે ફોટરી પણ લગંધી હુંધી. અતરે જતરી જેણા જલીયું, જતરો મગજ સાંત રખોં ઈતરી એચેલ તકલીફજી અસર ઓછી લગે. ગમે તેતરા પાં ડા વોં છતાં સોખ ને ડોખ જી જરાક અસર ત પાં મથે પે જ. મનજી અસર સાક્ષી ભનીને નેરેજી મજા પણ બોરી વે.

મુંજા હકડા વડીલ ધોસ્તાર. બોય માડુ ભણેલા ગણેલા. નામી વિધવાન. પાંચાડે મેં પધરા. વડી ઓંમર. અત રે માંધાઈ સગાઈ ત હલે જ વઠી. ધવાધારું ગને મેં ચોકસાઈ રખેં. અનીજે ઘરે વઞેજી મજા અચે. જોધા જોધા વિષય મથે ચર્ચા થીયે ને મુંકે ગચ જાણેલા મલે.

અનીજે ઘરેં મેમાણ ઓચીંધા આયા. મેમાણેલા નાસતો બારાથી મંગાયાં. મણી ખાધો. મુંજે ધોસ્તાર કે જાડા ઓલટી થઈ વ્યા. ત્રે ડીં હલ્યા. બીં માડુએ કે ઈ જ ચંધા કે કીં વધુ ગટુ થેઓ ને અસ્પતાલમેં વઞેજો થેઓ ત કોરો થીંધો. બોરા ઓચાટમેં વા. ઈ મડે અનીજે મોં તેં ડસાણું તે. ધલધારી દીંધો વો. ત્રે ડીં બપોરે વ્યો તન ટાણે ભા જી તબિયત જોઠ થઈ વઈ વી. બોય માડુ નિરાંત કરી વઠા વા. મુંકે દસી બોરાજ રાજી થેઆ. ઈ રાજીપો કીં બાર આયો સે પણ સોણે જેડી ગાલ આય. ભા તાં જબરા વિધવાન અતરે મોં મથે સંતોસજી ઓગરાઈ રખી, જરાક ખલંધો મોં રખી ચોપ વઠા રયા. અનીજી માઠ મેં મડે જ જોકો ચેજો વો સે અચી વેઓતે. ઈ ડસી મુંકે ગાલીભ યાદ આયા.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩ ઉપર)**

*જ્યારે તમને નિષ્ફળતા મળશે ત્યારે તમને ખબર પડશે કે તમારા મિત્રો કોણ છે?*

# પ્રકૃતિ તરફ પાછા વળવાનું શક્ય છે?

• યાસીન દલાલ •

માર્શલ મેકલુહાને છેક ૧૯૪૫-૫૦ના અરસામાં વૈશ્વિક ગામડા (ગ્લોબલ વિલેજ) ની કલ્પના કરી હતી. એણે આગાહી કરી હતી કે સંદેશા વ્યવહાર અને વાહન વ્યવહારના આધુનિક સાધનોની મદદથી આખી પૃથ્વી એક નાનકડા ગામ જેવી બની જશે. મેકલુહાનની આ કલ્પનાના પચાસ વર્ષમાં જ દુનિયા તદ્દન નાની બની ગઈ છે. લોકો અમદાવાદથી સુરત કે મુંબઈ જાય, એ રીતે મુંબઈ, દિલ્હીથી સિંગાપુર, હોંગકોંગ, ફ્રેંકફર્ટ કે લંડન જઈને બે-ચાર દિવસમાં પાછા આવી જાય છે. હમણાં અમદાવાદમાં એક સુપરસોનિક વિમાન ઉતર્યું હતું. જેની ઝડપ અવાજથી પણ વધુ હોવાથી એ વિમાન મુંબઈથી લંડનનો રસ્તો માત્ર ચાર કલાકમાં જ કાપી નાખે છે! અને અહીં બેઠા બેઠા જ જો તમારે કામ પતાવવું હોય તો ટેલીફોન પર વિશ્વના કોઈ પણ ખૂણે વાત કરી શકો છો. અને કોઈ અગત્યના કાગળો કે દસ્તાવેજ મોકલવા હોય તો પણ મોકલી શકો છો.

આમ, દુનિયા સાંકડી બનતી ગઈ એટલે માણસનું ધ્યાન હવે બીજા ગ્રહો પર જવા માંડ્યું છે. ચંદ્ર પર તો સફળ ચડાઈ થઈ અને રજત જયંતી પણ ઉજવાઈ ગઈ. હવે મંગળની શોધખોળ ચાલે છે. હમણાં 'ગેલેલિયો' નામનો ઉપગ્રહ ગુરુના શોધખોળ માટે રવાના થયો છે. થોડા વર્ષ પછી મંગળ કે ગુરુ ઉપર મનુષ્ય વસતિ મળી આવે અને પૃથ્વી તથા ગુરુની વચ્ચે સાંસ્કૃતિક આદાન પ્રદાનના કરાર થઈ જાય તો પણ નવાઈ નહીં.

પૃથ્વી પર માણસનો જન્મ થયો ત્યારે ઉપર આભ હતું અને નીચે ધરતી હતી. માણસની સ્થિતિ અને પશુપંખીની સ્થિતિમાં કોઈ ફેર નહોતો. એ પણ નગ્ન અવસ્થામાં ભટકતો હતો અને જંગલમાં શિકાર કરીને પેટ ભરી લેતો. મનુષ્યની આ પ્રકૃતિગત અવસ્થા હતી. પ્રકૃતિમાં કપડાં નથી, ચલણ નથી, લગ્ન નથી, છૂટાછડા નથી અને ધર્મ, પાપ, પુણ્ય પણ નથી.

પણ, માણસે એને ભેટમાં મળેલા મગજનો ઉપયોગ કર્યો. એ બોલતો થયો. બોલચાલની એક ભાષા શોધી કાઢી. શરૂઆતમાં તો એ થોડા સીધાસાદા અને જરૂરી શબ્દોથી કામ ચલાવતો હશે. પછી, ભાષાનું એક નિશ્ચિત રૂપ ઘડાયું અને વ્યાકરણ પણ બન્યું. બોલચાલની ભાષામાંથી લેખિત ભાષા તરફ જતાં એને ૩૦ હજાર વર્ષ લાગ્યાં. પણ લેખિત ભાષાની શોધ થઈ ત્યારથી જ માણસ સાચા અર્થમાં પ્રકૃતિમાંથી સંસ્કૃતિ તરફ વળ્યો. એણે એક સભ્યતા વિકસાવી. લેખિત ભાષામાંથી માહિતી અને જ્ઞાનના અનેક ક્ષેત્રોના દ્વાર ખૂલી ગયાં અને લેખિત ભાષામાંથી જ ધર્મ આવ્યો. નીતિનિયમો આવ્યા, પાપ અને પુણ્યના ખ્યાલો આવ્યા. જાતિયતાની બાબતમાં પણ અરાજકતા જેવી સ્થિતિ હતી એને બદલે લગ્નની પ્રથા આવી. ખેતી વિકસી, માણસ અંગોને ઢાંકતો થયો અને ધીમે ધીમે વિનિમય પ્રથા શરૂ થઈ, જે અંતે ચલણમાં પરિણમી. આમ, ધર્મ અને નીતિથી માંડીને બાકીનું બધું જ ભાષાની શોધને આભારી છે. ભાષા ન હોત તો ધર્મનો પ્રચાર કઈ રીતે થાત? ધર્મગ્રંથો કઈ રીતે લખાત? અને, ભાષાને એક ટેકનોલોજી ગણીએ તો ટેકનોલોજીની મદદ વડે ધર્મ આગળ વધ્યો છે. માણસ તો પૃથ્વી પર ૧૦-૨૦ લાખ વર્ષથી જીવતો હતો પણ એની સંસ્કૃતિ અને સભ્યતાની ઉંમર તો માંડ પાંચ હજાર વર્ષોમાં તો માણસે નીતિનિયમો, રીતરિવાજો, ક્રિયાકાંડો, બંધારણો, સંહિતાઓ અને કાયદા-કાનૂનોની એક આખી સૃષ્ટિ રચી કાઢી. એમાં ઉપરથી સમયનું બંધન લાદી દીધું. પરિણામે, કૃત્રિમ ઘટનાઓનું વર્ચસ્વ જામી ગયું. કોઈ મિત્રને મળવાનો અંદરથી ઉમળકો થઈ આવે અને ત્યાં પહોંચી જાઉં એ પ્રાકૃતિક ઘટના છે. પણ એને ટેલિફોન કરીને, એનો સમય મેળવીને જાઉં ત્યાં સુધીમાં તો પેલો ઉમળકો થમી પણ ગયો હોય! પણ આખી દુનિયા જ કૃત્રિમ ઘટનાઓ પર ચાલતી હોય ત્યાં પ્રાકૃતિક કે સહજ ઊર્મિ અને આવેગોનું શું મહત્ત્વ? ફિલ્મોમાં તો આવી ઉર્મિઓનો અભિનય થાય છે, પણ આ અર્થમાં જોઈએ તો ફિલ્મી જીવન અને વાસ્તવિક જીવન વચ્ચે ક્યાં મોટું અંતર છે? રાષ્ટ્રપતિ ઍવોર્ડનો સમારંભ થાય એ પહેલાં એ ઍવોર્ડ લેનારે કઈ રીતે વર્તવું, કઈ દિશામાં મોઢું રાખવું, કેમ હસવું, કેટલું હસવું, એ બધાનું રિહર્સલ કરાવવામાં આવે છે.

કેટલાક લોકો વાતવાતમાં પ્રકૃતિ તરફ પાછા વળવાનું કહે છે, પણ માણસ સંસ્કૃતિની યાત્રામાં એટલો આગળ નીકળી ગયો છે કે હવે પ્રકૃતિ તરફ પાછા વળવાનું શક્ય જ નથી. એનું સમગ્ર જીવન જ યાંત્રિક બની ગયું છે. એ પ્રકૃતિમય બનવા જાય તો તો મહા ઉલ્કાપાત જ સર્જાય. માણસે વર્ષોની મથામણ પછી એક વ્યવસ્થા, એક સિસ્ટમ રચી છે. પણ એ સિસ્ટમના કેન્દ્રમાં રહેતો માણસ વારંવાર પશુ બની જાય છે અને ત્યારેજ ખરો સંઘર્ષ સર્જાય છે. વ્યવસ્થા ટકાવવી હોય તો એના નિયમો પાળવા જ પડે. પણ માણસ સગવડિયો બનીને સ્વાર્થ હોય ત્યાં સુધી વ્યવસ્થા ટકાવે છે અને સ્વાર્થ હોય ત્યારે એને પોતે જ તોડી નાખે છે.

વોલ્ટર લીપમેને બહુ સરસ વાત કરી છે. પૃથ્વી અને વિશ્વ તો જે છે તે જ છે, જેવા છે તેવા જ છે. પણ માણસની પોતાની

*સૌથી મોટું નુકસાન શું છે? — અવસર ચૂકી જવો તે.*

પૃથ્વી અને પોતાનું વિશ્વ જુદા જ હોય છે. દરેક માણસ કોઈ પણ ઘટના અંગે પ્રતિક્રિયા આપે છે, ત્યારે એ વાસ્તવમાં તટસ્થ કે નિરપેક્ષ નહી, પણ સાપેક્ષ પ્રતિક્રિયા હોય છે. એ પ્રતિક્રિયા સાંકેતિક હોય છે. દરેક માણસ પોતાની કલ્પનાની, પોતાની ઇચ્છાની અને પોતાના મનોવલણની એક નાનકડી દુનિયા ઘડી કાઢે છે અને એમાં જ રચ્યોપચ્યો રહે છે. એક સાધુ મહારાજ ભારતથી લંડન ગયા. ત્યાં એમના દેશી ભક્તોએ ત્યાં એમણે ઊભા કરેલાં મંદિરો અને ધર્મસ્થળો બતાવ્યાં. પાછા આવ્યા પછી એ મહારાજે કહ્યું, "પશ્ચિમમાં પણ લોકો ધર્મ અને અધ્યાત્મ ભણી પાછા વળી રહ્યા છે. હું જ્યાં ગયો ત્યા બધે લોકોમાં ભક્તિભાવ જોવા મળ્યો."

એ જ અરસામાં એક બીજા સજ્જન લંડન ગયા. આખું લંડન ફર્યા. ભારતીઓએ બનાવેલા બે-પાંચ મંદિરો પણ જોયાં. પણ ત્યાંની મૂળ વસતી એટલે કે અંગ્રેજ પ્રજાના ચર્ચ તો એક પછી એક બંધ પડી રહ્યા હતા! એમણે પાકી માહિતી મેળવી તો ખ્યાલ આવ્યો કે બહુ ઓછા ટકા લોકો હવે ચર્ચમાં નિયમિત પ્રાર્થના માટે જાય છે. આમ વિધિ, ધર્મને લોકો ભૂલવા માંડ્યા છે, પણ છતાં નીતિમત્તાના ધોરણો અત્યંત ઊંચા છે. કેમકે લોકોને હવે પ્રામાણિક બનવા માટે પાપ-પુણ્ય કે ધર્મ-અધર્મની ફિલસુફી સમજાવવી પડતી નથી.

માણસ સામે પડેલી વસ્તુને જુએ છે પણ એને એની પોતાની આગવી દૃષ્ટિથી જુએ છે અને એમાંથી જે ગ્રહણ કરવું હોય તે જ ગ્રહણ કરે છે, બાકીનું સિફતથી ભૂલી જાય છે. અમેરિકા અને જર્મની જઈને આવતા સંખ્યાબંધ લોકો અહી આવીને તો પાછા પોતાની સાંકડી દુનિયામાં જ સમાઈ જાય છે. મનુષ્ય સ્વભાવે જ સાપેક્ષ પ્રકૃતિ ધરાવે છે.

પ્રકૃતિ કશું કરતી નથી. આકાશ જેવું તો કશું જ નહી. એ તો એક ભ્રમણા છે. પૃથ્વી, સૂર્ય, ચંદ્ર એ બધા તો બ્રહ્માંડના વિરાટ અકસ્માતો માત્ર છે. અવારનવાર આકાશમાં તારા ખરતા દેખાય છે. પૃથ્વી પણ કોઈ પળે અચાનક જ અકસ્માતે ભાંગીને ભુક્કો થઈ જાય. આટલા વિશાળ બ્રહ્માંડમાં પૃથ્વી રહે છે કે વિનાશ પામે એની શી વિસાત? બ્રહ્માંડમાં કોઈ આયોજન નથી. છતાં, માણસ પોતે રચેલી આભાસી સંસ્કૃતિ અને સભ્યતાનો આશરો લઈને જાત જાતની થિયરી અને વિચારધારાઓ ઉપજાવતો રહે છે. દરેક ધર્મ પૃથ્વી ઉત્પત્તિ વિશે અલગ અલગ માન્યતા રજૂ કરે છે. આ એક જ તથ્ય એ બતાવવા માટે પૂરતું છે કે આ બધી કલ્પનાની નીપજ છે.

આ બધી વિચારધારાઓ વાસ્તવમાં મનોવૈજ્ઞાનિક છે. માણસ પોતે જેવો હોય અને જે સંજોગોમાં જીવતો હોય એ પ્રકારની દુનિયા અને એ પ્રકારનો સમાજ એ ઘડી કાઢે છે. વિશ્વમાં કરોડો માણસો ભૂખમરા કે ગરીબીને લીધે અત્યંત યાતનામય રીતે જીવે છે. એને યોગ્ય ઠેરવવા માટે માણસે શોધી કાઢ્યું કે આ તો એના પૂર્વજન્મના પાપનું ફળ ભોગવે છે! શું યુરોપના અને જાપાનના બધા લોકોએ પૂર્વજન્મમાં પુણ્ય જ કર્યા હશે? જગત તો એક મોટું જંગલ છે. માણસે પુરુષાર્થથી બધી ભૌતિક પ્રગતિ કરી છે. એમાં એને વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદ મળી છે.

પણ ભૌતિક પ્રગતિ કે આંજી દેનારી સમૃદ્ધિ પછી પણ મનુષ્યનું આંતરજગત ન બદલે તો? માણસ તો હજી એ જ ઈર્ષાળું, દ્વેષી, ખટપટી, યુદ્ધખોર અને સત્તાલાલચું છે પણ એ સુધરેલો છે, સભ્ય બન્યો છે, એટલે એની આ બધી વૃત્તિઓ સીધી રીતે નહીં પણ આડકતરી રીતે બહાર આવે છે. ધંધામાં પણ હરીફને પાડી દેવા માટે બધા પ્રકારના માર્ગો અપનાવતો જ રહે છે.

પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચેનો આ દ્વંદ્વ કદી સમાપ્ત થશે ખરો? માનવજાતમાં વાસ્તવમાં મોટું પાયાનું પરિવર્તન થાય એમ માની લેવાનું કારણ સહેલાઈથી મળતું નથી. મેકલુહાન અને બીજાઓ ભલે માણસના ભાવિનું અતિ ગુલાબી ચિત્ર રજૂ કરે, પણ માણસની પશુવૃત્તિ કોઈને કોઈ સ્વરૂપે ડોકિયું કરી જ જાય છે. માધ્યમોનો વિસ્ફોટ થયો, પણ એથી માણસ અતિશય સુખી બની જશે એમ માનવું ભૂલ કરેલું છે. એ તો ઉપગ્રહની મદદથી જાસૂસી કરશે, અને કોમ્પ્યુટરની મદદથી કુંડળી કાઢશે. ટેલિફોનની મદદથી અને ફેક્સ વડે એ ગણપતિ દૂધ પીએ છે એવી અફવા ફેલાવશે. માણસમાં કોઈ સ્વાઈત્ઝર કે કોઈ ગોર્બાચોવ પેદા થાય છે, તેમજ સદ્દામ હુસેન પણ જન્મતા જ રહે છે. માણસે વ્યવસ્થા જ એવી રચી છે કે એક માણસ કરોડો માણસોના જીવન સાથે રમત કરી શકે. માણસનું અંદરનું સત્વ અને તત્ત્વ ન બદલે ત્યાં સુધી બહારની સાજસજાવટ તો 'કોસ્મેટિક' જ બની રહેવાની છે.

ધર્મગ્રંથો ગમે તે કહે, વિજ્ઞાન તો છાતી ઠોકીને કહે છે કે માણસ ૧૦-૨૦ લાખ વર્ષથી પૃથ્વી પર જીવે છે. પણ આ લાખો વર્ષમાંથી આજના સભ્ય મનુષ્યનું જીવન તો માંડ પાંચ હજાર વર્ષથી જ શરૂ થયું છે. પણ આ પાંચ હજાર વર્ષમાં એણે એકબાજુ સુપરસોનિક વિમાનો, ટેલિફોન બનાવ્યાં છે. તબીબી વિજ્ઞાનની અવનવી શોધો વડે એનું આયુષ્ય વધાર્યું છે, તો બીજી બાજુ અણુબોમ્બ અને રાસાયણિક શસ્ત્રો પણ બનાવ્યા છે. આમ, ઉપરથી શાંતિ અને ભાઈચારાના આવરણની નીચે જંગાલિયત વિકસી રહી છે. આમ, પ્રકૃતિ અને સ્વેચ્છાને આત્મનાશ વહોરી લેશે એની આગાહી કોઈ જ્યોતિષી પણ કરી શકે તેમ નથી. બધો આધાર માણસની આંતરિક ગુણવત્તા કેટલી સુધરે છે એના પર છે.

આખી દુનિયા જ કૃત્રિમ ઘટનાઓ પર ચાલતી હોય ત્યાં પ્રાકૃતિક કે સહજ ઊર્મિ અને આવેગોનું શું મહત્ત્વ?

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

*લોકોના અભિપ્રાયથી જમી શકાય, પણ જીવી ન શકાય.*

સમાજની ક્ષિતિજો

# તું અને હું – આ દાસ્તાન સનાતન : (૮)

• માવજી કે. સાવલા •

આજે તારી આ ચિર વિદાયને સાડા બાર મહિનાથી પણ વધુ સમય થઈ ચૂક્યો છે. તારી - મારી આ સનાતન દાસ્તાન આજે (તા. ૪-૧૧-૨૦૧૪) આઠમા વળાંકે ઊભો રહીને જોઈ રહ્યો છું. મારી સામે જ તારી છબી છે. આજે સવારમાં જ બે ધૂપસળીની ધૂમ્ર લહરોથી ઘેરાઈને જાણે કે હજી પણ ઊભો જ છું એવું અનુભવી રહ્યો છું. ગઈકાલે રાત્રે સૂતાં પહેલાં તારી છબી સામે આંખ માંડીને કહેવાનું મને મન થઈ ગયેલ - 'ભલે સ્વપ્નમાં પણ ફરી એકવાર મને દર્શન આપ - ભલે મારાથી થોડાક અંતરે ઊભા રહીને - ખાત્રી રાખજે હું કશું જ નહીં માગું!'

અઠવાડિયાક પહેલાં જ ફરી એકવાર તારી વિભૂતિ ડબ્બીમાં એકત્ર કરેલ ધૂપસળીની ભસ્મનું મેં સ્નાન કર્યું. ઓહો! શું શાતાદાયક એ સ્નાન! મારે મન તો એ જ ગંગાસ્નાન. તારું નામસ્મરણ કરતાં કરતાં બસ, આ મન ગંગામાં ડૂબકીઓ લગાવતો રહું, અને તેં આપેલ આ બીજી દીક્ષાથી પ્રકાશિત માર્ગ પર ઝડપથી આગળ ચાલતાં ચાલતાં તારી સન્મુખ ઊભો રહું.

તારી-મારી, આ 'એક લંબી જુદાઈ'ની ગૂઢ દાસ્તાન શાના આધારે ચાલી રહી છે?

ખલીલ જિબ્રાનનું જીવનચરિત્ર લખનાર બાર્બરા જુંગને એકવાર જિબ્રાને પૂછ્યું - 'માત્ર સાત જ શબ્દો તારે સદાને માટે દિલમાં ધરી રાખવાના હોય તો એ ક્યા શબ્દો તારે હોઠે આ પળે જ આવે?

બાર્બરાએ કહ્યું - 'પ્રેમ, સૌંદર્ય, ધરતી, જીવન, પરમાત્મા, અને.... અને.....' બાર્બરા આ પાંચમા શબ્દ આગળ જ અટકી ગઈ. એનાથી આગળ એને કશું સૂઝ્યું જ નહિં. બાકી રહી ગયેલ બે શબ્દોની પૂર્તિ કરતાં જિબ્રાને કહ્યું : "તું અને હું"

તારી મારી આ દાસ્તાન એટલે જ એક સનાતન દાસ્તાન છે.

શાસ્ત્રકારોએ, પંડિતોએ, કવિઓએ ભલે પત્નીને અર્ધાંગિની કહી છે, પરંતુ તારા સંગે, તારા સહારે આજે હવે મને અરીસા જેવું સ્પષ્ટ સમજાઈ ગયું છે કે એક સ્ત્રી - એક પત્ની કદી પણ અર્ધાંગિની હોઈ શકે જ નહિં. આજે સવારમાં જ તારી છબી સામે હું ઊભો હતો ત્યારે જ તારા ફક્ત દર્શનથી જ આ પરમ નિર્મળ સત્યનું મને દર્શન થયું. આ નિર્ભય સત્યને કોઈ પુરાવાની જરૂર નથી, કારણકે આ ધરતી પર એવો એક પણ પુરુષ નથી જન્મ્યો કે જે સ્ત્રીની કૂખે ન જન્મ્યો હોય. આમ છતાં આપણા ઉપનિષદોમાં મને અતિપ્રિય એવા 'ઈશાવાસ્ય ઉપનિષદ'ના પ્રાસ્તાવિક મંત્ર (પૂર્ણમ ઈદમ્...) ના થોડાક શબ્દો અહીં યાદ કરું છું - 'પૂર્ણ એવા પરમ ચૈતન્ય તત્ત્વમાંથી આ વિશ્વ જન્મ્યું હોવા છતાં એ પરમપૂર્ણ ચૈતન્ય તત્ત્વ તો પૂર્ણ જ રહે છે.' જો સાદી ગણિતની ભાષામાં કહેવું હોય તો હું એમ કહું કે - 'પૂર્ણમાંથી પૂર્ણની બાદબાકી કરો તો પણ શેષ' - બાકી પૂર્ણ જ રહે છે.

એટલે જ, સ્ત્રી જ્યારે એક બાળકને જન્મ આપે છે એ પછી પણ એ પોતામાંનું કશું જ ગુમાવતી નથી - ઉલટાનું પોતે એક નૂતન પૂર્ણતા - જીવનની સાર્થકતા અને સભરતા પ્રાપ્ત કરે છે. અરે! આ વળી કેવું આશ્ચર્ય! આ લખતાં વાંચતાં એક મારા પ્રિયગીતની સ્વરલહરીયો ક્યાંથી આવી પડી? મારા મનમાં અઠવાડિયાથી જે કંઈ ઊભરાઈ રહ્યું છે એની જ જાણે કે વાત. મીરાંની એ રચનામાંની અહીં થોડીક જ પંક્તિઓ નોંધું છું :

*"મને ચાકર રાખોજી!*
*ગિરધારી લાલા! ચાકર રાખોજી.*
*ચાકર રહસૂં, બાગ લગાસૂં, નિત ઉઠ દરસન પાસૂં*
*વૃંદાવનકી કુંજ ગલિનમેં, ગોવિન્દ લીલા ગાસૂં...*
*જોગી આયા જોગ કરનકું, તપ કરને સંન્યાસી,*
*હરિ-ભજનકૂં સાધુ આયે, વૃંદાવન કે વાસી....."*

આ ગીત તો તેં પણ મારી સાથે આખેઆખું અનેકવાર સાંભળ્યું હશે. આ ગીતના નૂતને શ્રવણે આજે મને તારી-મારી આ દાસ્તાનમાં એક નવી જ દિશા અને દૃષ્ટિ આપી છે. આવતા જન્મે તું મને ફરી પત્ની તરીકે મળો એવી કોઈ જ તૃષ્ણા - ઈચ્છા - વાસના કે આસક્તિથી આજે હું મુક્ત થયો છું. હવે પછીના જન્મોમાં કોઈ પણ સંબંધે તારો સંગાથ ફક્ત એટલા માટે જ ઈચ્છું કે જે કંઈ અલૌકિક પાઠ કોઈ શબ્દોના બંધન વગર હવે હું તારી પાસેથી શીખું એ માત્ર તારા દર્શન - સાનિધ્ય માત્રથી. પાંસઠ વર્ષના તારા સાનિધ્યમાં તારી પાસેથી હું જે શીખ્યો - શીખતો રહ્યો એ હવે જાણે કે ઉપદેશકો માટેનું દિશાસૂચક મૂલ્યવાન સૂત્ર - 'અમારું જીવન એ જ અમારી વાણી'.

એટલે જ કદાચ આવતા જન્મે તું કોઈ સંપન્ન પરિવારની ગૃહિણી તરીકે હોય અને હું તારા ઘરનોકર તરીકે સ્થાન પામું એને હું મારું અહોભાગ્ય સમજું. ઘરનોકર તરીકે તારાં નિત-નિત દર્શન પામું. એ તો ઠીક પણ તારા માત્ર સાનિધ્યથી જીવનને જ્ઞાનપ્રકાશની દિશા તારા થકી મળતી રહે એટલી જ મારી તૃષ્ણા. તેં જેમ પાંસઠ વર્ષના આપણા દાંપત્યમાં સદા મારી સુખાકારી, મારી પ્રસન્નતા માટે જીવન ઘસી નાખ્યું તેમ આવતા જન્મે મારાં શેઠાણી તરીકે તારો ચાકર બનીને સદા તારા સુખ માટે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩ ઉપર)**

*વૃત્તિ ચોખ્ખી હોય તો જ બીજાનાં દુઃખ દૂર કરી શકાય.*

## નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા (પ્રકરણ-૧૦)

# લગ્ન : ભાવનાત્મક જીવનની ગાંઠ

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

પશ્ચિમમાં જ્યાં કોઈ સમાજ કે ખાસ કોઈ પ્રકારની જન્મજાત જ્ઞાતિ નથી ત્યાં વર-કન્યા આપમેળે લગ્ન કરી લે તે ખોટું ન કહેવાય. કારણકે તેથી માતા-પિતા, પરિવારને અનેક સામાજિક - આર્થિક જવાબદારીઓમાંથી મુક્તિ મળી જાય છે. પણ આવા સ્વમેળે ગોઠવાયેલા સંબંધો કદાચ લાંબો સમય ન ટકે તોપણ માતા-પિતા કે પરિવારને બહુ સહન કરવું પડતું નથી. છૂટી ગયેલાં નર-નારીઓ સરળતાથી નવાં લગ્નો કરી શકે છે અને કશા કલંક વિના જીવન જીવી શકે છે. પણ ભારતમાં તો અસંખ્ય સમાજો, પેટાસમાજો અને તેના પણ પેટાભાગો છે. સૌનું પોતપોતાનું અલગ અલગ વ્યક્તિત્વ છે, એટલે પશ્ચિમની માફક અહીં પણ સૌ કોઈ મનફાવે ત્યાં પરણે તેવી શક્યતા ઓછી છે. જોકે આંતરજ્ઞાતિય લગ્નો માટે ઝુંબેશ ચલાવવામાં આવી છે. તો પણ હજી તે બહુ સફળ થઈ નથી. ધર્મ અને સમાજની વ્યવસ્થાનું માત્ર કાયદાઓથી પરિવર્તન કરી શકાય નહિ, તેના માટે ધીરજપૂર્વકનો લાંબો સમય જોઈએ. એટલે કોઈ રાતોરાત બધું આંતરજ્ઞાતિય કરી નાખવા માગે તો તે સફળ થઈ શકે નહિ. મારી સમજણ પ્રમાણે લગ્નજીવનની સફળતા માટે આટલી વસ્તુઓનું સામ્ય હોય તો વધુ સફળતા મળે છે.

(૧) ધાર્મિક સમાનતા, (૨) સામાજિક સમાનતા, (૩) ભાષાકીય સમાનતા, (૪) શારીરિક સમાનતા, (૫) વય સમાનતા, (૬) ધન સમાનતા, (૭) શૈક્ષણિક સમાનતા, (૮) વૈચારિક સમાનતા, (૯) લક્ષ્ય સમાનતા, (૧૦) આહાર સમાનતા.

### • ધાર્મિક સમાનતા :

પતિ-પત્નીના સંબંધોને મીઠા બનાવવા માટે કેટલીક સામ્યતા જરૂરી છે. તેમાં સૌપ્રથમ ધાર્મિક સમાનતા જરૂરી છે. બન્ને એક જ ધર્મને માનતાં હોય તો ઉપાસના, માન્યતાઓ, તીર્થો, વ્રતો અને આહારાદિ બાબતોમાં વિખવાદ ન થાય. જોકે કેટલાંક એવાં પણ દંપતીઓ જોવા મળશે, જ્યાં સમાન ધર્મ ન હોવા છતાં પણ બન્ને પતિ-પત્નીના સંબંધોને સારી રીતે નિભાવે છે. આમાં બે ભાગ છે : હિંદુ પરંપરાના ધર્મો એકબીજાને બહુ અડચણ કરતા નથી. કારણકે હિંદુ ધર્મ અને તેના પેટા સંપ્રદાયો પરસ્પરમાં બહુ ચુસ્ત હોતા નથી. વળી માન્યતાઓમાં પણ બહુ આકાશ-પાતાળનો ભેદ રહેતો નથી. એટલું જ નહિ, હિંદુ સંપ્રદાયોમાં બહુ કટ્ટરતા નથી હોતી. પહેલેથી જ સહિષ્ણુતા અને ઉદારતા રહેતી હોવાથી ખાસ કાંઈ વાંધો નથી આવતો. ઊલટાનું ઘણી વાર તો કન્યાનો જે ધર્મ હોય તે તેના પતિ અને પરિવાર ઉપર થોપી દેતી હોય છે. એટલે ખાસ કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. તોપણ બને ત્યાં સુધી સમાન ધાર્મિક માન્યતાવાળાં પતિ-પત્ની હોય તો વધુ સારું. પણ એવાં વર-કન્યા હોય જેમનો ધર્મ મળતો જ ન આવતો હોય. કટ્ટરતા જ કટ્ટરતા હોય ત્યાં વિખવાદનું નિમિત્ત હંમેશાં હાજર રહેવાનું. ખાસ કરીને હિંદુ કન્યા અને મુસ્લિમ વર હોય તો કન્યાને પોતાનો સંપૂર્ણ ધર્મ છોડવો પડશે. તેમની વિધિ જ એવી છે કે ઇસ્લામ સ્વીકાર્યા પછી જ નિકાહની વિધિ થઈ શકે. લગ્નમંડપમાં કન્યાનું નામ, વસ્ત્રો વગેરે બધું જ બદલાઈ જાય. તે ઇસ્લામનો સ્વીકાર કરે પછી જ નિકાહની વિધિ થઈ શકે. આમાં લગ્નઘેલી સ્ત્રીએ જ ઈચ્છાએ કે અનિચ્છાએ પરિવર્તન સ્વીકારવું પડતું હોય છે; બીજી તરફ કોઈ મુસ્લિમ કન્યા કોઈ હિંદુ વગેરે ધર્મના વરને વરવા માગે તો પણ શરત હોય છે કે છોકરો પહેલાં ઇસ્લામનો સ્વીકાર કરે. આમ વર હોય કે કન્યા હોય, પરસ્પરનાં લગ્ન કરવાં હોય તો ઇસ્લામ તો અનિવાર્ય છે. એટલું જ નહિ, કોઈ મુસલમાન પોતાનો ધર્મ છોડીને કોઈ બીજો ધર્મ સ્વીકારી શકતો નથી. આવું પરિવર્તન કરનાર કે કરાવનાર બન્નેને મૃત્યુદંડ આપી શકાય છે. અફઘાનિસ્તાનમાં આ જ કારણસર બેચાર ખ્રિસ્તી ધર્મપ્રચારકોને તાલીબાનોએ મૃત્યુદંડની સજા સુધી પહોંચાડી દીધા હતા. એ તો સારું થયું કે અમેરિકાએ હસ્તક્ષેપ કર્યો અને બધા બચી ગયા. નહિ તો વગર અપીલે ફાંસીએ લટકાવી દીધા હોત.

ઇસ્લામ પોતે મુસલમાનોને ધર્મપરિવર્તન કરવાની છૂટ નથી આપતો, પણ હમણાં તામિલનાડુમાં ધર્મપરિવર્તન નિષેધનો કાયદો લાવવામાં આવ્યો તો તેનો તેઓ વિરોધ કરે છે. અર્થાત્ અમને ધર્મપરિવર્તન કરાવવા દો. કેમ કે અમારે પૂરા ભારતને, અરે, પૂરા વિશ્વને લીલા રંગે રંગી દેવું છે. પણ તેમ કરતાં રોકનારો કાયદો તમે ન લાવો. આટલેથી જ સમજી શકાય છે કે કેવું એકપક્ષીય વલણ છે. આ તો એવી વાત થઈ કે બે પહેલવાનો કુસ્તી લડતા હોય તેમાં એક પહેલવાન એવી શરત રાખે કે દાવ-પેચ-મારઝૂડ ઉઠકાપટકી વગેરે બધું જ કરવાનો મને અધિકાર હોય પણ સામેના બીજા પહેલવાનને તો ખાલી માર ખાવાનો જ અધિકાર હોય. તે કશું કરી ન શકે. આવી ધાર્મિક મનોવૃત્તિ જ્યાં હોય ત્યાં ધાર્મિક સહિષ્ણુતા કે ઉદારતાની વાત નાદાની માત્ર છે. એટલે વરકન્યાએ આવા કટ્ટરવાદી

*બોલતા તો બધાને આવડે છે પણ વાતચીત કરતા તો કોઈકને જ.*

વલણોવાળા લોકોથી સાવધાન રહેવાની જરૂર છે. કાં તો પોતાના સંપૂર્ણ ધાર્મિક અસ્તિત્વને ખોઈ નાખવાની તૈયારી હોવી જોઈએ અથવા આવા લગ્નોથી દૂર રહેવું જોઈએ. સૌથી ઉત્તમ તો એ છે કે વરકન્યા બન્ને સમાનધર્મી હોય.

- **સામાજિક સમાનતા :**

જેમ ધાર્મિક સામ્યતા લગ્નજીવનને ધાર્મિક અવરોધોથી બચાવી લે છે, તેમ સામાજિક સમાનતા પણ પ્રાપ્ત થાય તો વધારે સારું. આંતરજ્ઞાતિય લગ્નોનો વિરોધ નથી, થયાં હોય કે થતાં હોય તો તેને સ્વીકારી લેવાં જોઈએ. પણ બને ત્યાં સુધી એક જ સમાજનાં વર-કન્યા હોય તો તેને પ્રથમ પસંદગી આપવી જોઈએ. સમાજની સામ્યતા હોવાથી ભવિષ્યમાં થનારી પ્રજાનાં લગ્નો બાબત સરળતા રહે છે. વિષમ સમાજ હોય તો ભવિષ્યમાં થનારી પ્રજાને મુશ્કેલી થઈ શકે છે. કદાચ પતિ-પત્ની બહુ આત્મબળવાળાં હોય તો પોતાનું જીવન તો સામનો કરતાં કરતાં પાર પાડી શકે છે પણ ભવિષ્યની પ્રજા માટે કઠિનાઈનો વારસો મૂકી જાય છે.

બીજું, સમાજ વિનાનો માણસ એક પ્રકારે નિરાધાર જેવો થઈ જતો હોય છે. તે સમાજની ઓથ ગુમાવી બેસે છે. ઘણી વાર તો પરિવારની પણ હૂંફ ગુમાવી બેસે છે. આવાં દંપતીઓને પાછલી જિંદગીમાં ઘણું સહન કરવાનું થતું હોય છે. જોકે હવે ધીરેધીરે સમાજોની કડક વાડો તૂટી રહી છે. સમાજાંતર લગ્નો થવા લાગ્યાં છે, એટલે કદાચ ભવિષ્યમાં ગોળો, સમાજો અને જ્ઞાતિઓથી મુક્તિ મળી જશે. પણ ત્યાં સુધી સૌ કોઈ રાહ જોઈને બેસી ન રહી શકે.

જે સમાજોમાં કન્યાની કે વરની અછત હોય અને કોઈ પણ ભોગે સમાજમાં લગ્ન થઈ શકે તેમ ન હોય તો તેમણે નજીકના સમાજમાંથી વર-કન્યા પ્રાપ્ત કરી લેવાં જોઈએ. આમ કરવા જતાં થોડું સહન કરવું પડે તો સહન કરવાની તૈયારી રાખવી જોઈએ.

- **શારીરિક અને વય સમાનતા :**

આવી જ રીતે બને ત્યાં સુધી શારીરિક સમાનતાનો પણ ખ્યાલ રાખવો જોઈએ. ઊંચાઈ, જાડાઈ, પાતળાઈ વગેરે સરખાં હોય તો જોડી સારી દેખાય. જોકે કેટલીક વાર આવી શારીરિક સમાનતા ન હોય તોપણ સારું દાંપત્ય ખીલેલું જોઈ શકાય છે. પ્રેમ હોય તો બાકીનું ઘણુંબધું સ્વીકારી લઈ શકાય છે. તેમ છતાં જો શરીરનું સરખાપણું પણ મળતું હોય તો તે ઉત્તમ છે. આવી જ રીતે બન્નેની ઉંમરની સમાનતા પણ પ્રાપ્ત થતી હોય તો ઉત્તમ છે. કન્યા કરતાં વર બે પાંચ દસ વરસ મોટો હોય તો તે વધુ ઉત્તમ છે. પણ વર કરતાં કન્યા વધુ મોટી ઉંમરની ન હોય તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

- **આર્થિક સમાનતા :**

બન્નેની આર્થિક સ્થિતિ પણ સમાન હોય તે વધુ ઇચ્છવા યોગ્ય છે. કદાચ વરની આર્થિક સ્થિતિ વધુ સારી હોય અને કન્યાની ઓછી સ્થિતિ હોય તો ચાલી શકે. પણ વર ગરીબ હોય અને કન્યા બહુ ધનવાનની દીકરી હોય તો સુખની ઇચ્છા રાખનાર વરે તેવી કન્યાનો સ્વીકાર કરવો નહિ. અહંકારી પુરુષ કરતાં અહંકારી સ્ત્રી વધુ ખતરનાક હોય છે. જો ધનવાનની કન્યા અહંકારી હોય તો ગરીબ વરને જોઈને તેનો અહંકાર અનેકગણો વધી જાય છે. એ વારંવાર પોતાના બાપના ઐશ્વર્યની દુહાઈ આપીને પુરુષને અપમાનિત કર્યા કરશે. કોઈ પણ સ્વમાની પુરુષ માટે આવી સ્થિતિ અસહ્ય બની શકે છે. હા, પુરુષમાં નમાલાપણાની માત્રા વધારે હશે તો વાંધો નહિ આવે.

- **શૈક્ષણિક સમાનતા :**

આવી જ રીતે બને ત્યાં સુધી શૈક્ષણિક સમાનતા પણ જરૂરી છે. જો એક ખૂબ શિક્ષિત અને બીજું સાવ અભણ હશે તો બૌદ્ધિક સ્તરમાં મોટું અંતર બની જશે, જેથી અડચણો આવ્યા કરશે. હા, જો પત્ની માત્ર ઘરકામ પૂરતી જ પોતાને સીમિત રાખે અને પુરુષને પણ તેની ઘરકામ અને આવેગો પૂરતી જ જરૂર હોય તો ગાડું ગબડી શકે છે. બન્નેમાં પુરુષ, સ્ત્રી કરતાં વધુ શિક્ષિત હોય તો વાંધો નહિ આવે.

- **વૈચારિક સમાનતા :**

આવી જ રીતે બન્નેના વિચારો અને લક્ષ્યો એક સરખાં હશે તો જીવનમાં ઓર મજા આવશે. પણ જો વિચારો અને લક્ષ્યમાં આકાશ-પાતળનો ભેદ હશે તો કલહ થયા કરશે. 'શિયાળ તાણે સીમ ભણી અને કૂતરું તાણે ગામ ભણી' જેવી સ્થિતિ થશે. હા, જો સ્ત્રીને પોતાના અલગ કોઈ વિચારો જ ન હોય કે લક્ષ્ય જ ન હોય, પતિના વિચારો અને લક્ષ્યને પોતાનું માની શકે તો કોઈ પ્રશ્ન નહિ નડે.

- **આહાર સમાનતા :**

પતિ-પત્નીમાં આહારની સમાનતા પણ હોય તો ઘણું ઉત્તમ. પતિ-પત્ની વચ્ચેના પ્રેમનું સૌથી વધુ પોષકતત્ત્વ કામ છે. બીજા નંબરે ભોજન છે. જો બન્ને જણાં એકસાથે રૂચિકર ભોજન પ્રેમભાવથી ગ્રહણ કરતાં હોય તો પ્રેમને પોષણ મળે છે. એટલે બને ત્યાં સુધી બન્નેનો સમાન આહાર હોય તો તેથી દાંપત્યને બળ મળે છે.

બન્ને વચ્ચે જેટલી સમાનતા હશે તેટલો જ પ્રેમ વધુ ખીલશે અને સંબંધ અડચણ વિનાનો થઈ શકશે. સમાનતા વિના પણ પ્રેમ હોય તો વાંધો ન આવે. પણ તેવો પ્રેમ અડચણો સાથે જીવંત રહે. જેમ એક ખાડાખૈયાવાળા રસ્તા ઉપર ગાડી ચલાવો તો ગતિ ઓછી થઈ જાય અને અંદર બેઠેલાને ધાંચો આવે, પણ જો રોડ સરસ-સપાટ હોય તો પેટનું પાણી પણ હાલ્યા વિના સડસડાટ ગાડી ચાલે. બસ આવું જ બન્નેની સમાનતાનું છે.

વરકન્યાનો સંબંધ બાંધતી વખતે આપણે ત્યાં કેટલીક વાતો ઉપર ખાસ ધ્યાન

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૨ ઉપર)**

*સારો હોય કે ખરાબ, સમય જરૂર બદલાય છે.*

# સૃષ્ટિના શિશમહલના શિલ્પી ત્રણ : ઈશ્વર, ઈન્સાન અને વિજ્ઞાન

• દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ •

અમારા દાદીમા મર્યા ત્યાં સુધી પૃથ્વીને ગોળ નહીં સપાટ માનતા રહેલા. એકવાર અમારી વિજ્ઞાનની નોટબુક તેમને વાંચી સંભળાવેલી અને કહેલું : 'દાદી, પૃથ્વી સપાટ નહીં ગોળ છે.' તેમણે મારા ભોળપણ પર હસી પડતાં કહેલું : 'ગાંડિયા, તું ભણ્યો પણ ગણ્યો નહીં. ધરતીમાતા ગોળ નહીં સપાટ છે. અને તે શેષનાગના માથા પર ઊભેલી છે. નાગ ફેણ બદલે ત્યારે પૃથ્વી હાલી ઊઠે છે એથી ધરતીકંપ થાય છે?' કચ્છમાં ધરતીકંપ થયેલો ત્યારે અમને દાદીમાના શબ્દો યાદ આવેલા.

અમારી કામવાળીને ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો ૧૮૦ અંશ થાય તેની ખબર નથી. બાજુવાળા ગંગાકાકીને એ વાતની ખબર નથી કે સ્ત્રીને બાળકી જન્મે એમાં સ્ત્રી નહીં પુરુષ જવાબદાર હોય છે. અરવિંદભાઈને ત્યાં ચંચળબેન અડધા દહાડા ફ્રિઝનો દરવાજો પૂરો ઢાંકતા નથી અને લાઈટબીલ વધારે આવે ત્યારે લાઈટવાળા સાથે લડે છે. માણસના ઘણા અજ્ઞાન બિનઝેરી સાપ જેવાં હોય છે. તે ખાસ નુકસાન નથી પહોંચાડતા. દાદીમાને તેમના અજ્ઞાને છેલ્લે સુધી કોઈ હાનિ પહોંચાડી ન હતી.

છેલ્લા અઢીસો વર્ષમાં વૈજ્ઞાનિક પ્રગતિને કારણે અદ્‌ભુત સંશોધનો થયાં. આજે વિજ્ઞાન વિશ્વનું વિશ્વકર્મા બની ગયું છે. વીજળીની શોધ બહુ પાછળથી થયેલી. તે પૂર્વે ૧૭૬૯માં ઈંગ્લેન્ડના જેમ્સ વોટે સ્ટીમ એન્જિનની શોધ કરી હતી. કહે છે ઉકળતા પાણીની વરાળથી વાસણ પરનું ઢાંકણ ઉથલી પડ્યું અને તેમને વિચાર આવ્યો, વરાળથી ઢાંકણ ઉથલી શકતું હોય તો એ શક્તિનો અન્ય કામોમાં પણ ઉપયોગ કરી શકાય. અને એમણે સ્ટીમ એન્જિનની શોધ કરી. ગૃહિણીઓ આજે કૂકર વાપરે છે તે જેમ્સ વોટે કરેલી શોધની લેટેસ્ટ એડિશન છે. માનવજાતને આજે ખોડિયાર માતા કરતા વરાળ માતા વધુ ઉપયોગી છે. વર્ષો સુધી આપણી ફલાઈંગરાણીઓ અને ગુજરાત એક્સપ્રેસો સ્ટીમ એન્જિનના ઓશિયાળા રહ્યાં હતાં. વીજળીની શોધથી માણસના ઘરમાંથી કોડિયા અને ફાનસો દૂર થયા તે રીતે ટ્રેનો પણ વરાળની હૈયાવરાળમાંથી મુક્ત થઈ શકી. યુરોપમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિમાં પૈડાની શોધે જે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તેવો ભાગ વીજળીએ વિશ્વના વિકાસમાં ભજવ્યો. આજે શહેરના કોઈ આલીશાન થિયેટરમાં આપણે ફિલ્મની મોજ માણીએ છીએ ત્યારે એ યાદ કરતાં નથી કે ફ્રાંસના લ્યૂમિયર બંધુઓએ ૧૮૯૫માં ચલચિત્રની શોધ કરી હતી. વર્ષો પૂર્વે વાંસદાના પ્રતાપ ટોકીઝમાં અમે પહેલી વાર 'બહોત દિન હુએ' નામની ફિલ્મ પાંચ આનામાં જોયેલી. અમારા રોમાંચનો પાર રહ્યો ન હતો. પછી ફિલ્મોનું વ્યસન થઈ પડેલું. વાંચવા માટે મિત્રોને ત્યાં જઈએ છીએ એમ કહીને તેમની જોડે ટોકીઝમાં ઘુસી જતા...ભીનાર ગામના મારા આદિવાસી લંગોટિયા મિત્રો બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ જોતી વેળા મોટેથી બૂમો પાડતા- 'કલર છોડ...કલર છોડ...!' હું પણ તેમને સાથ આપતો.

૧૮૯૫માં જ ઈટાલીના માર્કોનીએ રેડિયો સિગ્નલ મોકલવામાં સફળતા મેળવેલી. અને તેને પગલે આપણને રેડિયો મળ્યો. આજે રેડિયો મિર્ચીની મજા માટે આપણે માર્કોનીના ઋણી છીએ. રેડિયોથી કેવળ મનોરંજન જ નહીં માહિતીની દુનિયામાં પણ જબરજસ્ત ક્રાંતિ થઈ. ૧૯૨૭માં ફ્રેશ વર્થે ટીવીની શોધ કરી. તે કારણે રેડિયોનો જાણે મૃત્યુઘંટ વાગી ગયો. ટ્યુબલાઈટો આવતા ફાનસો ખૂણામાં જઈ પડ્યા હતા તેમ ટીવીએ રેડિયોને ખૂણામાં હડસેલી દીધો. પરંતુ એ શોધનું વૈજ્ઞાનિક મૂલ્ય જરાય ઓછું ન હતું. પ્રત્યેક પ્રાથમિક સંશોધન નિસરણીના પહેલા પગથિયા જેટલું મહત્ત્વ ધરાવે છે. માણસ સીધો નિસરણીના છેલ્લે પગથિયે પહોંચી શકતો નથી.

આઈસ્ક્રીમ ઉનાળાનું અમૃત કહેવાય. હવે એ ઘરે બનાવી શકાય છે. એ અમૃતમંથન ઇ.સ. ૧૮૫૦માં ફ્રિઝની શોધથી શક્ય બન્યું હતું. આપણે આઈસ્ક્રીમ ખાતી વેળા પત્નીને ધન્યવાદ આપીએ છીએ, પણ ફ્રીઝના શોધકનો વિચાર આવતો નથી. માણસ ગણતરીના કલાકોમાં વિમાન દ્વારા મુંબઈથી લંડન પહોંચી જાય છે. લંડનના એરપોર્ટ પર ઉતર્યા પછી પહેલો આભાર ભગવાનનો માને છે, પણ રાઈટ બ્રધર્સને કોઈ યાદ કરતું નથી. ૧૯૩૦માં રાઈટ બ્રધર્સને ઊડતા પક્ષીઓ જોઈ વિચાર આવ્યો - પક્ષીઓ ઊડી શકે છે તે રીતે માણસો કેમ ઊડી શકતાં નથી? એ પ્રશ્નને પગલે થયેલા અનેક પ્રયોગો બાદ વિમાનની શોધ થઈ. અરવિંદભાઈનો દીકરો અમેરિકામાં છે. એથી એઓ જમ્બોજેટમાં ઘણીવાર બેઠા છે. તેઓ કહે છે - 'પીટમેન' નામના માણસે શોર્ટહેન્ડ લિપિની શોધ કરી હતી તેથી શોર્ટહેન્ડને 'પીટમેન્સ શોર્ટહેન્ડ' કહેવાય છે. બ્રેઈલ નામના માણસે અંધજનોની ભાષા શોધી હતી. તેથી તેને 'બ્રેઈલ લિપિ' ના નામથી ઓળખવામાં આવે છે. એ રીતે રાઈટ બ્રધર્સની પુણ્યસ્મૃતિને ચિરંજીવ રાખવા સરકારે જમ્બોજેટનું નામ 'જમ્બો રાઈટ' રાખવું જોઈએ. એવું થઈ શકે તો તે રાઈટ બ્રધર્સનું શ્રાદ્ધ કરવા જેવી પવિત્ર બાબત બની રહે. હવે એ પ્રશ્ન પર વિચારો. જે

*ચિંતા કરવાનું છોડી દો. તેનાથી માનસિક શાંતિ હણાય છે.*

વિજ્ઞાની માણસને પક્ષી કરતાંય વધુ ઊંચાઈએ ઊડવાની સિદ્ધિ અપાવે તેનું શ્રાદ્ધ કરવાની જરૂર રહે ખરી? મોરારીબાપુને કદીક મળવાનું બને તો શિષ્યભાવે પૂછવું છે - રામાયણમાં પુષ્પક વિમાનનો ઉલ્લેખ આવે છે. તો રાઈટ બ્રધર્સ રામાયણ પહેલાં જન્મ્યાં હતાં કે પુષ્પક વિમાનની શોધ રાઈટ બ્રધર્સ પૂર્વે કોક બીજા કરી ચૂક્યા હતા?

૧૯૯૫માં રશિયાએ સ્પૂટનિકની શોધ કરીને અવકાશયાનના દ્વાર ખોલી આપ્યા. એ શોધને કારણે માનવી બ્રહ્માંડને બારણે ટકોરા મારતો થયો. ૧૯૭૧માં થયેલી માઈક્રોચીપ્સની શોધે છેલ્લા ૩૯ વર્ષમાં માહિતીની દુનિયામાં ક્રાંતિ સર્જી. કોમ્પ્યુટર, ટેલિકોમ્યુનિકેશન અને સેટેલાઈટ સંદેશા વ્યવહારનો ઘણો વિકાસ થયો. ૧૯૯૦ના દાયકામાં અર્થાત્ છેલ્લા ૨૦ વર્ષમાં વર્લ્ડવાઈડ વેબ બ્રાઉઝર આવતાં ઈન્ટરનેટની તહેલકા મચાવી દેતી શોધ થઈ. કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ એ વિજ્ઞાન દેવતાના અનન્ય આશીર્વાદ છે.

ભારતમાં પણ કેટલીક શોધો થઈ હતી. સદીઓ પૂર્વે નગર રચના, આર્યુવેદ, નક્ષત્રોનું ગતિશાસ્ત્ર, શઢવાળા વહાણો વગેરેની શોધ થઈ હતી. શૂન્યની શોધ ભારતમાં આર્યભટ્ટે કરી હતી. બચુભાઈ કહે છે - 'શૂન્યની શોધનો સૌથી મોટો ગેરલાભ અભ્યાસકાળ દરમિયાન મેં માર્કશીટમાં વેઠ્યો હતો!'

આ બધી તવારીખો પરથી ફલિત થાય છે કે માનવ ઈતિહાસના વીતેલા હજાર વર્ષોમાં મોટા ભાગની શોધો છેલ્લા ૨૫૦ વર્ષમાં થઈ છે. વીસમી સદી વિજ્ઞાનનો સુવર્ણયુગ બની ગઈ હતી. વિજ્ઞાને માણસને સુખી કરવામાં પાછું વળીને જોયું નથી. અફસોસ એ વાતનો છે કે આપણા કેટલાંક કહેવાતા ધર્મગુરુઓ વિજ્ઞાનને પેટ ભરીને ગાળો દે છે. એક કથામાં એક સંત બોલ્યા હતા : 'વિજ્ઞાને સર્જેલા ભૌતિક સુખોથી માણસ ઈશ્વરવિમુખ થઈ ગયો છે. વિજ્ઞાને માણસને માણસ નહીં મશીન બનાવી દીધો છે. વિજ્ઞાન જેવી ખરાબ બાબત બીજી એકે નથી. વિજ્ઞાન કળિયુગનો જીન છે!' સ્થિતિ એ હતી કે એ સંતની કથા માઈક દ્વારા લાખો માણસોને સંભળાઈ રહી હતી. ક્લોઝ સર્કિટ ટીવી દ્વારા હજારો માણસો જોઈ રહ્યા હતા અને કેબલના લાઈવ ટેલિકાસ્ટ દ્વારા ઘરેઘરે પહોંચી રહી હતી. વિજ્ઞાનનો ભરપૂર ઉપયોગ કરવા છતાં એ સંત મહાશય વિજ્ઞાનને ભાંડી રહ્યાં હતા તે હાસ્યાસ્પદ લાગતું હતું. (જાણે પાણીમાંથી ડોકું ઊંચુ કરીને માછલી કહેતી હોય - પાણી જેવી નકામી ચીજ બીજી એકે નથી) માણસે કૃત્રિમ હાથ બનાવ્યા, પગ બનાવ્યા, આંખ, કાન, નાક બનાવ્યા. ત્યાં સુધી કે હૃદયનું પ્રત્યારોપણ પણ હવે શક્ય બન્યું છે. તે માટે આપણે મૂળ તો આલમના અસલી આર્કિટેક્ટો (સાયન્સ અને ટેકનોલોજી) ના ઋણી છીએ.

ઈશ્વર ક્યાં હશે...કેવો હશે...આપણે કદી જોયો નથી. પરંતુ ક્યારેક ભગવાન વિજ્ઞાનીઓના સ્વરૂપમાં માણસને મળી જાય છે. ઈશ્વરને પામવાની રીતમાં થોડો ફેરફાર કરવાની જરૂર છે. પ્રભુને પામવાના ધમપછાડાઓ હવે બદલવા જોઈએ. રામાયણ અને મહાભારતની સીરિયલોમાં માથે મુકુટવાળા દેવતાઓને આપણે સદીઓથી ભગવાન માનતા આવ્યા છીએ. પરંતુ ઈશ્વરને શોધવા માટે મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગિરજાઘરોમાં ફાંફા મારવાને બદલે આપણી આસપાસ જ નજર કરવી રહી. 'ન જાને કિસ ભેસમેં નારાયણ મિલ જાય...!'

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી - ૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## લગ્ન : ભાવનાત્મક જીવનની ગાંઠ

**(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપરથી ચાલુ)**

અપાય છે. તેમાનું એક તત્ત્વ છે સારું કુળ. જેમ ગાય-ભેંસ-અશ્વ-કૂતરાં વગેરે બધાંનું કુળ હોય છે તેમ માણસોનું પણ કુળ હોય છે. કુળમાં આનુવંશિક ગુણો કે દુર્ગુણો ઊતરી આવતા હોય છે, જે વ્યક્તિમાં ન દેખાતું હોય તે તેના જીનમાં છુપાઈને બેઠું હોય. માનો કે એક માણસ સરસ દેખાવડો છે પણ તેની ચોથી કે પાંચમી પેઢીના પૂર્વજમાં ત્રાંસી આંખ હતી કે કાંઈક ગાંડપણ હતું. તે તરતની પેઢીમાં તો કાંઈ ન આવ્યું, પણ આગળની કોઈ પેઢીમાં કૂદકો મારીને આવી જાય તો તે પેઢીનાં બાળકમાં તેવો દોષ આવી શકે છે. ખાસ કરીને અતિ સ્થૂળતાવાળાં માતા-પિતા હોય તો તેવી સ્થૂળતા સંતાનોમાં પણ ઊતરી શકે છે. જેના કારણે આવનારાં સંતાનોને જ સહન કરવું પડી શકે છે. એટલે સાત પેઢી સુધીનો ઈતિહાસ જોવો-જાણવો હિતકારી છે.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*પો.બો. નં.-૧૯, પેટલાદ (દંતાલી),*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

*સન્તા : ઓયે બન્તા! યે તે દાંત બ્લ્યુ ક્યોં હો ગયે હૈં?*
*બન્તા : ઓ, મૈંને ઈન્ક લગાઈ હૈ.*
*સન્તા : ક્યું?*
*બન્તા : ઓયે સન્તે! પતા નહીં? જમાના બ્લુ-ટુથ કા હૈ...!*

*મોદી અમેરિકાથી ક્યારના પાછા આવી ગયા. પણ ઓબામા હજી કન્ફ્યુઝ્ડ છે. એ વિચારે છે કે જે માણસ માત્ર પાણી પીને આટલું બધું બોલી ગયો, એ દારૂ પીધા પછી તો કેટલું બોલતો હશે?*

**Meera Marketing**
**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

વાર્તા

# દુર્લભા - સુલભા

● ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત યુનિવર્સિટી ●

'સોના સાંભળે છે? તેં સ્નાન કરી લીધું કે નહીં?' માર્ગેશે ડ્રોઈંગ રૂમમાંથી બૂમ પાડી. 'હું તો નાહીને ક્યારનીયે અગાસીમાં બેઠીબેઠી વાળ સૂકવું છું…'

'જરા નીચે આવ તો' માર્ગેશે મીઠાશપૂર્વક કહ્યું.

માર્ગેશનો સ્વભાવ આમ તો કડક પણ જ્યારે સોનાલીની મદદ લેવાનો પ્રશ્ન ઊભો થયો હોય, ત્યારે એના અવાજમાં કડકાઈને બદલે થોડીક નરમાશ વ્યક્ત થતી.

અને આવી નરમાશ મોટે ભાગે વીસ-પચ્ચીસ દિવસે જોવા મળતી. ખાસ કરીને સુલભાનો અમેરિકાથી પત્ર આવ્યો હોય ત્યારે…

સોનાલીએ ડ્રોઈંગરૂમમાં બેઠેલા માર્ગેશને પૂછ્યું : 'બે ઘડી એકલી બેઠી એમાં તો ઘર ગજાવી મૂક્યું…ખાસ કાંઈ નવાજૂની? મને લાગે છે…'

'હા, તને જે લાગે છે…તે બરાબર છે!' માર્ગેશને ખબર હતી કે સોનાલીને પોતે શા માટે બોલાવી છે, તેનો ખ્યાલ આવી ગયો છે.

'તો લાવો, સુલભાના લાંબાલચ પત્રના છેલ્લા પાનાનો છેલ્લો ભાગ! જેમાં એણે મારે માટે 'મધુર યાદ' લખી હોય! બાકી આખો કાગળ તો તમારી માલિકીનો કહેવાય!' સોનાલીએ હસતાં હસતાં કહ્યું.

'ઓહો…સોના, ગંભીર થા જરી! દરેક વખતે મજાક-મશ્કરી સારી ન લાગે! સુલભા માંદગીમાં પટકાઈ હતી અને હવાફેર કરવા એ ભારત આવી રહી છે…માંદગીને કારણે જ આ વખતે એણે પત્ર લખવામાં વિલંબ કર્યો!' માર્ગેશે દુઃખી અવાજે કહ્યું.

'ભલે, હું એના આરામની પૂરતી કાળજી રાખીશ.' સોનાલીએ ટૂંકમાં પતાવ્યું.

'એમ નહીં, તું તારા સ્વભાવ પ્રમાણે આડુંઅવળું બોલી જાય અને સુલભાનું દિલ દુઃખાય તો એની અસર તેના સ્વાસ્થ્ય પર પણ પડે! … મને એમ થાય છે કે હું પણ એક મહિનાની રજા લઈ લઉં…સુલભા પાંચ વર્ષે આવી રહી છે…એને કોઈ પણ રીતે ઓછું આવવું ન જોઈએ!'

'ના રે! તમે બેઠા હો અને કોઈને ઓછું આવે?…તમારા પાંચ વરસે આવતા મહેમાનના સ્વાગતમાં હું કશી ખામી નહીં રહેવા દઉં, સમજ્યા?' કહીને સોનાલી રસોડા ભણી ચાલતી થઈ.

માર્ગેશ વળી પાછો ઈઝી-ચેરમાં રિલેક્સ થયો…સુલભા તેની નજર આગળથી હટતી નથી!

છેલ્લાં પાંચ વર્ષમાં સુલભાએ સોએક પત્રો લખ્યા હશે…એ તમામ પત્રોમાં સુલભા પોતાના અંતરની એકેક વાત લખતી!

માર્ગેશ અને સુલભાનો પરિચય ઘણો જ જૂનો હતો, એ સોનાલી જાણતી હતી! ઇજનેરી કોલેજની હોસ્ટેલમાં જમવા-રહેવાનું અનુકૂળ ન આવતાં માર્ગેશે પોતાના એક મિત્રને ઘેર પેઇંગ-ગેસ્ટ તરીકે જમવાનું પસંદ કર્યું હતું…સુલભા એ જ કુટુંબની છોકરી હતી.

શરૂઆતમાં તો એ ભોજનાર્થી અતિથિઓ સાથે બિલકુલ વાતચીત નહોતી કરતી, પરંતુ સુલભાની મમ્મીનું બ્લડપ્રેશર વધી જતાં થોડાક દિવસ માટે ભોજનાર્થીઓની સગવડ સાચવવાની જવાબદારી સુલભાને માથે આવી પડી…અને એ રીતે માર્ગેશ સાથે ઓળખાણની તક ઊભી થઈ.

એ પછી તો સુલભાના જીવન પર જાણે કે કુદરતનો કોપ ઊતર્યો…એની મમ્મીનું હાર્ટએટેકમાં અને ભાઈનું સ્કૂટર એક્સિડેન્ટમાં અવસાન થયું…સુલભા સાવ અનાથ થઈ ગઈ…એના નજીકનાં સગાં-વહાલાંમાં પણ કોઈ નહોતું…માર્ગેશે એને ગામડે રહેતાં પોતાનાં માતા-પિતા સાથે રાખી!

સુલભાનો સ્નેહાળ સ્વભાવ જોઈને માર્ગેશનાં માતા-પિતા તેના પર રીઝી ગયાં! સુલભાને ઈશ્વરે સુંદર સ્વભાવ અને સલોણું રૂપ બન્ને આપ્યાં હતાં, એટલે એ સૌ કોઈને ગમતી.

માર્ગેશની માતાએ સુલભાનું મન કળવા આડકતરી રીતે તેને પૂછ્યું પણ હતું : 'બેટા, સુલભા, તને મારા માર્ગેશ જેવો કોઈ છોકરો ગમે કે નહીં?'

'બા, માર્ગેશભાઈ તો લાખોમાં એક છે! વર થવા તૈયાર થાય એવા છોકરા તો ડઝનબંધ મળી જાય, પણ મારા જીવનમાં ભાઈની ખોટ પૂરી શકે-એવા તો તમારા પુત્ર માર્ગેશભાઈ જ છે! હું એમને ખોવા નથી માગતી! લોહીની સગાઈવાળું તો હવે કોઈ રહ્યું નથી! લાગણીની સગાઈએ જેને ભાઈ માન્યો છે, એને ગુમાવી બેસું તો આખી દુનિયામાં મારું કહી શકાય એવું રહે કોણ?…' સુલભાએ અશ્રુભીની આંખે કહ્યું હતું.

…અને ત્યારબાદ એક વર્ષ પછી એક અમેરિકન ગ્રીનકાર્ડવાળા ડોક્ટર સાથે માર્ગેશે સુલભાનાં લગ્ન ગોઠવી દીધાં હતાં…અને સુલભા ડોક્ટર સાથે અમેરિકા ગઈ હતી!

…સુલભાનાં લગ્નની તમામ જવાબદારી માર્ગેશે ઉપાડી હતી, એટલે એ દેવાદાર થયો હતો અને સોનાલી સાથે લગ્ન કરવામાં એટલે જ એણે એક વરસ રાહ જોવી પડી હતી!

*ઈર્ષ્યા ન કરો. તેનાથી શક્તિ અને સમયનો અપવ્યય થાય છે.*

ત્યારથી સુલભા વિષે એક વિચિત્ર પ્રકારની ગ્રંથિ સોનાલીના મનમાં બંધાઈ ગઈ હતી. કેટલાંક વિઘ્નસંતોષી સગાં-વહાલાંઓએ પણ માર્ગેશ અને સુલભાના સંબંધો વિષે આડીઅવળી વાતો કરીને સોનાલીના મનમાં ઝેર રેડ્યું હતું.

અને એટલે જ પાંચ વર્ષ બાદ સુલભા પોતાને ઘેર માંદગી નિમિત્તે આરામ માટે આવી રહી છે, એનો સોનાલીને વિશેષ આનંદ નહોતો.

સુલભાના આવવાની નિર્ધારીત તારીખે જ સવારે માર્ગેશને ટેલિગ્રામ મળ્યો હતો... ‘સુલભા નોટ કમિંગ...’

માર્ગેશ ખૂબ જ દુ:ખી થઈ ગયો હતો...અને ત્યારબાદ એક મહિને અમેરિકાથી ભારત આવેલો એક માણસ એક પેકેટ આપવા માર્ગેશને ઘેર આવ્યો હતો...પેકેટ પર નામ હતું : ‘શ્રીમતી સોનાલી માર્ગેશ...’

સોનાલીએ ઉતાવળે-ઉતાવળે પેકેટ ખોલ્યું હતું...પેકેટમાં પત્રો હતા અને હતી એક સુંદર રાખડી...સાથે હતા સુલભાની મરણોત્તર વિધિના ફોટોગ્રાફ અને એક પત્ર! જેમાં સુલભાના પતિ ડો. ધવલે લખ્યું હતું કે દાદરેથી પડી જતાં બ્રેઈન હેમરેજ થવાને કારણે સુલભાનું અવસાન થયું છે...એણે પોતાનાં ભાઈ-ભાભી : માર્ગેશ અને સોનાલી પર લખીને મૂકી રાખેલા કેટલાક પત્રો અને રક્ષાબંધન પર બાંધવા માટે રાખી મૂકેલી રાખડી આ સાથે મોકલી છે...એ પત્રો ફાડશો નહીં, મિસિસ સોનાલી માર્ગેશને આપજો...સુલભાના મૃત્યુ બાદ પણ એ પત્રો એક નાની બહેનના મોટા ભાઈ-ભાભી પ્રત્યેના નિર્મળ પ્રેમની યાદ આપતા રહેશે...’

...અને સોનાલીએ પેકેટ બાજુ પર મૂકીને પોતાનું મસ્તક દીવાલ પર જોર-જોરથી પછાડવાનું શરૂ કર્યું હતું... એટલામાં માર્ગેશ એકાએક આવી પહોંચ્યો હતો...સામે પડ્યું હતું સુલભાના પતિએ મોકલેલું પેકેટ, જેની ઉપર સોનાલીના મસ્તકમાંથી વહેલા રક્તના છાંટા પડ્યા હતા. સોનાલીના પશ્ચાતાપની ગંગા જાણે પત્રોમાં રહેલા સુલભાના આત્માને ઠારી રહી હતી!

*૧૬, હેવન પાર્ક,*
*રામદેવનગર પાસે, સેટેલાઈટ રોડ*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૮૨૪૦ ૧૫૩૮૬*

*ટાંટિયા ખેંચવામાં આપણા ઈન્ડિયનોનો જવાબ નથી. જુઓને, એશિયન ગેઈમ્સમાં મહિલાઓ અને પુરુષો બંને વર્ગમાં આપણે કબડ્ડીમાં ગોલ્ડ મેડલ જીતી લાવ્યા!*

*બે મિત્રોએ અંગ્રેજી પાકું કરવા ફક્ત અંગ્રેજીમાં જ વાત કરવાનું નક્કી કર્યું. પહેલાનું વાક્ય હતું : ‘હું મજામાં છું. આશા છે કે તું પણ મજામા હોઈશ.’*

‘I am in the well. I hope you are also in the well.’

**યાત્રા** | **ઈન્ટરનેશનલ ટુર્સ** | **પ્રવાસ**

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યકિતગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

# મારી મા

• ડૉ. ઊર્મિલા શાહ •

૧૭મી ડિસેમ્બર એટલે મારા જીવનનો અનેરો દિવસ. કારણ એ મારી વર્ષગાંઠનો દિવસ છે. આમ તો મારી એ વર્ષગાંઠનો દિવસ મમ્મી કોઈને કોઈ રીતે ઊજવે જ છે. નાની હતી ત્યારે સરસ મજાના ફુગ્ગા, રીબીનો બધું બાંધતી. છોકરાંઓ ભેગાં થતાં, પીપૂડાં વગાડતાં. માથે ટોપી પહેરી નાચતાં ને જાણે આખુંય ઘર આનંદથી ગાજી ઊઠતું. વર્ષગાંઠની ભેટોથી આખુંય ટેબલ ભરાઈ જતું. ને ક્યારેક તો મારું મન એવું લલચાઈ જતું કે ક્યારે બધાં જાય ને એ બધી ભેટો હું ખોલીને જોઉં. કેક કાપવાની પણ કેવી મઝા આવતી! મારી મા અરે! મારી વ્હાલી વ્હાલી મા ક્યારેક ઍરોપ્લેન તો ક્યારેક સ્ટીમર. દર વર્ષે કંઈક નવી જ કેક બનાવડાવતી ને ઉપર મીણબત્તીઓ મૂકી એને હોલવવા હું નીચે નમતી. સૌ કોઈ 'હેપી બર્થડે' નું ગીત આનંદભેર ગાતાં ત્યારે જાણે હું ખૂબ ખૂબ ગૌરવ અનુભવતી.

મારા આનંદની કોઈ અવધિ રહેતી નહીં. નાની હતી ત્યારે હું એ દિવસની વાટ જોયા કરતી. પણ આ બધાય આનંદ કરતાં મને વધુ આનંદ બીજી એક વાતનો હતો. મારી એ વર્ષગાંઠના દિવસે હંમેશાં સવારે દસ વાગે એક ફૂલનું ગુચ્છ સરસ મજાનું બુકે કોઈ આવીને આપી જતું.

હું ઘરમાં ગમે તે રૂમમાં હોઉં. મને બોલાવે ને મને હાથમાં આપીને જ જાય. સરસ મજાનાં મધમધતાં ગુલાબનું એ પુષ્પગુચ્છ આખાય વાતાવરણને મીઠી સુવાસથી ભરી દેતું. અને મને એનો એટલો તો આનંદ હતો કે ન પૂછો વાત. હું માને પૂછતી "મમ્મી આ કોણ મોકલે છે?" તો મા કહેતી. "મને ખબર નથી."

એમ કરતાં કરતાં તો હું કિશોરાવસ્થાએ પહોંચી ગઈ. હવે કાંઈ વર્ષગાંઠ પહેલાં જેવી ધામધૂમથી ઊજવતાં નહીં. બે પાંચ બહેનપણીઓ ક્યારેક બોલાવું ને ક્યાં તો અમે ચાર-પાંચ ક્યારેક બહાર ખાવા જઈએ પણ પેલા ફૂલનું બુકે તો એ જ રીતે આવતું જ રહ્યું. ને એટલે મેં ફરી એક વાર માને પૂછ્યું, 'મા...આ કોણ મોકલતું હશે? મારી વર્ષગાંઠ આમ કોણ યાદ રાખતું હશે? નામ લખતાં હોય તો!" ને સાચું કહું તો આપણા જીવનનું મહત્ત્વ બીજા કોઈને છે એવી આ રીતે થતી અનુભૂતિ મારા જીવનમાં પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડતાં. મને એ પુષ્પગુચ્છ સ્વીકારવું ખૂબ ગમતું. ને ધીરે ધીરે તો મને એની ટેવ પડી ગઈ. ક્યારેક એ મોડું-વહેલું આવે તો મારી નજર બારણે ને બારણે જ મંડાયેલી રહે. એ આવે પછી જ મને શાંતિ થતી. અને એક દિવસ તો મમ્મી હસતાં હસતાં કહે "તને જે ચાહતું હશે તે મોકલતું હશે." હવે હું કાંઈ નાની ન હતી. કિશોરાવસ્થાને ઉંબરે મેં પગ મૂક્યો હતો અને એટલે મમ્મીની આ ટકોરથી મારા હૃદયમાં જાણે એક શરમની સંવેદના જાગી. કોના હૃદયમાં મારે માટે પ્રેમ હશે કે જે આમ દર વર્ષે ખાસ યાદ રાખી મને ફૂલ મોકલતું હશે! મને કશું જ સમજાતું ન હતું. પણ મારું નાદાન મન તર્કવિતર્ક કર્યા કરતું હતું. "કદાચ બાજુવાળાં માસી, એમને હું અવારનવાર મદદ કરું છું તે મોકલતાં હશે? કે પછી પેલા અંકલ! એમની અવસ્થા થઈ છે અને એટલે હું એમની વસ્તુઓ ક્યારેક લાવી આપું છું. પણ તો પછી તે નામ તો લખે ને! ને મને કહે નહીં? એમાં આમ ગુપ્તતા જાળવવાની શી જરૂર? મને કશું જ સમજાતું ન હતું."

દર વર્ષે વર્ષગાંઠને દિવસે એ ફૂલનું ગુચ્છ હાથમાં આવે ને જાણે મારા હૃદયમાં આનંદની હેલી ચઢી આવે ને મારું મન એ મોકલનારનું નામ જાણવા સતત તર્કવિતર્ક કર્યા જ કરતું. છતાંય કશું જ સમજાતું ન હતું. મારે માટે એ એક કોયડો હતો.

મને બરાબર યાદ છે. હું કોલેજના પહેલા વર્ષમાં હતી, કોલેજમાં પ્રવેશી ત્યારથી જ થનગનાટ તો વધે જ. તેમાંય વળી ઈશ્વરે તો મને રૂપ પણ છુટ્ટે હાથે આપ્યું હતું અને એટલે સરસ કપડાંથી એ રૂપને વધુ નિખારવા મન કેમ ન લલચાય! મેં મમ્મીને કહ્યું. "મમ્મી, આ વર્ષગાંઠે મને એક સરસ ડ્રેસ અપાવીશ? હવે મને કોલેજમાં સરસ કપડાં પહેરીને જવાનું ખૂબ ગમે છે." ને મમ્મીએ મને એકદમ વહાલથી પાસે ખેંચી લીધી. મને એટલું સારું લાગ્યું. મારી મા હંમેશાં મને ખૂબ વહાલ કરે છે, મને એટલું તો સારું લાગે છે.

પણ કમનસીબ એવું કે વર્ષગાંઠને હજી નવેક દિવસની વાર હતી ને પપ્પાને એકદમ હાર્ટએટેક આવ્યો. એ મૅસિવ ઍટેક હતો, ઘરમાં તો હું ને મારો નાનો ભાઈ, આ પારકા પરદેશમાં બીજું તો કોઈ સગુવહાલું હતું નહીં. મમ્મીએ ખૂબ દોડાદોડ કરી. પપ્પાને ઈન્ટેન્સીવ કેરમાં દાખલ કર્યા. ડૉક્ટરોને ભેગા કર્યા પણ પપ્પા ન બચી

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

શક્યા. મમ્મીને માથે જાણે આભ તૂટી પડ્યું. હું પણ સખત મૂંઝાઈ. આમ તો હું કોલેજના પહેલા વર્ષમાં હતી એટલે એવી નાની ન હતી કે આ બધી મુશ્કેલીમાં હું મમ્મીને પડખે ઊભી રહી ન શકું અને એટલે હું મમ્મીની સાથે ને સાથે રહી. મમ્મીએ આ ક્રાઈસીસમાં જાણે હું તેની સહભાગી જ હોઉં, તેની જેટલી હોઉં તે રીતે મને સાથે રાખી. મને પણ મમ્મીને આટલી મદદરૂપ થઈ શકવાનો હૃદયમાં સંતોષ હતો અને એટલે આ સંજોગોમાં મેં જાણીજોઈને મારી વર્ષગાંઠને તો વિસારે જ પાડી દીધી. પપ્પાનું અવસાન અમારે માટે એક ઘેરો આઘાત હતો. બીજું કાંઈ જ સૂઝે એવું જ ક્યાં હતું? ને તેમાંય માને માથે તો જાણે આભ તૂટી પડ્યું હતું. એનો મોભ તૂટી પડ્યો હતો. બે છોકરાંની જવાબદારી સોંપી પપ્પા અનંત યાત્રાએ ચાલી નીકળ્યા હતા. માને હવે જીવનમાં ઝઝુમ્યા વિના છૂટકો જ ન હતો. પણ મા...મારી મા...એની હિંમત, એની ધીરજ...એ કોઈ સામાન્ય માનવી નથી. એનામાં દૈવત છે. એનામાં દૈવી તત્ત્વ છે. એની સહનશીલતા, એની જિજીવિષા ને ઝઝુમવાની તાકાત, ક્યારેક તો મનેય આશ્ચર્ય થાય છે કે “મારી મા આ બધું એકલે હાથે કેવી રીતે સહન કરી શકતી હશે!” મેં ક્યારેય તેને અકળાયેલી નથી જોઈ કે મૂંઝાયેલી નથી જોઈ. અરે! આટઆટલી મુશ્કેલીમાંય મેં એને ક્યારેય આંખમાં આંસુ લાવતી કે બાવરી બનેલી નથી જોઈ. હું મનોમન એને જાણે વંદન કરું છું. “મારી મા તો સાક્ષાત્ મા શક્તિ છે. દેવી છે દેવી!”

ને તમે માનશો? હજી તો પપ્પાના અવસાનને આઠ જ દિવસ થયા છે ને મારી વર્ષગાંઠનો દિવસ આવી પહોંચ્યો. પણ હું સવારથી ઉદાસ હતી. મારા હૃદયને ક્યાંય ચેન ન હતું. મને થતું હતું આજે મને કોઈ બોલાવશે તો હું ધ્રુસકે ને ધ્રુસકે રડી પડીશ. મારું મન સખત ભારે હતું. પણ હજી તો માંડ દસ વાગ્યા હશે ને દર વર્ષની જેમ ફૂલ આવી પહોંચ્યાં. હું મા સામે પ્રશ્નાર્થભરી દૃષ્ટિએ જોઈ રહી હતી. ત્યાં તો માએ આછું સ્મિત કરીને કહ્યું, “બેટા! તને જે ચાહે છે તેણે મોકલ્યું છે.” ને મનેય ખબર ન પડી. આ કોણ મોકલતું હશે. તેમાંય આજે તો આ ફૂલ આવે એવી અપેક્ષા પણ ન જ હોય ને! સંજોગો કેવા હતા!

ને હું કોલેજ ગઈ. સાંજે કોલેજથી આવી હું રૂમમાં ગઈ. તો સોફા પર સરસ રીતે ફેલાવીને ડ્રેસ પડ્યો હતો. જે ડ્રેસ હું અને મમ્મી, પપ્પાના અવસાન પહેલાં જ પસંદ કરવા ગયાં હતાં. એની ઉપર સરસ મજાનું ફૂલ લગાડેલું હતું ને ઉપર લખ્યું હતું, “મારી લાડલી અનુરાને મમ્મી પપ્પાના અનેક શુભાશિષો સાથે.” ને હું ઘડીભર તો સ્તબ્ધ બની ગઈ. પપ્પાના આવા અકાળ અવસાન અને આવા વિપરીત સંજોગો છતાંય મમ્મીનાં મનની આ સ્વસ્થતા! મનોમન મારું શિશ મારી માનાં ચરણોમાં ઢળી પડ્યું “વજ્રાદપિ કઠોરાની મૃદુનિ કુસુમાદપિ” ની જાણે મને સાક્ષાત અનુભૂતિ થઈ.

મારી એ માની મહાનતા. જાણે મારું હૃદય એની આ અનેરી લાગણીથી આર્દ્ર બની ગયું હતું. મનમાં હજીય પેલા પુષ્પગુચ્છ મોકલનારનો કોયડો તો રમ્યા કરતો જ હતો. પણ કોણ જાણે કેમ ઈશ્વરનેય મારી આ માની શક્તિની ઈર્ષ્યા થઈ હોય કે ગમે તેમ કે પછી મને મારી આ માને કોઈની ટોક લાગી. પણ પપ્પાના અવસાનને માંડ હજી છ-એક મહિના થયા હશે. મારી મા, એકલી ઝઝૂમી હજી માંડ ટટ્ટાર થઈ રહી હતી. મારામાંય હવે વિશ્વાસ બેસતો જતો હતો કે “દુનિયાનું કોઈ પણ દુઃખ કેમ ન હોય, મારી મા છે ને! એ બધે જ પહોંચી વળશે.” પણ ઈશ્વરને ય એ વિશ્વાસ ન રુચ્યો ને એક સાંજે અચાનક ઓફિસેથી આવતાં મમ્મીનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું. પપ્પાના અવસાનના આઘાતમાંથી મારી માની હિંમતને સહારે હજી હું માંડ ડોક ઊંચી કરી રહી હતી ત્યાં તો ઈશ્વરે આ બીજી મોટી થપાટ મારી. ભગવાન ક્યારેક કસોટી કરે છે ત્યારે કપરી કસોટી કરે છે. જાણે અગ્નિપરીક્ષા કરતો ન હોય! ઘડીભર તો મારી શ્રદ્ધાય ઈશ્વરમાંથી ડગી ગઈ. પણ નાના ભાઈને જોઈ મને થયું, હવે મારે માની જગ્યા લેવાની છે. હું સાવ જ ભાંગી પડી હતી પણ માનો ફોટો જોયો. એની ખુમારીભરી ઊંચી ડોક જોઈ. મોં પરનું નિરંતર સ્મિત જોયું ને મારામાં શ્રદ્ધાનો ચમકારો થયો. હું આઘાતને ખંખેરી ઘડીવારમાં ઊભી થઈ ગઈ. અને મેં પણ સંગ્રામ ખેલવાનો સંકલ્પ કર્યો. આજે એ જ માને નજર સામે રાખી હું ઝઝૂમી રહી છું. પણ એક વાત કહું?

માના અવસાન પછી પેલાં ફૂલ ક્યારેય આવ્યાં નથી અને એટલે જ આજે મને ફરી ફરી સમજાય છે કે મારી એ મા કેવી મહાન હતી!

આજે એનો આત્મા મારા જીવનનું પ્રેરકબળ બની મને જીવનમાં ઝઝુમવાની પ્રેરણા આપી રહ્યો છે.

મારી એ મા... પળવાર પણ મારી કીકીમાંથી કેવી રીતે ખસે!!

*(માર્શા ઍરોન્સના લખાણના આધારે)*

***૨૫, પાર્શ્વ બંગ્લોઝ,***
***એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. : ૯૯૭૯૨ ૩૦૪૦૪***

*જેઠાલાલ : અરે દયા! આખી રાત મોબાઈલ ચાર્જ ઉપર નહીં રાખ, નહિંતર બેટરી બળી જશે!*

*દયા : ટપુના પપ્પા, તમે ફિકર ના કરો. બેટરી તો મેં પહેલા જ કાઢી લીધી છે!!!*

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# સ્વિસવીસ

● હંસરાજ કંસારા ●

*વિશ્વમાં કેટલીક બેંકો એવી છે કે જેમાં અન્ય દેશોના નાગરિકોએ પોતાની બહોળા પ્રમાણમાં અનધિકૃત પૂંજી જમા કરાવેલ છે. આ કારણે સંબંધિત દેશો પોતાના રાષ્ટ્રના ખાતેદારોની વિગત આપવી તેવી બેંકો પર દબાણ કરી રહ્યા છે. આ પ્રકારની બેંકો એમના ખાતેદારોની વિગત આપશે કે કેમ તે અત્યારે એક પ્રશ્ન છે. આ બાબત નજર સમક્ષ રાખીને પ્રસ્તુત વાર્તાના નાયક કે જે પોતાના દેશના વિદેશમંત્રી છે તે એની તંદ્રાવસ્થામાં એક સ્વપ્ન જુએ છે, – વધુ આગળ વાંચશો..... પાંચ વર્ષ અગાઉ "કચ્છશ્રુતિ"માં પ્રકાશિત આ વાર્તાનો વિષય હાલના માહોલ સાથે પણ એટલો જ સુસંગત છે. 'મંગલ મંદિર'ના સુજ્ઞ વાચકવર્ગને આ વાર્તા જરૂર રસપ્રદ લાગશે તેવી અપેક્ષા છે.*

*– તંત્રી મંડળ*

મોકળા આકાશમાં અમારું વિમાન તીર ગતિએ આગળ વધી રહ્યું છે. હું અને મારા ત્રણ સાથીઓ, આ વિમાનના એક્ઝીક્યુટિવ ક્લાસની પ્રથમ હરોળમાં બેઠા છીએ. એક આંતરરાષ્ટ્રીય સંસ્થા આયોજિત 'વિશ્વ સંસ્કૃતિ સમન્વય સપ્તાહ' ઉજવણી કાર્યક્રમમાં ભાગ લેવા અમે જઈ રહ્યા છીએ. અમારા મસ્તિષ્કમાં અત્યારે વિમાની મહેમાનગતિની સાંજની 'ખાણી-પીણી'નો કેફ છે.

"જુઓ, બહાર જુઓ. દૂર ક્ષિતિજે ડોકાતી પર્વતમાળાના શિખરો જુઓ. જાણે સ્વર્ગની પરીઓ આપણું સ્વાગત કરવા હારબંધ ઊભી છે! એમની રૂપેરી ઓઢણીઓની રતુંબલ કિનારની આભા પ્રતિક્ષણ પલટાય છે. આસમાની ઉજાસમાં એના પડછાયા આપણા વિમાન ભણી લંબાય છે." અમારા પત્રકાર સાથીના આ બુલંદ ઉદ્‌ગારે અમે સહુ ઝબક્યા.

"વાહ! આપણા આ પત્રકારને તો આ સ્વર્ગભૂમિનો શેઢો દેખાયો કે કવિતા સૂઝી!" મારા બીજા સાથી સંસ્કૃતિ મંત્રીએ ટકોર કરી. એમની બાજુમાં અમારા વિદેશ મંત્રાલયના સચિવ બેઠા છે. એમણે તીરછી નજરે પત્રકાર તરફ જોયું. એમના પાતળા બીડેલા હોઠને ખૂણેથી આછેરું સ્મિત ખર્યું.

મારી બાજુમાં અમારા નાણા નિષ્ણાત બેઠા છે. સપ્તાહ દરમ્યાન આયોજિત એક ગોષ્ઠીમાં તેઓશ્રી 'વૈશ્વિક અર્થ સંસ્કૃતિ' પર પ્રવચન આપવાના છે. એમના પ્રવચનની કેટલીક વિગતો તેઓશ્રી મને સમજાવી રહ્યા હતા. પત્રકારના ઉદ્‌ગારે એમની વાતમાં વિક્ષેપ પડ્યો. તેનો અણગમો તેઓ વ્યક્ત કરે તે પહેલાં ઍર હોસ્ટેસનો વીનિત સ્વર ગુંજી રહ્યો.

"Your Kind attention please.... હવામાન અનુકૂળ ન હોતાં ઉતરાણ અર્ધો કલાક મોડું થશે. આપ સહુને આપની સીટ સીધી કરી બેલ્ટ કસી લેવા નમ્ર અનુરોધ છે."

નાણા નિષ્ણાતે નાછૂટકે એમની વાતને અલ્પ વિરામ આપતાં કહ્યું, "લ્યો, હવે બીજો અર્ધો કલાક આપણી આ વિમાની કેદ લંબાણી!"

"દેરસ્ત... દૂરસ્ત..., પ્રોફેસર, આપના સત્સંગનો મને એટલો વધુ લાભ મળશે. આપનું પૂરું વ્યાખ્યાન અગાઉથી જ સાંભળવા મળશે." મેં એક મહાન દેશના વિદેશ મંત્રીને છાજે તેવી મોટપ દાખવતા કહ્યું. પ્રોફેસર પોરસાયા. એમણે સીટ સીધી કરી. બેલ્ટ કસ્યો અને એમની વાત આગળ વધારી.

"હા... તો મંત્રીજી, તમે જેનો નિર્દેશ કર્યો હતો એજ તો મારા ભાષણનો મુખ્ય મુદ્દો છે. મંદીની માયાજાળમાં અત્યારે અનેક દેશો અટવાયા છે, ત્યારે, 'ખૂટેલ વાણિયો જૂના ખત સંભારે' તેમ, ઘણા દેશોને એમના દેશમાંથી અનધિકૃત રીતે પગ કરી ગયેલી, ખરબોની પૂંજીની ખબર લેવાનું હવે સુઝ્યું છે."

"તમને શું લાગે છે, પ્રોફેસર, કોઈ દેશ પાસે, જેના અર્થ નિર્માણમાં વાર્ષિક પંદર ટકા જેટલો હિસ્સો આપતી, દૂઝણી ગાય જેવી, આ મૂડી હોય, એ દેશ એ 'મૂડી'ને આમ સહેલાઈથી જતી કરશે?" મેં પ્રોફેસરનો 'અહમ્' સંતોષાય તેવો પ્રશ્ન કર્યો.

"જરૂર કરશે. કોઈ પણ દેશ માટે, અન્ય દેશોની 'ગુડવીલ' અને 'આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા' સર્વાધિક મહત્ત્વની બાબત છે. એને જાળવવા આ તો શું બીજા પણ અનેક પ્રકારના ભોગ આપે." પ્રોફેસરે એમનું વૈશ્વિક અવલોકન વ્યક્ત કર્યું.

"પરંતુ કોઈ દેશની બેંકો, એ દેશના કાયદા મુજબ, એમના ખાતેદારોની વિગતો ખાનગી રાખવા બંધાયેલી હોય તો?" મેં સીધો પ્રશ્ન કર્યો.

"તો? તો શું? ખરેખર તો આવો કાયદો, એ દેશની જનતાના હિતાર્થે જ ઘડાયો હોય. વિદેશી ખાતેદારો આવા કાયદાનો લાભ લેવા આકર્ષાય એ જુદી વાત છે. આવા ખાતેદારોએ વાસ્તવમાં એમના

*સારા પુસ્તકોનું અધ્યયન કરો. જેથી તમારી વિચારશક્તિ નિર્માણ પામશે.*

પોતાના દેશના વિશ્વાસનો ભંગ કર્યો છે, એટલે એ દેશના અપરાધી છે. અને કોઈ પણ દેશ, અન્ય દેશના આવા અપરાધીઓની વિગતો આપે તો તે બંને રાષ્ટ્રના હિતમાં હોતાં, ન્યાયસંગત ગણાય. હું તો માનું છું કે, આ વિશ્વવ્યાપી 'મહામારી'ના કાયમી ઉન્મુલન માટે, વિશ્વના બધા જ દેશોએ, એમની બેંકો માટે સર્વમાન્ય નિયમ ઘડવો જોઈએ કે કોઈ અન્ય દેશના નાગરિકનું ખાતું, સંબંધિત દેશની અધિકૃતિથી જ ખોલી શકાય. પરંતુ આ માટે આવશ્યક પોલિટીકલ કમિટમેન્ટ અત્યારે તો મને ક્યાંય દેખાતું નથી." પ્રોફેસરની વાતમાં મને નિરાશાનો સૂર વર્તાયો.

"સાવ એવું નથી પ્રોફેસર. જેમ કે આપણા દેશની આવી પુંજી જે દેશમાં પડી છે, તે પાછી મેળવવા, આપણે તે દેશ સાથે સંવાદ રચવા સતત પ્રયત્નશીલ છીએ. એટલું જ નહીં, BIS અને GFS જેવી બેન્કિંગ સંસ્થાઓના પણ આપણે સંપર્કમાં છીએ. તાજેતરની G-૨૦ની બેઠકમાં પણ આપણે આ મુદ્દા પર બધાનું ધ્યાન દોર્યું હતું. અને તમને એક અત્યંત ખાનગી વાત કહું તો, અમારા પક્ષે શાસન સંભાળ્યું ત્યારે, પ્રધાનપદાં કે બીજા મહત્ત્વના હોદ્દા સ્વીકારતા પહેલાં, અમારે વ્યક્તિગત રીતે પી.એમ.ને 'સોગંદનામું' આપવું પડ્યું છે, કે અમારો વિદેશી બેંકો સાથે કોઈ અનધિકૃત વ્યવહાર નથી."

મારી વાત સાંભળી પ્રોફેસરે એમના જાડા ચશ્માં આરપાર દેખાતી એમની ઝીણી આંખો વધુ ઝીણી કરી ધારદાર નજરે મારી સામે જોયું. બરાબર એ જ વખતે, અમારું વિમાન એક હળવા આંચકા સાથે લેન્ડ થઈ, ડ્રાઈવ વે પર સરકતું થોડીવારે સ્થિર થયું.

વીસેક મિનિટમાં અમે ઍરપોર્ટની બહાર આવ્યા. અહીંની હરિયાળી ધરતીની શીતળ સાંજની સોડમ અમારા શ્વાસમાં ભરતા, અમે, અમારા માટે આરક્ષિત હોટેલમાં ગોઠવાઈ ગયા.

કાર્યક્રમના પ્રથમ બે દિવસ અમે ખૂબ જ વ્યસ્ત રહ્યા. પ્રોફેસરે એક પ્લેનરી સેશનમાં એમનું પ્રવચન આપ્યું. સભામાં ઉપસ્થિત વિવિધ દેશોના પ્રતિનિધિઓએ પ્રોફેસરના સૂચનોનું જોરદાર સમર્થન કર્યું. ત્રીજા દિવસે બધા ડેલીગેટ્સ અલગ અલગ ગ્રુપમાં વહેંચાઈ ગયા.

સપ્તાહ ઉજવણીના ચોથા દિવસે, હું અમારી ગ્રુપ મિટીંગમાં થોડો સમય હાજરી આપી બહાર નીકળ્યો. આજે મને મારું એક ખાસ અંગત કામ જરૂરથી નિપટાવવું હતું. શહેરમાં મારે જે સ્થળે જવાનું હતું ત્યાં ટેક્ષી કરી પહોંચી ગયો. વિશાળ સરોવરના વૃક્ષાચ્છાદિત કિનારાની કોખે, બોન્સાઈ વૃક્ષ જેવી વામન કદની થોડી બેઠા ઘાટની બિલ્ડિંગોમાંની એક બિલ્ડિંગમાં હું દાખલ થયો. મારા અગાઉના અનુભવે હું આ બિલ્ડિંગ અને એમાંની ઓફિસના નિયમોથી વાકેફ હતો. સ્વાગત કક્ષમાં ડાબી બાજુની દીવાલ પર દૃષ્ટિ સમાંતરે, એક ન્યુમેરીકલ કી-બોર્ડ ફિક્સ કરેલું હતું. ત્યાં જઈ મેં એ કી-બોર્ડ પર મારો 'કોડ નંબર' પ્રેસ કર્યો. કી બોર્ડની ઉપર એક સ્ક્રીન હતું. થોડીવારે એ સ્ક્રીન પર મારે જે કેબિનમાં જવાનું હતું તેનો નંબર અને દિશા સૂચક ઍરો દેખાયો. હું ત્યાં ગયો. કેબિનનો સ્લાઈડ ડોર એક તરફ સરક્યો. કેબિનમાં માત્ર એક જ કાઉન્ટર હતું. ત્યાં એક યુવા મહિલા બેઠી હતી. એ મહિલાએ સસ્મિત મારું સ્વાગત કર્યું.

"Wel come Sir, how should I help you?" મેડમે પૂછ્યું. એના જવાબમાં મેં મારો ઉદ્દેશ જણાવ્યો. મહિલાએ જરૂરી ફોર્માલિટી પૂરી કરી, મને સોફા પર બેસવા કહ્યું. આ બેંકમાં જે મારી થાપણ હતી તેમાંથી બે ટકાનો સર્વિસ ચાર્જ બાદ કરી મારી બેલેન્સ રકમ મને દસ મિનિટમાં મળી ગઈ. મેં એ રકમ અહીંની સ્થાનિક કરન્સીમાં અહીંની કોઈ પણ બેન્ક ઑનર કરે તેવા દસ પે ઓર્ડરમાં પરત લીધી.

હું બહાર આવ્યો. ટેક્ષી સ્ટેન્ડ માટે મેં આમતેમ નજર ફેરવી. અચાનક મારી નજર સડકની સામે પાર ગઈ. મારો પત્રકાર સાથી ત્યાં ઊભો હતો. એની આંખ આડે, મારી તરફ તાકતો કેમેરો હતો. હું ઝડપથી બિલ્ડિંગની બાજુની લેઈનમાં સરકી ગયો. ત્યાંથી ટેક્ષી કરી, હું શહેરની મધ્યમાં આવેલી ડાયમંડની હોલસેલ માર્કેટમાં આવ્યો. ટેક્ષીમાંથી બહાર આવતાં મેં જોયું કે મારા મંત્રાલયના સચિવ એક ડાયમંડ શો રૂમમાં દાખલ થતા હતા. હું પાછો ટેક્ષીમાં બેસી એ માર્કેટને બીજે છેડે પહોંચી ગયો. અહીં એક ડાયમંડ બ્રોકર મારફત અને એની સલાહ મુજબ મારી પાસે હતા તે બધા પે-ઓર્ડર સાટે વિવિધ સાઈઝ અને ક્વોલિટીના ડાયમંડ ખરીદી લીધા. ડાયમંડ ડિલરે આપેલા કેશ મેમોમાં પ્રત્યેક ડાયમંડના કેરેટ, ક્વોલિટી, કિંમત અને બ્રોકરેજ, એ કંપનીના વર્લ્ડ-વાઈડ નેટવર્ક તેમજ ગેરંટી સાથે, બધી વિગતો આપેલી હતી. સૌથી નીચેનું સ્લોગન "YOUR TRUST IS OUR TREASURE" વાંચી, મને આ દેશના શ્વાસેશ્વાસમાં 'વિશ્વાસ'નું વજૂદ વર્તાયું. મારું મિશન પૂરું થતાં મારું હૈયું હળવું થયું. મારી જમા પુંજી સાથે મારી આબરૂ પણ હવે મારી જ મુઠ્ઠીમાં હોવાનો મને અહેસાસ થયો.

ત્યાંથી નીકળી હું સીધો હોટેલ પર આવ્યો. એજ વખતે, બીજી ટેક્ષી પણ પૉર્ચમાં આવી ઊભી રહી. એમાંથી ઉતરતાં પ્રોફેસરે સહજભાવે કહ્યું કે, સરોવર પાસેથી પસાર થતાં, એમણે મને સરોવરનું સૌંદર્ય માણતો જોયો હતો!!

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

મોડી સાંજે પત્રકાર આવ્યો. આજે એ અમારા સહુ માટે સોગાદ લાવ્યો હતો. સ્વિસ-વીસ કંપનીની આકર્ષક બેગમાં ચોકલેટનાં બે પેકેટ હતા. ડીનર લઈ અમે સહુ પોતપોતાના રૂમમાં ગયા. મારી લાખોની સંપત્તિ જોકે મારી ઍટેચીમાં પણ સલામત હતી છતાં, 'ગરથ ગાંઠે' રાખવાનો એક ઉપાય મારા ધ્યાનમાં આવ્યો. મેં ચોકલેટનું પેકિંગ જરાપણ ખરાબ ન થાય તે રીતે ખોલ્યું. એમાં ચાર બાય ચાર ઇંચની દોઢેક ઇંચ જાડી, ચોકલેક બ્રીક હતી. મેં એ બ્રીક થોડીવાર ટેબલ લેમ્પ નીચે મૂકી. ફ્રીજમાં ફ્રુટ્સ સાથે એક ચપ્પુ પણ હતું. એ ચપ્પુ વડે, મેં સિફતથી રોટલીના પડની માફક ઉપરનો થર અલગ કર્યો. નીચેના થરમાં થોડે થોડે અંતરે, હલકું પોલાણ કરી, મેં મારી પાસેના અર્ધા ડાયમંડ એમાં જડી દીધા. ઉપરનું પડ પાછું જેમ હતું તેમ એના પર પાથરી દીધું. થોડો ગરમાવો આપી એ બ્રીકને મેં ફ્રીજમાં મૂકી દીધી. બાકીના ડાયમંડ પણ એ જ રીતે મેં બીજી બ્રીકમાં જડી દીધા અને પછી નિરાંતે ઊંઘી ગયો.

સાતમે દિવસે સંસ્કૃતિ સમન્વય કાર્યક્રમનું શાનદાર સમાપન થયું. વિશ્વના અનેક દેશોના ગણમાન્ય પ્રતિનિધિઓને એક વિશિષ્ટ વૈશ્વિક સંસ્કૃતિના આવિર્ભાવનો અહેસાસ થયો.

એ જ સાંજે, અમે અમારા દેશમાં પાછા જવા, ઍરબસમાં બેસી ગયા. આ વખતે વિન્ડો સીટનો શોખીન મારો પત્રકાર સાથી બરાબર મારી પાછળની સીટમાં હતો. વિદેશ સચિવને મારી સાથે મસલત કરવાની હતી. એટલે એ મારી બાજુની સીટમાં બેઠા. સંસ્કૃતિ મંત્રી અને નાણા નિષ્ણાત બીજી હરોળમાં બેઠા.

આખા દિવસનો થાક, ઉપરથી વિમાની ડિનરનો કેફ ચડતાં ધીરે ધીરે અમે સહુ નિદ્રાધીન થયા. અમારી બધાની ચોકલેટ બેગ અમારા હેન્ડ બેગેજ તરીકે અમારી સાથે જ હતી.

અમારું વિમાન ઍરપોર્ટ પર ઉતર્યું ત્યારે સ્થાનિક સમય મુજબ બપોરના બે વાગ્યા હતા. અમે ચારેય સાથી ગ્રીન ચેનલ થ્રુ બહાર આવ્યા. અહીં અમને લેવા આવનારાઓની ગીર્દી અને કાળઝાળ ગરમી સહન કરતો હું બંગલે પહોંચ્યો. સર્વપ્રથમ હું મારા બેડરૂમમાં ગયો. મારી બ્રિફકેસમાંથી ચોકલેટ બેગ કાઢી, મેં એને કબાટમાં મૂકી દીધી. સાંજે મેં પી.એમ.ને બ્રિફ કર્યા. ત્યારબાદ મંત્રાલયમાં મુલાકાતીઓને મળી, અરજન્ટ ફાઈલોનો નિકાલ કરી, છેક રાત્રે નવ વાગે બંગલે પહોંચ્યો. મારા પરિવારના યુવા સદસ્યો વેકેશન માણવા વિદેશ ગયા હતા. ઘરમાં માત્ર મારા ધર્મપત્ની હતા.

ભોજન પછી બગીચામાં થોડું ટહેલી, હું મારા બેડરૂમમાં આવ્યો. એ.સી. ચાલુ કર્યું અને પત્નીને સાદ દીધો.

એ તરત જ આવી, પલંગ પર બેસી ગઈ. મેં કબાટ ખોલી, ચોકલેટની બેગ કાઢી, એના ખોળામાં મૂકી. એણે બેગ ખોલી ચોકલેટના બંને પેકેટ પરથી રૅપર હટાવી ગહેરા ભૂખરા રંગની ચોકલેટ બહાર કાઢી.

"તમને તો ખબર જ છે કે આવું કશું હું ખાતી નથી." એમ કહી એણે એ બ્રીક મારા હાથમાં આપી.

"એમ રીસાય છે શાની? જરા આ ચોકલેટનું કૌતુક તો જો!" એમ કહી, મેં ચપ્પુ વડે ચોકલેટનું ઉપરનું થર હટાવ્યું. પરંતુ એમાં મેં જડેલા હીરા ક્યાંય દેખાણા નહીં. ગુસ્સામાં મેં આખી કેક છુંદી નાખી. પણ ક્યાંય એકેય હીરો નહોતો! મેં બીજી બ્રીકના પણ એ જ હાલ કર્યા. મેં ફરીથી રૅપર, પેકેટ તેમજ બેગ પર મારા હાથે કરેલા નિશાન મોજૂદ જોયા. મને આશ્ચર્ય થયું. આ ચોકલેટ બ્રીક શું હીરા ગળી ગઈ? એ.સી. ચાલુ હોવા છતાં, મારું આખું શરીર પાણી પાણી થઈ ગયું. મારી હાલત જોઈ મારી પત્ની નજીક આવી. એ એના પાલવથી મારા કપાળ પરનો પરસેવો લૂછવા લાગી.......

.......અને અચાનક મારી તંદ્રા તૂટી. મને સમજાયું કે હું મારા નાનકડા ફ્લેટમાં, બપોરે આરામ ખુરશી પર બેઠો બેઠો ઊંઘી ગયો હતો. અને હવે જ્યારે જાગ્યો છું ત્યારે મારું આખું શરીર પરસેવે રેબઝેબ છે. મારી પત્ની મારા કપાળે વળેલો પરસેવો એની સાડીના પાલવથી લૂછતાં કહી રહી છે,

"લાઈટ ગઈ ત્યારની હું તમને જગાડું છું. પણ તમને તો આજે શ્રીખંડ પૂરીનું ઘેન, પૂરા ત્રણ કલાક રહ્યું."

મેં સીલીંગ ફેન તરફ જોયું. એની પાંખડીઓ કોઈ મૃત પક્ષીની પાંખોની જેમ લબડેલી હતી. અચાનક એ જ વખતે, ખરર... ખટ... કરતો પંખો જોરથી ઘૂમવા લાગ્યો. એની ગરમ હવા મારા પ્રસ્વેદ-ભીના શરીર સાથે અથડાતાં, મને ટાઢક વળી. મારી તંદ્રાવસ્થા દરમ્યાન મને આવેલા સ્વપ્નનાં દૃશ્યો અત્યારે મારી જાગ્રતાવસ્થામાં કોઈ ટી.વી. સીરીયલના રીકેપની માફક તાદૃશ થયાં!

***જો કે આ સ્વપ્નું હતું. છતાં, મને એ પ્રશ્ન તો થયો જ કે મારી એ હીરાજડીત ચોકલેટ કોણે બદલી? ક્યારે?***

"કોઈ ખરાબ સ્વપ્નું જોયું કે શું?" પત્નીએ પૂછ્યું. જવાબમાં પત્નીને ચા બનાવવાનું કહી, હું ફરવા જવા તૈયાર થયો. રોજ સાંજે હું અને મારો મિત્ર, ગામથી દૂર એક સૂકા તળાવની પાળ પર બેસી અલક મલકની વાતો કરતા. આજે મારા મિત્રને મારા એ સ્વપ્નની રસપ્રદ વાત કહીશ. ઘડીભર એને સત્ય ઘટના માની, એ હીરા કોણે અને ક્યારે ચોર્યા હશે તેનું કાલ્પનિક રહસ્યોદ્‌ઘાટન કરતાં બંનેને આનંદ થશે, એવું વિચારતો હું ફરવા ગયો. પરંતુ કોઈ કારણસર મારો મિત્ર ન આવ્યો. હું નિરાશ થઈ પાછો ઘરે આવ્યો. રાત્રે સૂતી વખતે મેં પત્નીને મારા સ્વપ્નની વાત કરી.

***"સ્વપ્ના તો ભાદરવાના ભૂસાકા.... અચાનક ધમધમાટ કરતા વરસી જાય. તપતી ધરતી થોડી ભીંજાય અને તરત સૂકાઈ જાય. તમે હવે સ્વપ્નનો વિચાર ન કરો. છાના***

*કપટથી મેળવેલો ફાયદો કદી સુખી કરતો નથી.*

*માના સૂઈ જાઓ.''*

એમ કહી મારી પત્ની પડખું ફેરવી સૂઈ ગઈ. થોડી મથામણ પછી હું પણ નિદ્રાધીન થયો. સવારે હું જાગ્યો ત્યારે મને આશ્ચર્ય થયું કે, મને આગલી બપોરે આવેલા સ્વપ્નનું કડીબધ્ધ રોમાંચક વિસ્તરણ થયું હતું. મારા મિત્ર સાથે ચર્ચા કરવા મેં એ સ્વપ્નની વિગતો નોંધી લીધી.

.....મોડી રાત સુધી હું *(હું સ્વપ્ન-દશામાં વિદેશ મંત્રી)* ચોકલેટ બ્રિક વિશે વિચારતો રહ્યો. પલંગને છેડે બેઠેલી મારી પત્ની સૂઈ ગઈ. વ્હીસ્કીના એક પૅગ સાથે ઊંઘની ગોળી લઈ, મેં પણ પલંગ પર લંબાવ્યું.

મોડી સવારે, મારી પત્નીએ મને જગાડ્યો. ચ્હાની ટ્રે ટેબલ પર મૂકી, ચોકલેટનું 'રીપેક' બતાવતાં એણે મને કહ્યું કે ચોકલેટના ચારે પડ એણે સરખી રીતે જોડી દીધા છે અને એના અસલી વાઘા પહેરાવી દીધા છે. એણે એ પેકેટ કોઈને આપી દેવાનું કહ્યું એટલે મેં એ ચોકલેટ ભેટ આપનાર પત્રકારને ફોન કરી બોલાવ્યો.

''આપણા લગ્નને ચાલીસ વર્ષ થયાં. હું તારા ગામની પંચાયતનો મંત્રી હતો. આજે આખા દેશનો મંત્રી છું. હું તો આખે આખો બદલાઈ ગયો પણ તું એની એ જ રહી. ગામઠી માસ્તરની દસમી પાસ દીકરી. પંચાયત-મંત્રીની ઘરરખુ ગૃહિણી. આ બંગલામાં પણ તેં દૂઝણી ગાય રાખી છે. તુલસી ક્યારે અને ઠાકર મંદિરે, એ ગાયના ઘી ના જ દીવા થાય છે. એ ગાયના છાણના છાણા થપાય છે. જેના ધીમા તાપે, ઘઉં બાજરાના ખાખરા શેકાય છે, આશાપુરી ધૂપની સુગંધ ફેલાય છે. આ બધું તો ઠીક છે, પણ મને તારા રોજના વ્રત ઉપવાસનો વાંધો છે. તારા ડાયાબિટીસની ચિંતા છે.''

મારું ભાષણ ચાલુ હતું ત્યાં પત્રકાર આવ્યો. આવતાવેંત એણે મને ફોટો આલ્બમ આપ્યું અને કહ્યું, ''સર, આમાં આપણા કાર્યક્રમ ઉપરાંત ત્યાંની સુંદર સૃષ્ટિની તસવીરો છે.'' મેં બધી તસવીરો જોઈ. મને ભય હતો કે ત્યાંની એ બેંક, જ્યાં હું ઊભો હતો, એની તસવીર પણ એમાં હશે, પરંતુ એ નહોતી. મને નિરાંત થઈ. એની સાથે વાતો કરતાં મને ખાત્રી થઈ કે, એને મારી બેંક વિઝીટ કે ડાયમંડ ડીલની કંઈ જ ખબર નહોતી. મારો એના પરનો વહેમ નિર્મૂળ થયો. એણે આપેલી ચોકલેટ ભેટ, મેં એને પરાણે પરત કરી.

એક વિદેશી બિઝનેસ શિક્ષણ સંસ્થાના દેશી નેટવર્કનું ઉદ્‌ઘાટન કરી હું મંત્રાલય પહોંચ્યો. મેં સચિવને બોલાવ્યા. એમણે સમાચાર આપ્યા કે પીએમ.એ એમની ડિપ્લોમેટીક ચેનલ મારફત કેટલીક ખાસ વ્યક્તિઓનાં વિદેશી બેંકમાં ખાતાં છે કે નહીં તેની જે વિગતો મંગાવેલી, તે એમને મળી ગઈ છે.

''જેનું ખાતુ હોય તેને ચિંતા...'' મેં લાપરવાહી દર્શાવી.

''પણ સર, પેલી વિદેશી કંપનીએ આપના....'' મેં સચિવની વાતને વચ્ચેથી અટકાવતાં કહ્યું, ***'અબ ન રહા બાંસ, ન બજેગી બાંસુરી.'***

ભાગ્યે જ કોઈ ભાવ દર્શાવતા સચિવના શુષ્ક ચહેરા પર મારા જવાબથી જે 'આશ્ચર્ય'નો ભાવ મેં જોયો તે પરથી સ્પષ્ટ થયું કે એમનો 'ચોકલેટ બદલી' સાથે કોઈ સંબંધ નથી.

અતિ વિકસિત દેશો દ્વારા પ્રોત્સાહિત, આંતરરાષ્ટ્રીય સંસ્થા, 'વર્લ્ડ ઇકોનોમિક સર્વેલન્સ ટીમ' (WEST)ના રીજિયોનલ ડાયરેક્ટર પદે, અમારા નાણા નિષ્ણાતની નિમણૂક થયાના ખબર આપતાં સચિવશ્રીએ ટકોર કરી, ''ગઈકાલ સુધી આવી સંસ્થાઓને અતિ વિક્સિત દેશોની 'માયાજાળ' કહેતા વિદ્વાન આજે એનો જ હિસ્સો બની રહ્યા છે. આવી છે, આપણા વાત-ડાહ્યા વિદ્વાનોની દંભી સિધ્ધાંત-નિષ્ઠા!''

''કથરોટ જોઈને કૂંડું કેમ હસે છે?'' મેં ટકોર કરી.

મારો પ્રતિપ્રશ્ન સમજ્યા છતાં સચિવ મૌન રહ્યા. અમારા 'સંયુક્ત હિત'ની એક વિશેષ ફાઈલ પર મારું મત્તું મેળવી તેઓ વિદાય થયા.

મોડી સાંજે હું સીધો ક્લબ ગયો. બાર રૂમને ખૂણે, સંસ્કૃતિ મંત્રી, એમની મહિલા સાથી સાથે બેઠા હતા. એ મહિલા, સંસ્કૃતિ મંત્રાલય પોષિત એક સંસ્થાના પ્રતિનિધિ હતા. હું સીધો કાર્ડરૂમમાં ગયો. ત્યાં મારા એક બ્રિજ-સાથી એકલા બેઠા હતા. તેઓશ્રી શહેરની માતબર કન્સ્ટ્રક્શન કંપનીના માલિક છે. એમણે મને આવકાર્યો અને કહ્યું, 'મંત્રીજી, તમે બિલ્ડર હતા ત્યારથી આપણા ઘનિષ્ઠ સંબંધોને નાતે મારે તમને કંઈક કહેવું છે.'' મેં મૂક સંમતિ દર્શાવી. એમની વાત સાંભળી મને આઘાત લાગ્યો.

મારા કુપુત્રે ગત વર્ષે શેર સટ્ટામાં દોઢ કરોડનો દાટ વાળ્યો હતો એ હું જાણતો હતો. મારા મિત્રે જણાવ્યું કે હવે એ અને એની પત્ની અસામાજિક તત્ત્વોની સોબતે રેસ અને જુગારને રવાડે ચડ્યા છે અને મેં બનાવેલું 'મલ્ટીપ્લેક્સ' ક્યાંક ગીરવી પડ્યું છે. અમારા બ્રિજ પાર્ટનર્સ આવી ગયા પણ બ્રિજમાં મારું મન ચોંટે તેમ નહોતું. એટલે મેં એમની રજા લીધી. હું ઘેર આવ્યો.

'મને ભૂખ નથી' એમ કહી, પત્નીએ આપેલું ગરમ દૂધ ગટગટાવી, હું બાલકનીમાં જઈ હીંચકે બેઠો. હીંચકાના ચિચૂડાટ સાથે

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

મારો કચવાટ ભળ્યો.

મારી પત્ની સમક્ષ મારી મનોવ્યથા વ્યક્ત કરવાની મારી હિંમત નહોતી. કારણકે મેં આ બાબતે એણે અગાઉ કરેલી 'આગાહી'ને, 'જૂનવાણી વિચાર' કહી, હસી કાઢી હતી.

મારા નાના પુત્રને લાખોને ખર્ચે વિદેશી ભણતર અપાવ્યું હતું. એક વિદેશી મહિલા સાથે લગ્ન કરી, એ ત્યાં જ સ્થાયી થઈ ગયો હતો. મારો મોટો પુત્ર તરુણાવસ્થાથી જ 'સ્વચ્છંદી' હતો. એની ભણેલી પત્ની અલ્ટ્રા મોડર્ન અને ચતુર હતી. મારા પદને અનુરૂપ સામાજિક સંબંધો કેળવવાની અને મારી નામી બેનામી મિલ્કતો તથા અર્થ વ્યવહારોનો કુશળ વહીવટ કરવાની એની ક્ષમતાથી હું પ્રભાવિત હતો. મારી લગભગ બધી જ અનધિકૃત સંપત્તિ એના અને એના ભાઈના તેમજ મારા પુત્રના નામે ચોપડે ચડેલી હતી. મારા પરિવારમાં એનું વધતું વર્ચસ્વ અને મારી પત્નીના ઘટતા મહત્ત્વનું આ દુષ્પરિણામ હતું. તેનું ભાન મને હવે થયું ત્યારે, હૈયું હળવું કરવા, શરાબને ઘૂંટડે ગોળી ગળી, હું હીંચકા પર જ સૂઈ ગયો.

વહેલી સવારે અમારા પાર્ટી પ્રમુખનો ફોન આવ્યો. એમણે મને સાંજે એમને બંગલે 'સાથે ડીનર લેશું', એમ જણાવ્યું. હું સાંજે ત્યાં ગયો. ડીનર પછી અમે ડ્રોઈંગ રૂમમાં બેઠા ત્યારે એમણે મને એક કેશ-મેમો બતાવ્યો. એ વાંચતાની સાથે જ મારી આંખે અંધારાં આવી ગયાં. પ્રમુખે પ્રેમથી મારા ખભે હાથ મૂક્યો અને કહ્યું, 'ગભરાવાની જરૂર નથી. આમાંથી અર્ધા ભાગના હીરા તમે 'એવન' ઉદ્યોગપતિને આપી દો. ઉદ્યોગપતિ એટલી રકમનું પાર્ટીને દાન આપશે. તમારું મંત્રીપદ, પ્રતિષ્ઠા અને પૂંજી સલામત રહેશે.'

'આ કેશ મેમો આપને કોણે આપ્યો?' મેં થોડી હિંમત કરી પૂછ્યું. થોડી આનાકાની પછી પ્રમુખશ્રીએ ઘટસ્ફોટ કર્યો.

જે સંસ્કૃતિ સમન્વય કાર્યક્રમમાં અમે ભાગ લેવા ગયા હતા એના સંયોજક અમારા સંસ્કૃતિ મંત્રી હતા. ત્યાંની સરકારે, અમારી સુરક્ષા માટે સંયોજકના સુપરવિઝન હેઠળ બે પ્લેઈન ક્લોથ ગાર્ડની વ્યવસ્થા કરી હતી, જેની મને ખબર નહોતી. હું એકલો બેંક જવા નીકળ્યો હતો, એટલે એક ગાર્ડ, મારી સુરક્ષા માટે મારો પડછાયો બની રહ્યો. એણે મારી ગતિવિધિનો રીપોર્ટ સંયોજકને કર્યો. સંયોજક, એટલે કે અમારા સંસ્કૃતિ મંત્રીને મારા જીવનમાં તાકવાની તક મળી ગઈ. એણે મારા નામે અને બીલ વોશ આઉટ થઈ ગયું છે એ બહાને, એમનું મારી સાથેનું આઈડેન્ટીફિકેશન આપી, કંપનીમાંથી એ બીલની કોપી મેળવી લીધી હતી, જે એમણે પાર્ટી પ્રમુખને આપી હતી.

પાર્ટી પ્રમુખને મારા હીરાની જે વલે થઈ છે એ સમજાવવા મેં ઘણી કોશિશ કરી પરંતુ એમણે મારી કોઈ વાત માની નહીં. મને અલ્ટીમેટમ આપ્યું કે એક પખવાડિયામાં મારી પૂંજીમાંનો પાર્ટીનો ભાગ અથવા મંત્રીપદેથી રાજીનામુ. હતાશ થઈ હું ઘેર આવ્યો. બીજા દસ દિવસ અવઢવમાં નીકળી ગયા.

એક દિવસ સાંજે હું હજી મંત્રાલયમાં જ હતો ત્યાં બંગલેથી ફોન આવ્યો કે મારી પત્નીની તબિયત ગંભીર છે. તરત જ હું બંગલે પહોંચ્યો. બંગલામાં ચોમેર ધૂપ-સુગંધ પ્રસરેલી હતી. હું પૂજારૂમમાં ધસી ગયો. ઠાકોરજીની મૂર્તિ સમક્ષ મારી પત્નીનો અચેતન દેહ પડ્યો હતો. એક તરફ એની માળા પડી હતી. ડૉક્ટર એને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા પ્રયત્નશીલ હતા. અમે તરત જ એને હોસ્પિટલ લઈ ગયા. પરંતુ એનું પ્રાણપંખેરું તો ક્યારનું વિરાટમાં વિરમી ગયું હતું. એના અચાનક અવસાનનું કારણ હતું, એનું દુર્બળ શરીર. ગઈકાલ સાંજ પછી આજના આખા દિવસનો નકોરડો ઉપવાસ અને ડાયાબિટીક કોમા.

હું ભાંગી પડ્યો. વિદેશથી આવી ગયેલા મારા બંને પુત્રો અને એક પુત્રી તેમજ પરિવારના બધા સભ્યો સ્નેહીઓએ મળીને મારી પત્નીના પાર્થિવ શબના સન્માનપૂર્વક અગ્નિસંસ્કાર કર્યા અને એના ફૂલ પણ પવિત્ર ગંગામાં પ્રવાહિત કર્યા.

બેસણા વખતે જરૂરી મારી પુત્રવધૂઓ માટેનાં સફેદ વસ્ત્રો મારા રૂમમાં કબાટમાં હતા. એ લેવા જતાં, મારી પત્નીના હાથનો લખેલો એક પત્ર મને મળ્યો. મેં એ પત્ર વાંચ્યો.

*"મારા ઘરના હાલના માહોલમાં પડતીના એંધાણ દેખાય છે. ગઈકાલે મારા પતિ વિદેશથી આવ્યા અને તરત જ મંત્રાલય ગયા. એમનો કબાટ, મેં કોઈ વસ્તુ લેવા ખોલ્યો. મેં એમાં ચોકલેટના બે પેકેટ જોયા, જે ખરેખર ફ્રીજમાં હોવા જોઈએ. પણ મારા પતિમાં આવેલા પરિવર્તનો હું જાણું છું અને એટલે જ, મને કંઈક શંકા જતાં, સાવધાનીથી મેં એ પેકેટ ખોલ્યા. ગરમીને લીધે ઢીલી પડેલી ચોકલેટ હાથમાં લેતા જ એનું ઉપલું પડ ખસી ગયું. એમાંથી હીરા ખર્યા. મારા પતિ, આ હીરા એની પુત્રવધૂને આપે તે પહેલાં, સંકટ સમયે કામ લાગે તે માટે હું કાઢી લઉં છું, જે માટે મારા પતિ અને ઈશ્વર મને માફ કરે. હીરાને સુરક્ષિત રાખવા મેં એને પાંચ છાણામાં થાપી દીધા છે. આ છાણા ઓળખી શકાય તે માટે એની સાઈઝ બહુ નાની રાખી છે. મારા પૂજા રૂમમાં અન્ય છાણા સાથે જ રાખું છું. વીસ વર્ષના યુવાન લાગણીસભર પતિની જે છબી પ્રથમ દર્શને મારા અંતરમાં ઉતારી છે, એની જ, આજ સુધી હું પૂજા કરતી આવી છું અને આજીવન કરતી રહીશ. કદાચ આ રહસ્ય હું પતિને કહું તે પહેલાં મારું અવસાન થાય તો સર્વપ્રથમ એમને જ આ પત્ર મળે તે રીતે અહીં મૂકું છું."*

હું તરત જ પૂજા રૂમમાં ગયો.

અખંડ દીપના પ્રકાશમાં ઠાકોરજીની મૂર્તિ હીરાજડિત આભૂષણોથી ઝગમગતી હતી. રૂમના એક ખૂણામાં છાણા-ચોકી હતી.

***દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં સૌથી વધારે જોખમ હોય છે.***

એમાં હતા તે બધા છાણા મોટા કદના હતા. અહીંથી કોઈએ છાણા કાઢ્યા છે કે કેમ તે વિશે મેં મારી પુત્રીને પૂછ્યું.

"હા પપ્પા, અગ્નિદાન માટે, અહીંથી પાંચ છ નાના છાણા લઈ મેં 'ડોણી'માં મૂક્યા હતા. બા કેવી નસીબદાર! ઠાકોરજી સન્મુખ એનો આત્મા વીલિન થયો અને એના જ થાપેલા છાણા વડે, એના ખોળિયાને અગ્નિદાન મળ્યું." મારી પુત્રીએ ગળગળા અવાજે કહ્યું. મેં એને આશ્વાસન આપ્યું અને બેસણામાં મારા સ્થળે બેસી ગયો. મારી બાજુમાં ટીપોય પર મારી પત્નીની છબીનું ઓજસ, ધૂપસળીની મહેક, ગીતાના સંગીતબદ્ધ શ્લોક અને સાગરમાં ભરતીની જેમ ઉમટેલા સ્નેહીઓના આશ્વસ્ત કરતા શાંત સમૂહે, મારા ઉદ્વેગને કંઈક અંશે શાંત કર્યો. બેસણા પછી મંદિરેથી વળતાં, પત્નીની 'ચિત્તા-ભસ્મ' લેવા હું સ્મશાન-ઘાટે ગયો. મસાણીએ કહ્યું કે એ રાખ એણે બીજે જ દિવસે ગંગાની ગોદમાં પધરાવી દીધી. મને ચક્કર આવી ગયા. મારા ડ્રાઈવર અને બોડી ગાર્ડ, મને જાળવીને બંગલે લાવ્યા. બંગલામાં મારા સંતાન અને સગાસ્નેહી પોતપોતાની પ્રવૃત્તિમાં વ્યસ્ત હતા. હું મારા રૂમમાં પત્નીની તસવીર સમક્ષ નતમસ્તકે બેઠો. થોડી વારે મારું મન શાંત થયું. મંત્રીપદનું રાજીનામું લખી ડ્રાઈવર સાથે પી.એમ.ની ઓફિસે મોકલી બાલકનીમાં હીંચકા પર બેસી ગયો.

હીંચકો જોરથી ડોલ્યો.....

વાર્તાનાયકે એના બીજા સ્વપ્નની નોંધ અહીં પૂરી કરી.

બીજે દિવસે, તળાવની પાળે, વાર્તા નાયકે એના મિત્રને, પ્રથમ સ્વપ્નની વાત કહી, બીજા સ્વપ્નની નોંધ આપી. એણે એ ધ્યાનપૂર્વક વાંચી કહ્યું,

"માસ્તર, તમને આ ગામમાં આવે ત્રણેક વર્ષ થયા. ત્યારથી આપણે રોજ અહીં આવીએ છીએ. આ તળાવમાં ચોમાસાના થોડા દિવસ સિવાય ક્યારેય પાણી નથી ટકતું તે તમે જાણો છો. હું અહીં વર્ષોથી રહું છું અને આ તળાવની એક વાતનો સાક્ષી છું. દસેક વર્ષ પહેલાં,આ તળાવમાં એક ગરીબ મજુરની ગભરુ બાળા ડૂબીને મરી ગઈ, ત્યારથી એ સૂકાઈ ગયું છે. એ બાળા પર સામૂહિક બળાત્કાર થયો હતો. જે વાત પોસ્ટમોર્ટમ રીપોર્ટ કહે છે.

આ બાળાનો ચિત્કાર એક લંગડા ફકીરે સાંભળ્યો હતો. એ ખેતરો વચ્ચેથી એના એક પગે દોડ્યો પણ એ બાળા દોડીને આમાં કૂદી પડી. ત્યાં સુધી લાચારીથી બૂમો મારવા સિવાય એ કંઈ કરી ન શક્યો.

એના પછી બે દિવસ સુધી એ ફકીર પાગલની જેમ આખા ગામમાં એની બદદુવા દેતો રહ્યો કે જ્યાં સુધી નરાધમો પકડાશે નહીં અને એમને સજા નહીં થાય ત્યાં સુધી આ તળાવમાં પાણી નહીં ટકે. આજ દિવસ સુધી આ તળાવ ખાલી છે.

"માસ્તર, સમાજનાં સુખ દુઃખના સહભાગી આપણે તળાવની પાળે બેસી ચર્ચા કરીએ, દોષી તત્ત્વોને મનોમન દંડતા રહીએ. બસ એટલું જ! આ લંગડા ફકીરની જેમ જાત હોમીને બદદુવા દેવાનીય હિંમત આપણામાં નથી.

તમારી તંદ્રાવસ્થાનો આ તલસાટ, જાગ્રત મનની 'વાંઝણી' ઝંખના માત્ર છે. તમારા સુષુપ્ત મનમાં ખરેખર સળવળતું સ્વપ્નું પણ નથી." મારા મિત્રે વિસ્ફોટ કર્યો.

આથમતો સૂર્ય અચાનક તળાવની સામે પાર ક્ષિતિજે સંતાઈ ગયો. ખાલી તળાવમાં લાગ જોઈ અંધારું છલોછલ ભરાઈ ગયું. હું નિરુત્તર હતો.

*એ/૧/૧/૪, સમૃધ્ધિ ફ્લેટ્સ,*
*રામેશ્વરમ્ એપાર્ટમેન્ટ્સ,*
*દેવ આશિષ સ્કૂલ પાસે,*
*રામદેવનગર, સેટેલાઈટ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦*

## ભારતીય બંદરોના વિકાસમાં કચ્છીઓનું યોગદાન

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

તેજપાલ, વલ્લભદાસ કરસનદાસ નાથા, કેશવજી નાયક અને નલિયાના નરશી નાથા, લાયજાના તેજુ કાંયા જેવા અનેક કચ્છીઓનાં નામ લઈ શકાય તેમ છે. અબડાસાના કોઠારા ગામના પણ મુંબઈમાં જન્મેલાં સુમતિબહેન મોરારજીનું નામ ભારતીય મહિલાઓમાં ગૌરવભેર લઈ શકાય તેવું છે. ૧૩મી માર્ચ ૧૯૦૯ના રોજ જન્મેલાં સુમતિબહેન મોરારજી ભારતની સૌપ્રથમ 'સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની' નાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર હતાં. આ કંપનીની 'સાબરમતી' અને 'સરસ્વતી' સ્ટીમર મુંબઈ-માંડવી-કરાંચી વચ્ચે છેક ઈ.સ. ૧૯૬૫ સુધી ચાલતી. તેમણે આલેખેલો પાંચ હજાર વર્ષનો ભારતીય વહાણવટાનો ઈતિહાસ અને વિકાસ બહુમૂલ્ય રહ્યો છે.

ઈ.સ. ૧૯૫૭-૫૯ અને ઈ.સ. ૧૯૬૪-૬૫ માં 'ધી ઈન્ડિયન નેશનલ સ્ટીમ શિપ ઑનર્સ એસોસિયેશન' નાં પ્રમુખ તરીકે તેમની વરણી થયેલી. ઈ.સ. ૧૯૭૦માં ઈંગ્લેન્ડના જહાજવટ અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ ત્યારે એ પરિષદમાં સુમતિબહેન એકમાત્ર સ્ત્રી પ્રતિનિધિ હતાં. તેમનું નામ ગુજરાતી નારીમાં બેશક આગળ પડતું લઈ શકાય તેમ છે.

હજારો વર્ષોની આ ગાથા દરિયો, ભારતીય નાવિકો અને વેપારીઓએ સાચવી રાખી છે. તેઓની ભાવોર્મિઓનાં ઓવારણાં સૌ ભારતવાસીઓ યુગો સુધી લેતા રહેશે.

*હરિનગર-૧, ફોરેસ્ટ ઓફિસની સામે,*
*માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.*
*મો. ૯૪૨૮૫ ૬૭૯૦૦*

*પત્ની : નારીનો મતલબ શું છે?*
*પતિ : નારી તો શક્તિ છે.*
*પત્ની : તો પુરુષનો મતલબ શું છે?*
*પતિ : સહનશક્તિ!!!*

*પોતાને ભાગે આવેલું, પોતે સ્વીકારેલું અને રોટલે રળી આપતું કામ કરવામાં જે માણસ ચોરી કરે તે ગુનેગાર છે.*

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૩૪

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

★ **તા. ૧૩/૧૪-૧૨-૨૦૦૮ના રોજ પરિવારજનોના આર્થિક સ્તરને ઉપર લાવવા સેમિનાર.**

★ **'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૦૯નો અંક 'દક્ષિણ ગુજરાત વિશેષાંક' (બે ભાગમાં) પ્રકાશિત થયેલ.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે દર વર્ષની જેમજ તા. ૪-૧૦-૨૦૦૪ના દિવસે નવલી નવરાત્રિનાં પાંચમા નોરતે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાસ ગરબાના કાર્યક્રમનું આયોજન કરેલ હતું. આ ગરબાના કાર્યક્રમનું આયોજન સંસ્થાની યુવા વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જજ તરીકે 'નાદ-નિનાદ' સંસ્થાનાં ડિરેક્ટર અને ભારત નાટ્યમના જાણકાર શ્રીમતી હેતલ જરીવાલા આવેલ હતા. કચ્છી રાસ, કચ્છી દાંડિયા અને કચ્છી હલકમાં રમાતા ગુજરાતી રાસ-ગરબા જોઈ પોતે ખૂબ જ પ્રભાવિત થઈ ગયા હતા. તેમની દાંડિયારાસમાં ઊંડો રસ લઈને હરીફોમાંથી વિજેતા નક્કી કરવા માટેની ધગશ જોઈને ખેલૈયાઓ તથા પ્રેક્ષકો ખૂબ જ ખુશ થઈ ગયા હતા. કચ્છી સમાજમાંથી પણ ઘણા મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

નવરાત્રિ ગરબાની જેમ જ દર વર્ષે ઉજવાતી શરદ પૂનમની રાત્રિ માટેનો એક કાર્યક્રમ પણ યુવા વિકાસ સમિતિ તરફથી તા. ૧૪-૧૦-૨૦૦૮ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પ્રાંગણમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પણ સમાજના પરિવારજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિના સભ્યોની સાથે શ્રી કચ્છી સમાજનાં આમંત્રિત હોદ્દેદારોની ઉપસ્થિતિ કેન્દ્રીય સ્થાને રહી.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે શ્રી ચંદ્રકાંતભાઈ ઠક્કર અને આરતીબેન મણિયારે પોતાની સેવાઓ પ્રદાન કરેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં પરિવારનાં સૌ નાના મોટા ખેલૈયાઓ પારંપરિક પોષાકો પહેરીને રાસ ગરબા રમતા હતા. તે દૃશ્ય ખરેખર માણવાલાયક હતું. ઉપસ્થિત બંને જજશ્રીઓની ઓળખાણ આપી તેઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પારંપરિક પ્રણાલિકા પ્રમાણે દૂધ પૌંઆ અને નાસ્તાનું આયોજન કરવામાં આવેલ હતું. જે માણીને સૌ છૂટા પડેલ હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નૂતન વર્ષાભિનંદન નિમિત્તે સ્નેહ મિલનના એક કાર્યક્રમનું શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૨૯-૧૦-૨૦૦૮ના રોજ સાંજે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને માણવા મોટી સંખ્યામાં સમાજનાં પરિવારજનોએ હાજરી આપેલ હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ સહિત ટ્રસ્ટમંડળ અને કારોબારી સમિતિનાં હોદ્દેદારો, સભ્યો અને સમાજના અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સમાજના સભ્યો ઉપરાંત મેડિકલ સેન્ટરનાં ડૉક્ટર્સ, સંસ્થાનાં સ્ટાફના સભ્યો તેમજ સમાજની નિયાણી બહેનો પોતાના પરિવારજનો સાથે ઉપસ્થિત રહેલ હતી. આ સ્નેહ મિલનમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી હંસરાજભાઈ કંસારા તથા શ્રી ભરતભાઈ ઓઝા વગેરે પણ પરિવારજનો સાથે ઉપસ્થિત રહ્યા હતા. નવું વર્ષ દરેક પરિવારજનોને તંદુરસ્તીભર્યું સુખમય નીવડે એવી શુભકામના સાથે પરસ્પર અભિનંદન આપવામાં આવ્યા હતા તથા અંતે ભોજનનો લાભ લઈ સૌ છૂટા પડ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની વિવિધ કાર્યરત સમિતિઓ પોતપોતાની રીતે સમાજોપયોગી પ્રવૃત્તિઓ સતતપણે કરતી જ હોય છે. એમાંની એક વયસ્ક સમિતિએ સમાજનાં વયસ્કોને તા. ૧૯-૧૧-૨૦૦૮નાં રોજ પિકનિક ઉપર લઈ જવાનું નક્કી કરેલ હતું. તે પ્રમાણે સવારના ૮.૩૦ કલાકે પાલડી ભવનથી બસમાં રવાના થયેલ હતા. બસમાં વિવિધ રમતો રમાડવામાં આવી હતી. બસ ૧૦ વાગે સાબરકાંઠા સ્થિત ઉત્કંઠેશ્વર પહોંચી હતી. ઉત્કંઠેશ્વરમાં ઐતિહાસિક મંદિરનાં દર્શન ઉપરાંત આવેલ કેટલાક વડીલોએ નદીમાં સ્નાન કરીને મજા માણી હતી. એ રીતે એ પિકનિકમાં

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
**Clearing, Forwarding & Shipping Agents**

એક અલગ રીતનો અનુભવ સૌએ માણ્યો હતો. વિવિધ રમતોનાં વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. ત્યાંથી અન્ય જોવાલાયક સ્થળોની મુલાકાત લઈને સૌ અમદાવાદ પરત આવ્યા હતા. વયસ્કોની આ પિકનિક ખૂબ જ યાદગાર રહી હતી.

કોઈ પણ કચ્છી પરિવાર આર્થિક સ્તરે પછાત ન રહી જાય અને તે પરિવાર કઈ રીતે સધ્ધર થાય તે બાબતની ચિંતા સેવતા શ્રી રોમન વિઝન ગ્રુપના શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા દ્વારા અમદાવાદનાં કચ્છી પરિવારો માટે તા. ૧૩-૧૨-૨૦૦૮ તથા તા. ૧૪-૧૨-૨૦૦૮ — બે દિવસના એક સેમિનારનું આયોજન શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં સહકારથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે રોમન વિઝન ગ્રુપનાં શ્રી ઉમેશભાઈ શાહ તથા અન્ય વ્યક્તિઓએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે કચ્છી સમાજનાં અલગ અલગ જ્ઞાતિની ૧૦-૧૨ વ્યક્તિઓ સાથે મીટિંગ કરી હતી. દરેક કચ્છી પરિવારો આર્થિક રીતે કેવી રીતે સધ્ધર થઈ શકે તેની હકીકતો સમજાવીને રોમન વિઝન ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવેલ બ્લ્યુ પ્રિન્ટ રજૂ કરી હતી. આ બ્લ્યુ પ્રિન્ટ પ્રમાણે ઉદ્યોગકારો, ગૃહ ઉદ્યોગ કરનારાઓ તથા વ્યાપારી વર્ગને સાંકળી લઈને જે આયોજનો વિચારવામાં આવ્યા હતા તેની વિસ્તૃત માહિતી દાખલા દલીલ સહિત સમજાવી હતી. તે ઉપરાંત જે કચ્છી પરિવારો ઉપરોક્ત વિગત સિવાયનાં ક્ષેત્રમાં કાર્યરત હોય, દા.ત. નોકરી કરતા હોય કે અન્ય કોઈ રીતે રોજી મેળવતા હોય, તેઓ કઈ રીતે આગળ વધી શકે તેની સવિસ્તાર માહિતી આપી હતી. આ રીતે કચ્છી સમાજનાં વિવિધ વિસ્તારના વિવિધ ગ્રુપ તથા વિવિધ સ્તરનાં કચ્છીઓ આ યોજના અનુસાર સખત મહેનત કરે તો તેના સારા પરિણામો મેળવી શકાય તેવું જણાવવામાં આવ્યું હતું.

ઉપરોક્ત કાર્યક્રમ બાદ બીજા દિવસે એટલે કે રવિવાર, તા. ૧૪-૧૨-૨૦૦૮ના રોજ સવારના ૯ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કચ્છી પરિવારજનોનાં સભ્યો માટે એક સંમેલન યોજાયેલ હતો. જેમાં લગભગ ૮૦ વ્યક્તિઓ હાજર રહેલ હતી. કચ્છી સમાજનાં લગભગ પ્રત્યેક ઘટકનાં સભ્યો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા પણ મુંબઈથી આવી ગયેલ હતા. તેઓનું વક્તવ્ય હાજર રહેલા સૌ માટે પ્રેરણાદાયક રહેલ હતું. પોતાની યોજનાની વિગત તેઓશ્રીએ ઉપસ્થિત રહેલ શ્રોતાગણ સમક્ષ રજૂ કરી હતી.

આ સંમેલનના બપોરના સેશનમાં શ્રી નયનભાઈ ભેદા ઉપસ્થિત રહેલ હતા. તેઓએ પણ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું હતું. મુંબઈ સ્થિત શ્રેષ્ઠીવર્ય શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશીએ પણ થોડા સમય માટે હાજરી આપી હતી. 'કચ્છ રચના'ના તંત્રી શ્રી ભવાનજીભાઈ ગાલા ઉપરાંત અમદાવાદ સ્થિત શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર સહિત કચ્છી ઘટક સમાજમાંથી અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી શાંતિલાલ રામજી ગાલા, શ્રી નવીનભાઈ પોલડિયા, શ્રી અશ્વિન સાવલા, શ્રી રમણિકભાઈ ગોસર વગેરેએ સંમેલનની સફળતા ઈચ્છેલ હતી. અમદાવાદ સ્થિત કચ્છી કાર્યકર્તાઓ પ્રસ્તુત યોજનાને કેવી રીતે આગળ ધપાવે છે તેના પર ભવિષ્યની યોજનાનો મદાર રહે છે, તેવું જણાવવામાં આવ્યું હતું.

અગાઉ નક્કી કર્યા મુજબ જાન્યુઆરી-૨૦૦૯ 'મંગલ મંદિર'નો અંક 'દક્ષિણ ગુજરાત વિશેષાંક' તરીકે પ્રસિધ્ધ કરવાનું ઠરાવેલ. તે મુજબ મંગલ મંદિરના તંત્રી મંડળે ખૂબ જ જહેમત લઈ અંક તૈયાર કર્યો અને તેના બે દળદાર ભાગો તૈયાર કર્યા હતા. 'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૦૯નો અંક દક્ષિણ ગુજરાત વિશેષાંક હતો. તેનું વિમોચન તા. ૧૮-૧-૨૦૦૯નાં રોજ સુરત ખાતે શ્રી દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજનાં ૧૦મા વાર્ષિક મિલન સમારંભમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આખરે એ દિવસ આવી ગયેલ. મુખ્ય પ્રસંગ હતો શ્રી દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજનો ૧૦મો વાર્ષિક મિલન સમારંભ. કાર્યક્રમનું સ્થળ હતું "અમીધારા" કડવા પાટીદારની વાડી - સુરત. આ પ્રસંગે સમારંભ પ્રમુખ તરીકે શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ - મુંબઈનાં પ્રમુખશ્રી ડૉ. રમેશભાઈ દેઢિયા અને અતિથિ વિશેષ તરીકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મે.ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા બિરાજમાન હતા. સ્ટેજ ઉપર વિવિધ શહેરો ખાતેના દક્ષિણ ગુજરાત ક.વી.ઓ. સમાજના મહાનુભાવો ઉપસ્થિત હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આદ્યસ્થાપક અને પૂર્વપ્રમુખ, વડીલ શ્રી હીરજી પાસુભાઈ શાહ, સુરત મ્યુ.કોર્પો.ના એકમાત્ર કચ્છી કોર્પોરેટર શ્રી મુળજીભાઈ ઠક્કર સ્ટેજ ઉપર માનવંતા મહેમાન તરીકે ઉપસ્થિત હતા. શ્રી કચ્છી જૈન સમાજ - સુરતનાં માનદ્ મંત્રી શ્રી જયેશભાઈ વીસરિયા, દક્ષિણ ગુજરાતના વિવિધ શહેરોનાં ક.વી.ઓ. સમાજનાં સભ્યો, લોહાણા સમાજ, ભાનુશાળી સમાજ, મહેશ્વરી સમાજ, ગૂર્જર સમાજ, વાગડ સમાજ વગેરે વિવિધ ઘટક સમાજોનાં આગેવાનશ્રીઓ પણ ઉપસ્થિત હતા. અંદાજિત ૫૦૦થી વધુ લોકોએ આ કાર્યક્રમ નિહાળ્યો હતો.

*(ક્રમશઃ)*

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

તંદુરસ્તી

# માનસિક સ્વાસ્થ્ય (Mental Health) – ૨

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

સ્વાસ્થ્યની વ્યાખ્યા વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O.) આ પ્રમાણે આપે છે : "શારીરિક, માનસિક, સામાજિક તથા આધ્યાત્મિક સ્તર પર સુસ્થિતિ હોવી, ફક્ત બીમારી ન હોવી એ નહીં." માનસિક સ્વાસ્થ્યને શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

આ વર્ષનું વૈશ્વિક માનસિક સ્વાસ્થ્ય દિન (૧૦ ઓક્ટોબર) નિમિત્તેનું સૂત્ર (Theme) છે "ચિત્તભ્રમની બીમારી તથા પરિવારજનો" (Living with Schizophrenia) પરિવારજનો ચિત્તભ્રમની બીમારી તથા ચિત્તભ્રમની બીમારીથી પીડાતા દર્દીને સહાનુભૂતિપૂર્વક મનથી સ્વીકારે જેથી સારવારમાં સરળતા રહે અને દર્દી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે.

આગળના લેખમાં આપણે બે ગેરસમજો વિશે મનોવૈજ્ઞાનિક સમજણ મેળવી.

- **ગેરસમજ-૧ :** ***"કોઈએ આ વ્યક્તિને કાંઈ કરી નાખ્યું છે. ભૂત-પીશાચ, દૈવી કે શયતાની અસર છે. બહારનું કાંઈ છે."***
- **ગેરસમજ-૨ :** ***"કેટલું સમજાવ્યું છતાં પોતાના વિચારો બદલતો નથી, વિચારો છોડતો નથી."***

- **મનોવૈજ્ઞાનિક સમજ :**

વર્તન, વિચારો, વાણી, કાર્યશક્તિ પર થતી વિપરીત અસરો મનની બીમારીને લીધે છે. જેની યોગ્ય વૈદ્યકીય (મનોચિકિત્સા) કરાવવી જરૂરી છે.

પૂછા-આછા કરાવવામાં, ભૂવા પાસે વિધિ કરાવવામાં, દોરા-ધાગા કરાવવામાં વગેરેમાં સમય તથા પૈસાની બરબાદી કરાવવાને બદલે મનોચિકિત્સક દ્વારા યોગ્ય સારવાર કરાવવાથી દર્દી જલ્દી નોર્મલ થાય છે અને ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

વિચારો પર વ્યક્તિનો કાબૂ ન હોવો એ મનની બીમારી છે. યોગ્ય સારવાર કરાવવાથી વ્યક્તિ નોર્મલ થાય છે તથા પૂર્વવત પ્રમાણે વિચારો પર કાબૂ મેળવે છે.

આ લેખમાં અન્ય ગેરસમજ વિશે મનોવૈજ્ઞાનિક જાણકારી મેળવીએ.

## ગેરસમજ-૩

***"તે આળસુ થઈ ગયો છે. એને કામ કરવું નથી."***

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

કામ કરવાની ઈચ્છાનું લુપ્ત થવું તથા કામ કરવાની ઉત્સુકતા ન રહેવી એ ચિત્તભ્રમની બીમારીનું લક્ષણ છે તથા દર્દીના કાબૂમાં નથી.

- **કેસ સ્ટડી :**

૩૪ વર્ષનો અમિત (નામ બદલ્યું છે) કામ પર જતો ન હતો. બે-એક મહિનાથી ઘરે જ રહેતો હતો. કામ પર ન જવાનું કોઈ યોગ્ય કારણ ન હતું. છએક મહિનાથી કામ પર અનિયમિત જતો હતો તથા બે મહિનાથી જવાનું સદંતર બંધ કરી દીધું હતું. ઘણી વખત ઘરેથી સમયસર તૈયાર થઈ કામ પર જવા નીકળતો, પરંતુ કામ પર મોડો પહોંચતો હતો. કામ પર પહોંચવામાં મોડું શા માટે થાય છે એ પ્રશ્નનો વ્યવસ્થિત ઉત્તર અમિત ન આપતો. ઘણી વખત કામ પૂરું થયું ન હોય તો પણ અધવચ્ચેથી કામ છોડી કામના સમયની પહેલા નીકળી જતો. કામમાં પણ ઘણી ભૂલો થતી હતી. આ ભૂલો પહેલા થતી ન હતી.

થોડાક સમયથી અમિતનું બોલવાનું ખૂબ જ ઓછું થઈ ગયું હતું. "હા" કે "ના" માં જ જવાબ આપતો હતો. આખો દિવસ પોતાના રૂમમાંથી બહાર ન નીકળતો. આજુબાજુ શું થઈ રહ્યું છે એની એને પરવા ન હતી. પોતાની દુનિયામાં, વિચારોમાં ખોવાયેલો રહેતો હતો.

પરિવારજનોએ સમજાવવાની ખૂબ કોશિશ કરી. જેથી અમિત કામ પર જાય. "નોકરી નહીં કરે તો ઘર કેમ ચાલશે? બાળકનું શું થશે? ટ્યુશન ફી તથા ઘરનો અન્ય ખર્ચો કેમ નીકળશે?" વગેરે પ્રશ્નો કરી અમિતને સમજાવવાના પ્રયત્નો કર્યા. પરિણામ શૂન્ય આવ્યું.

હિતેચ્છુની સલાહથી મનોચિકિત્સક (લેખક)નો અભિપ્રાય લીધો. મનોચિકિત્સકે પરિવારજનોને સમજાવ્યું કે આવી વર્તણૂક (કામ પર જવા માટેની ઈચ્છા ન થવી, પોતાના વિચારોમાં ખોવાઈ જવું, આજુબાજુ ધ્યાન ન હોવું વગેરે) મનની બીમારીનું લક્ષણ છે. દવાઓની સારવાર શરૂ કરી. ત્યારબાદ કાઉન્સેલિંગ કર્યું. ધીમે ધીમે અમિતની વર્તણૂકમાં સુધારો થયો. પરિવારજનો જોડે બોલવાનું વધ્યું. નોકરીએ જવાની ઈચ્છા જાગી. કામ પર જવાનું નિયમિત

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

શરૂ કર્યું. કામમાં એકાગ્રતા વધી. ભૂલો લગભગ બંધ થઈ ગઈ. અમિત પૂર્વવત નોર્મલ થયો.

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

કામ કરવાની ઈચ્છાનું લુપ્ત થવું એ ચિત્તભ્રમ બીમારીનું લક્ષણ છે. દર્દી આળસુ થઈ ગયો છે કે જાણી કરીને કામ નથી કરવું એવું નથી હોતું. એ વ્યક્તિને સલાહ આપવાથી કે એ વખતે કાઉન્સેલિંગ કરવાથી વ્યક્તિ કામ પર જતી નથી. પરંતુ યોગ્ય નિદાન તથા યોગ્ય વૈદ્યકીય સારવારથી ફાયદો થાય છે અને વ્યક્તિ (દર્દી) પૂર્વવત કામ પર જાય છે.

## ગેરસમજ-૪

*"લગ્ન કરવાથી દર્દી નોર્મલ થશે તથા જવાબદારી સ્વીકારશે."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

જેમ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઈડની બીમારી લગ્ન કરવાથી મટતી નથી પરંતુ આ બીમારીઓ માટે યોગ્ય સારવારની જરૂરત છે.

તેવી જ રીતે ચિત્તભ્રમની બીમારી એક બીમારી છે એ સમજવું જરૂરી છે તથા સ્વીકારવું જરૂરી છે. આ બીમારી માટે યોગ્ય વૈદ્યકીય સારવાર કરવી અગત્યની છે.

- **કેસ સ્ટડી :**

૨૫ વર્ષનો રોહિત (નામ બદલ્યું છે) કોઈ કામકાજ કરતો ન હતો. ૧૦મી પછી કોલેજમાં ત્રણેક વર્ષ ગયો. બે વર્ષ લગાતાર નાપાસ થયો એટલે કોલેજ છોડી દીધી. રોજ દિવસના બારેક વાગે ઉઠતો હતો. બે-એક વાગ્યા સુધી તૈયાર થતો. ઘણી વખત બ્રશ કર્યા વગર જમતો. ત્યારબાદ પપ્પાના ધંધા પર જતો. ત્યાંથી પાંચેક વાગે પાછો આવી જતો. ધંધાની કોઈપણ જવાબદારી લેતો ન હતો. રોહિત પપ્પાને કહેતો કે, 'મને સ્વતંત્ર ધંધો કરવો છે. મને ૫૦ લાખ રૂપિયા આપો.' ધંધાનું કોઈપણ પ્લાનિંગ રોહિત પાસે ન હતું. ધંધા વિશે જાણકારી પણ ન હતી. નજીવી બાબતમાં રોહિતને ખૂબ ગુસ્સો વારંવાર આવતો હતો. ગુસ્સામાં એણે નવું મોંઘો મોબાઈલ ભીંતમાં પછાડી તોડી નાખ્યો હતો. ટી.વી. પણ તોડી નાખ્યું હતું.

પરિવારજનો સલાહ આપતા હતા કે લગ્ન થશે, જવાબદારી આવશે તો કામકાજ ધંધો કરશે. મમ્મી - પપ્પાને પણ થયું કે વાત સાચી છે. જવાબદારી નાખશું તો રોહિતમાં ફેરફાર થશે. સમાજમાં કુટુંબનું નામ સારું હોવાથી રોહિતના લગ્ન માટે અડચણ ન આવી. લગ્ન થઈ ગયા.

લગ્ન બાદ પણ રોહિતની વર્તણૂકમાં ફરક ન પડ્યો. રોહિતની એની પત્ની જોડે અવારનવાર ચમકચ થવા લાગી. પત્ની રોહિતને કામ કરવા તથા જવાબદારી લેવા સમજાવતી. આથી રોહિતને ગુસ્સો આવતો હતો. મોડું ઉઠવાનું, બપોર પછી ધંધા પર જવાનું, બે-ત્રણ કલાક બાદ ઘરે આવી જવાનું, રાત્રે મોડું સુવાનું – આ વર્તણૂકમાં ફેરફાર ન થયો. લગ્નના આઠેક મહિના બાદ રોહિતનો પત્ની જોડે મોટો ઝઘડો થયો. રોહિતે પત્નીને ખૂબ મારી. પત્ની પિયરે ચાલી ગઈ. બે કુટુંબ વચ્ચે ઝઘડો વધી ગયો. છુટાછેડાની નોબત આવી. એકબીજાની સંમતિથી છુટાછેડા થયા.

ત્યારબાદ રોહિતની વર્તણૂક વધારે બગડી. એને લાગ્યું કે મમ્મી - પપ્પાને લીધે પત્ની છોડી ગઈ. રાતના મોટો અવાજ રાખી ટી.વી. કાર્યક્રમ જોતો. પરોઢિયે સૂવા જતો. બપોરના બે કે ત્રણ વાગે ઉઠતો. ગુસ્સો ખૂબ જ વધી ગયો હતો. રાતના બે વાગે ગરમ ખાવાનું માંગતો. મમ્મી રાતના ખાવાનું ન બનાવી આપે તો મમ્મીને રાતના પરેશાન કરતો. ધંધા પર જવાનું તો બિલકુલ બંધ કરી દીધું હતું. બીજા લગ્ન કરવા માટે સતત માંગણી કરતો હતો.

ફેમિલી ડૉક્ટરે મનોચિકિત્સકનો અભિપ્રાય લઈ સારવાર કરવા સલાહ આપી.

રોહિતનો કિસ્સો ચિત્તમભ્રમની બીમારીનો કિસ્સો છે. સારવાર બાદ રોહિતમાં બદલાવ આવ્યો, જે લગ્નને લીધે ન આવ્યો હતો. ગુસ્સો એકદમ ઓછો થઈ ગયો. રોહિતના પપ્પાને સમજાયું કે રોહિત મનની બીમારીથી પીડાય છે. એની યોગ્ય સારવાર કરવી જોઈએ. લગ્ન કરવાથી બીમાર વ્યક્તિ જવાબદારી લેશે એ માન્યતા ભૂલભરેલી હતી એમ રોહિતના પપ્પાને સમજાયું.

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

લગ્ન એ મનની (માનસિક) બીમારીનું નિરાકરણ નથી. મનની બીમારીનું યોગ્ય નિદાન લક્ષણો (વિચાર, વર્તણૂક, વાણી, કાર્યશક્તિ વગેરેમાં વિપરીત અસરો) પરથી થાય છે. ત્યારબાદ યોગ્ય સારવાર કરવી જોઈએ. મનની બીમારીના સારવારના પરિણામો શારીરિક બીમારીના સારવારના પરિણામો જેવા આવે છે તથા વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે, પોતાની જવાબદારીઓ લઈ શકે છે.

*(સંપૂર્ણ)*

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

ફાર ઈસ્ટ
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
દુબઈ • આબુધાબી
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન
યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
મુલુંડ
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

# ભારતીય બંદરોના વિકાસમાં કચ્છીઓનું યોગદાન

કચ્છ

● હસમુખ અબોટી ●

સંજાણ, દ્વારિકા, પોરબંદર, વેરાવળ જેટલાં ખ્યાત બંદરો છે, તેટલાં જ કચ્છનાં લખપત, કોટેશ્વર, જખૌ, માંડવી, મુંદ્રા, ભદ્રેશ્વર અને કંડલા પ્રખ્યાત છે. ઈ.સ. પૂર્વે કચ્છનાં બંદરોનો વ્યાપારિક સંબંધ છેક મોસેપોટેમિયા સુધી હતો. જેનાં ઘણાં પ્રમાણો દેશી-વિદેશી ઈતિહાસકારો પાસેથી મળે છે. સિંધુ સંસ્કૃતિના અવશેષો લોથલ, રોઝડી, ધોળાવીરા અને કોટડા-ટીંબામાંથી મળ્યા છે. તેની સાથે સાથે કચ્છનાં કલા, વેપાર અને બંદરોનો પરિચય પણ મળ્યો છે.

સૈકાઓ પહેલાં ભાટિયા, ખોજા, લોહાણા, જૈનો જેવી સાહસિક-વ્યાપારિક કચ્છી પ્રજાએ સાત સમુદ્રો ઓળંગી પોતાની શાખ બનાવી હતી. આવી કૈંક ગુજરાતી પ્રજાના ઈતિહાસ આલેખવા હજુ પણ બાકી છે.

તેરમી સદીમાં ભદ્રેશ્વર બંદર સમૃદ્ધિમાં આળોટતું હતું. અહીંના જગવિખ્યાત દાતાર જગડુશાનો વેપાર આફ્રિકાના વિવિધ દેશો સાથે હતો. અઢળક ધનપ્રાપ્તિ કચ્છ અને ગુજરાતમાં ખર્ચી પોતાના દિલની ઉદારતા દુષ્કાળ વખતે બતાવેલી. એ જ રીતે અઢારમી સદીમાં બ્રહ્મક્ષત્રિય શા સુંદરજી સોદાગરે ઘોડાના વેપારમાંથી કરેલી કમાણી પણ લોકહિતાર્થે ખર્ચેલી.

કચ્છી ભાટિયા અને લોહાણાએ કચ્છના માંડવી બંદરને સમૃદ્ધિ બક્ષી છે. તેમના થકી તો આ બંદરે ચોર્યાસી દેશોના વાવટા ફરકતા. આ લોકોએ જ કચ્છી ચાંદ સૂરજવાળા વાવટા ફરકાવી કચ્છ પ્રદેશના નામની બુલંદી જાહેર કરેલી. અંધારિયા ખંડ તરીકે ઓળખાતા આફ્રિકામાં જ્યારે ભાટિયાઓએ પગ મૂક્યો ત્યારે ભાગ્યે જ કોઈએ કલ્પના કરી હશે કે આ કોમ ભવિષ્યમાં સંઘર્ષ કરીને આગળ આવશે. પરંતુ સાચું એ છે કે ત્યાંની અબૂજ અજ્ઞાની પ્રજાને સંસ્કાર આપ્યા. અરે! આટલી પ્રજામાં કોઈ રાજા નહીં? રૈયતનાં રખોપાં કરનાર કોઈ નહીં એવા વિચાર સૌપ્રથમ માંડવીના રામજી પ્રાગજી અને કલ્યાણજી દોશી જેવા ભાટિયા સદ્‌ગૃહસ્થોને આવેલા. તેઓ મસ્કતના રાજાના પુત્રને આફ્રિકા લઈ આવ્યા અને અહીંના રાજા બનાવ્યા. કોઈ પણ પ્રકારની લાલસા કે સ્વાર્થ વિના જંગબારનો વિકાસ ઈચ્છનાર આ સદ્‌ગૃહસ્થો ધારત તો પોતે ઝૂલુ, બાંટું, મસાઈ અને વાહૂમા (હબસી પ્રજા) ના રાહબર બની શકત. પણ ના, આ તો હિંદુસ્તાની લોહી! વિદેશી પ્રજા પર હકૂમત કરવા કરતાં વેપારમાં વધુ દિલચસ્પી હતી.

ઈ.સ. ૧૮૪૦માં જંગબારના સુલતાને વસૂલાતનો ઈજારો કચ્છના ભાટિયા માધવજી ટોપણને આપેલો. ઈ.સ. ૧૯૫૦માં આ ઈજારો મુંદ્રાના ઈબજી શિવજી અને જેરામ શિવજીની પેઢીએ રાખ્યો. આ પેઢીના મુનિમ લધા દામજી હતા. ઋજુહૃદયી રામજી પ્રાગજીની વિચારધારાએ આ પેઢીને નવા વિચારો આપ્યા. રામજી પ્રાગજી અને લધા દામજીએ ગુલામોના વેપારને ન માત્ર દૂર કર્યો પણ ત્યાંની પ્રજામાં વેપાર કરવાની કુનેહ બતાવીને સંસ્કારો આપ્યા. આજે જે આફ્રિકન પ્રજા સુસંસ્કૃત બની છે તેના મૂળમાં આ બન્ને મહાનુભાવોનો ફાળો બહુમૂલ્ય છે. ખરેખર તો આ પ્રજા તેઓની ઋણી છે અને રહેશે. આ જ અરસામાં લખપતના ઘણા લોહાણા ભાઈઓએ યુરોપ-આફ્રિકા સાથે વેપાર કરેલો. સેંકડોની સંખ્યામાં આ બંદરે લાંગરતાં વહાણોએ કચ્છરાજની ઝોળી છલકાવી દીધેલી. હજુ આઝાદી પૂર્વે લખપત અને કોટેશ્વર વચ્ચેના 'બુધુબંદરે' સુંદરજી મોનજી અનમનાં પાંચ વહાણો ભાંગેલા લખપતને બેઠું કરતાં રહ્યાં. તેમના 'બગલા' વહાણે સફરોનાં સીમાચિહ્નો વટાવ્યાં હતાં. અલબત્ત, તેમના સહયોગી અનેક પેઢીઓ અને વેપારીઓ પણ જોડાયેલા હતા જ. તો પછી જખૌ બંદર પણ કંઈ ગરીબડું ન હતું. કોઠારાના ચન્ના સુરજી ભગદે અને કેશવજી ચંદે ઉર્ફે મમુ મોજારની માલિકીનાં વહાણો બસરાથી ખજૂર લાવતાં. સુથરીના સુરજી વલ્લભદાસ ઠક્કરનાં વહાણો દુનિયાનાં અનેક બંદરો સાથે વેપાર કરતાં. જખૌના મેઘજી વેલજી ગણાત્રાનાં વહાણો આરબ અને આફ્રિકાના દેશોની સફરો ખેડતાં. માંડવીના દામોદર આણંદજી, નેણશી ખીમજી અને નારણજી નેણશી ગણાત્રા, ગોરધનદાસ ખેતશી, જેઠા લીલાધર, પરસોત્તમ ધનજી, કાકુભા જેસરાણી, રણછોડદાસ ઓધવજી, હુસેનભાઈ અલીભાઈ, કરસનદાસ ભાટિયા, એમ. એસ. હેબતુલ્લા, પોપટલાલ હીરાલાલ, ચંદુલાલ ગોરધનદાસ પટેલ, ગોરધનદાસ વલ્લભદાસ જેવા અનેક કચ્છી વેપારીઓનાં વહાણોએ પૃથ્વીની જળપરિઘ પર આંટા મારેલાં. ઠાકરશી ભાટિયા પરિવારના શ્રેષ્ઠી ખીમજી રામદાસે ૧૪૦ વર્ષ પૂર્વે મસ્તકમાં પેઢી સ્થાપી. એ જ રીતે ઈ.સ. ૧૮૮૮માં જામનગરના ગોરાણામાં જન્મેલા અને પોરબંદર નિવાસી નાનજી કાલીદાસ મહેતાના નામનું પીછું પણ ઉમેરવું પડે. તેમણે યુગાન્ડાના ચક્રવર્તી વ્યાપારપુરુષ અને ઉદ્યોગપુરુષનું ગૌરવભર્યું સ્થાન લીધું છે.

મુંબઈના વિકાસમાં પણ કચ્છી વેપારીઓનો ફાળો નાનોસૂનો નથી. માંડવીના જીવરાજ બાલુ મુંબઈમાં પગ મૂકનાર પ્રથમ ભાટિયા હતા અને તે પછી કોઠારાના ગોકુલદાસ તેજપાલ, વલ્લભદાસ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૨ ઉપર)**

*અભાવ મૈત્રીનો હોય છે, મિત્રોનો નહિં.*

# અંધૌની ક્ષત્રપ વસાહત અને કચ્છ મ્યુઝિયમના ક્ષત્રપ શિલાલેખો

● નરેશ પી. અંતાણી ●

આજથી પંદર કરોડ વર્ષ પહેલાં જ્યારે આ ધરતીની ભૂસ્તર રચના થઈ રહેલ હતી, ત્યારનાં પ્રાચીન જળચરોના અશ્મિભૂત અવશેષો આજે પણ કચ્છમાંથી મળે છે. તો ભુજ તાલુકાના લોડાઈ ગામેથી મળેલાં લઘુ પાષાણયુગનાં પથ્થરનાં હથિયારોની નોંધ આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાઈ છે. પાંચ હજાર વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિની વસાહતોના અવશેષો કચ્છના ધોળાવીરા, દેશલપુર ગૂંતલી, શિકારપુર, પાબુમઠ, સૂર કોટડા, કાનમેર, ખીરસરા, ભડલી, કુરન વગેરે સ્થળોએથી મળે છે. આ જ રીતે ક્ષત્રપકાલીન અવશેષો કચ્છના ખાસ કરીને અંધૌ અને બીજા અનેક સ્થળોએથી પ્રાપ્ત થયા છે. ગુજરાતમાંથી પ્રાપ્ત થયેલ ક્ષત્રપના તમામ શિલાલેખોમાંથી સૌથી વધુ ૧૧ શિલાલેખો એકલાં કચ્છમાંથી મળ્યા છે.

કચ્છમાં ઈ.સ. પહેલી સદીના અંતમાં કુષાણોનું શાસન પૂર્ણ થયા પછી ક્ષહરાત વંશના શક શાસકોનું રાજ્ય સ્થપાયું. આ પછી કાર્દમક વંશના શકોનું શાસન આવ્યું. પાછળથી આ શકો કચ્છ સહિત સંપૂર્ણ ગુજરાત અને માળવાના શાસકો બન્યા. આ વંશનો સ્થાપક ત્સામોતિક હતો. જો કે તે કૃષાણોનો ખંડિયો રાજા હોવાનું મનાય છે. તેનો પુત્ર ચાષ્ટન સ્વતંત્ર રાજવી બન્યો હતો. અને તેણે પોતાના રાજ્યની સ્થાપનાની યાદગીરી કાયમ કરવા શક સંવતની શરૂઆત કરી, જે આજે આપણી રાષ્ટ્રીય સંવત છે. કચ્છ માટે ગૌરવની વાત એ છે કે શક સંવતના આરંભ અંગેના બોલતા પૂરાવારૂપ શિલાલેખ અંધૌમાંથી મળ્યા છે.

આ કાર્દમક શકો કે જેમની ઈરાની પદવી 'સેટ્રેપસ'' ના સંસ્કૃત સ્વરૂપે ''ક્ષત્રપ'' તરીકે ઓળખવામાં આવે છે. ક્ષત્રપોના કચ્છમાંથી મળી આવેલા આ શિલાલેખોએ આપણા ગૌરવરૂપ ઈતિહાસની કેટલીક ખૂટતી સાંકળોને જોડી છે તેવું જ માત્ર નથી, પરંતુ આ શિલાલેખોએ, આપણા દેશના ઈતિહાસમાં નવા અધ્યાયો પણ જોડ્યા છે. ક્ષત્રપકાલીન આ શિલાલેખો વિશે વિદ્વતાપૂર્ણ લખાણો, શોધપત્રો અને અનેક પુસ્તકો લખાયાં છે પરંતુ આમ સમાજમાં વસતા ઈતિહાસ રસિકને આ ભવ્ય પ્રાચીન વારસાના ઈતિહાસ વિશે જાણકારી મળે એ માટે કચ્છમાં જ્યાંથી સૌથી વધુ ક્ષત્રપ શિલાલેખો મળ્યા છે તે અંધૌની ક્ષત્રપ વસાહત અને ભુજના કચ્છ મ્યુઝિયમમાં રહેલ ક્ષત્રપ શિલાલેખ વિશે જાણકારી ઉપયોગી રહેશે.

કચ્છ જિલ્લાનો બન્ની પ્રદેશ એશિયાના શ્રેષ્ઠ ચરિયાણ પ્રદેશ તરીકે જાણીતો છે. માત્ર આ પ્રદેશ ચરિયાણ તરીકે જ નહિં પરંતુ બન્નીના અંધૌમાંથી મળેલા ક્ષત્રપ શિલાલેખોએ આ પ્રદેશને પુરાતત્ત્વની દૃષ્ટિએ પણ નામના અપાવી છે.

આજે અંદાજે પાંચસો માણસોની વસતી ધરાવતું અંધૌ કચ્છના પાટનગર ભુજથી ૮૦ કિ.મી. ઉત્તર પશ્ચિમે આવેલું છે. અંધૌ ગામ એ એક પ્રાચીન વસાહત છે. ગુજરાતમાં સૌથી વધુ સાત ક્ષત્રપકાલીન શિલાલેખો એકલાં અંધૌમાંથી જ મળ્યા છે.

અંધૌ બે ભાગમાં વહેંચાયેલું છે — જૂનુ અને નવું. બંને વચ્ચે ટેકરી છે. તે જૂનું ક્ષત્રપકાલીન અંધૌ કિલ્લેબંધીવાળું નગર હતું. હાલની નવી વસાહતથી તે ચારેક કિ.મી. દૂર છે. કિલ્લેબંધીવાળા જૂનાં અંધૌના કિલ્લાના અવશેષો જોઈ શકાય છે. આ જૂના કિલ્લાને અહીં ''અલ્લાહકોટ'' ના નામથી ઓળખવામાં આવે છે. અંધૌ કિલ્લાના ખંડેર છેક ૧૯૬૪ સુધી હયાત હતા. પરંતુ ૧૯૬૫ના ભારત-પાક યુદ્ધ વખતે ભુજથી કુંવારબેટ સુધીનો રસ્તો બનાવવાની તાકીદે જરૂર પડતાં ખાણમાંથી પથ્થરો કાઢવાનું શક્ય ન બનતાં આ ખંડેરના પથ્થરો તેમાં વાપરવામાં આવ્યા હતા. આજે એ જૂના અંધૌને 'શઢ વાળી બાંધી'' એટલે કે, ''પાળિયાવાળી ટેકરી'' તરીકે ઓળખવામાં આવે છે.

સૌ પ્રથમ ઈ.સ. ૧૮૯૮માં કચ્છ રાજ્યના રણછોડભાઈ ઉદયરામ દીવાનને શક સંવત ૫૨ (બાવન) ઈ.સ. ૧૩૦ ના ચાર લષ્ટિલેખો (મૃત્યુનોંધ લેખ) મળ્યા. આ શિલાલેખો ઈ.સ. ૧૯૬૦ સુધી કચ્છની ઈજનેર કચેરીના સ્ટોરમાં હતા. જ્યાંથી કોલકત્તા વિશ્વવિદ્યાલયના સ્થાપક અને ભારત સરકારના પશ્ચિમ વર્તુળના અધ્યક્ષ ડી. આર. ભાંડારકરે પ્રાપ્ત કરી ભુજના કચ્છ મ્યુઝિયમમાં ખસેડાવ્યા હતા.

કચ્છ મ્યુઝિયમમાં ક્ષત્રપકાળના કુલ ૧૧ શિલાલેખો છે. જેમાથી સાત અંધૌમાંથી તથા અન્ય શિલાલેખો વાંઢ (માંડવી), ખાવડા, મેવાસા (રાપર) તથા દોલતપર (લખપત) ખાતેથી પ્રાપ્ત થયા છે. આ તમામ લેખો બાલી લિપિમાં પ્રાકૃત મિશ્રિત સંસ્કૃત ભાષામાં લખાયેલ છે.

અહીં પ્રદર્શિત કરાયેલ આ ક્ષત્રપ શિલાલેખોમાંથી સૌથી અગત્યનો શિલાલેખ શક સંવત ૧૧ (ઈ.સ. ૮૯) નો છે. આ લેખ ક્ષત્રપનો સૌથી જૂનો શિલાલેખ છે. જેમા ક્ષત્રપરાજા ચાષ્ટનનો ઉલ્લેખ છે. આ શિલાલેખ ૧૯૬૮માં કચ્છ મ્યુઝિયમના તત્કાલીન ક્યુરેટર શ્રી દિલીપભાઈ વૈદ્યને પ્રાપ્ત થયેલ છે. આ શિલાલેખ મળતા ભારતીય ઈતિહાસની એક મોટી ખોજ મળેલ છે. આ લેખ મળ્યા પહેલા જે ક્ષત્રપ લેખો મળ્યા તેની સાલવારી ઉકેલી શકાઈ નહોતી. આ લેખથી એ પણ પુરવાર કરી શકાયું કે શક સંવતનો સ્થાપક રાજા ચાષ્ટન હતો.

ઈ.સ. ૧૮૯૮માં પ્રાપ્ત થયેલ શક સંવત ૫૨ (બાવન) ઈ.સ. ૧૩૦ ના ચાર

*પ્રેમ જો તમારા સમગ્ર અસ્તિત્વનો પાયો બની જાય તો પછી કોઈ દુઃખ તમને હેરાન નહીં કરી શકે.*

મૃત્યુ લેખો મ્યુઝિયમમાં પ્રવેશતા જ પ્રદર્શિત કરાયા છે. આ ચારે લેખોમાં રાજાનું નામ અંકિત છે. મહાક્ષત્રપ રાજા રૂદ્રદામનના સમયના ચાર શિલાલેખો પૈકી ત્રણ લેખો મદન નામની વ્યકિતએ પોતાની બહેન જયેષ્ઠવીરા, ભાઈ ઋષભદેવ તથા પત્ની યશદાતાની સ્મૃતિમાં કરાવેલ છે, જ્યારે ચોથો લેખ શ્રેષ્ઠદત્ત નામની વ્યક્તિએ પોતાના પુત્ર ઋષભદેવની સ્મૃતિમાં કરાવેલ છે.

આ ચારે વ્યક્તિઓની સ્મૃતિમાં આ લષ્ટિલેખ ફાગણ વદ બીજના દિવસે સ્થાપવામાં આવેલ હોઈ કોઈ કુદરતની હોનારત કે રોગચારાનો ભોગ આ વ્યક્તિઓ બની હોવાનું અનુમાન કરી શકાય છે. જો કે જાણીતા પુરાતત્ત્વવિદ્ સુબોધકુમાર અગ્રવાલ એવું અનુમાન કરે છે કે લષ્ટિલેખમાં મૃત્યુના કારણની ખબર પડતી નથી. તેથી આ ચારે વ્યક્તિઓ અલગ અલગ તિથિએ મૃત્યુ પામ્યા હશે અને લેખ એક જ દિવસે સ્થાપેલ હોય તેવો પણ સંભવ છે; ચારેય લેખમાં "ફાગુન" બહુલસ દ્વિતીય "વર્ષ દ્વિપંચાસે" એવો ઉલ્લેખ છે અને ક્ષપત્ર રાજવીઓ ચાષ્ટન, જયદામા, અને રૂદ્રદામાનો ઉલ્લેખ છે. મરનાર ચારે એક પરિવારની જ વ્યક્તિઓ છે. જેમાંની ત્રણ ઓપશિત અથવા ઓપષ્ટિ ગૌત્રની છે, જ્યારે એક શાણેક ગૌત્રની છે.

અન્ય એક ક્ષત્રપલેખ માંડવી તાલુકાના વાંઢ ગામથી મળ્યો છે. શક સંવત ૧૦૫ (ઈ.સ. ૧૮૩) ના આ લેખમાં રાજા મહાક્ષત્રપ સ્વામી રૂદ્રદામના પુત્ર મહાક્ષત્રપ રૂદ્રસિંહનો ઉલ્લેખ છે. આ લેખ પણ મૃત્યુલેખ છે. કાર્તિક વદ ૨ ની તારીખ દર્શાવતો આ લેખ અજમિત્ર નામની વ્યક્તિએ અતિમુખ ગૌત્રની સેવિકા (મહિલા) ની સ્મૃતિમાં સ્થાપ્યો છે. આ લેખની છઠ્ઠી પંક્તિમાં 'ક્શ દેશ' એવો ઉલ્લેખ આવે છે, તો ગિરિનગરના રૂદ્રદામનના શૈલાલેખમાં પણ 'કચ્છ' નો ઉલ્લેખ મળે છે. આમ અભિલેખોના આધારે કચ્છની પૂર્વકાલીનતા પશ્ચિમ ક્ષત્રપોના શાસન સમયથી આરંભાય છે.

રાજા રૂદ્રસિંહનો જ એક વધુ લેખ અંધૌ ખાતેથી પ્રાપ્ત થયો છે, જે શક સંવત ૧૧૪ (ઈ.સ. ૧૯૨) નો છે. આ લેખ પણ લષ્ટિલેખ જ છે. પણ મૃતકનું નામ વાંચી શકાતું નથી.

લખપત તાલુકાના દોલતપર ગામેથી ઈ.સ. ૧૯૬૭માં શોધી કાઢવામાં આવેલ એક અભિલેખને સ્તંભ અભિલેખ કહેવો ઉચિત છે, કારણકે આ લેખ થાંભલા જેવી ઊંચી શિલા પર કોતરવામાં આવ્યો છે. વળી તેના લેખમાં પણ છેલ્લી લીટીમાં "થંભે ભિકૃતે" એવું વાંચી શકાય છે. આ લેખની અગત્યતા એટલા માટે છે કે તેમાં સર્વપ્રથમ વાર જ આભિર રાજાનો ઉલ્લેખ જોવા મળે છે. આભિર રાજાના ઉલ્લેખવાળો આ ગુજરાતનો સૌપ્રથમ અભિલેખ છે. તેમા આભિર રાજા ઈષ્ટદેવનું નામ વાંચી શકાય છે. જે સૂચવે છે કે ક્ષત્રપકાળમાં આભિરોનું અસ્તિત્વ હતું. રસેશ જમીનદારનું માનવું છે કે પશ્ચિમી ક્ષત્રપોના શાસનકાળમાં આભિરો વહીવટીકાર્યમાં મુખ્યાધિપતિઓ તરીકે સ્થાન ભોગવતા હોવા જોઈએ. દોલતપર ખાતેથી જ એક ક્ષત્રપકાલીન મસ્તક મળી આવ્યું છે, જે મ્યુઝિયમના પુરાતત્ત્વ વિભાગમાં પ્રદર્શિત કરાયું છે. આ મસ્તક વિષ્ણુનું છે કે સૂર્યનું તે સ્પષ્ટ થતું નથી, પણ કચ્છ મ્યુઝિયમમાં તેનો ઉલ્લેખ 'સૂર્યમુખ' તરીકે કરવામાં આવેલ છે. આ અંગે સંશોધન જરૂરી છે.

અંધૌ ખાતેથી અન્ય એક ક્ષત્રપ શિલાલેખ બીજી સદીનો (૧૨૨ સે.મી. ઊંચો તથા ૨૦ સે.મી. પહોળો) મળી આવેલ છે. આ શિલાલેખનું વંચાણ થયું હોવાનું જણાતું નથી, કેમકે તેની નોંધ જોવા મળી નથી. જો કે મ્યુઝિયમમાં રહેલ લેખ સાથેના લેબલમાં ક્ષત્રપવંશની પ્રશસ્તિ હોવાનું જણાવાયું છે.

રાપર તાલુકાના મેવાસા ખાતેથી મળેલો ત્રીજી સદીના આરંભનો એક લેખ ક્ષત્રપોની વંશાવલી જાણવામાં મદદરૂપ થાય છે. આ લેખ ભર્તુદામાના સમયનો છે. (શક સંવત ૨૦૫ ઈ.સ. ૨૮૩) જો કે ભારતના જાણીતા પુરાતત્ત્વવિદ બી. ડિસકર તેને શક સંવત ૩૦૦નો માને છે. પરંતુ શક સંવત ૨૯૫ને જ અધિકૃત માનવામાં આવે છે. રાજકોટના વોટસન મ્યુઝિયમમાં રહેલ એક શિલાલેખની વિગત પણ મેવાસાના લેખને મળતી આવે છે.

ભુજ તાલુકાના ખાવડા ખાતેથી મળેલો ૨૦ સદીનો એક લેખ મ્યુઝિયમના સંગ્રહમાં છે. ૯૪ સે.મી.ની ઊંચાઈએ અને ૭૪ સે.મી. પહોળાઈ ધરાવતા આ લેખની જાડાઈ ૩૧ સે.મી. છે. આ શિલાલેખનું વાંચન કચ્છ મ્યુઝિયમના ભુતપૂર્વ ક્યુરેટર સ્વ. જે. એમ. નાણાવટી અને ગુજરાતના જાણીતા પુરાતત્ત્વવિદ હરિપ્રસાદ ગ. શાસ્ત્રીએ કરેલ છે.

આ લેખ ક્ષત્રપ રાજા રૂદ્રદામાના સમયનો છે અને રૂદ્રદામાના જ સમયના જુનાગઢના લેખ કરતા વહેલા સમયનો છે. એટલે કે શક સંવત ૫૦ શ્રાવણ વદ-૫ના સમયગાળાનો છે. ધનદેવે પોતાના પિતાની યાદમાં આ લષ્ટિલેખ સ્થાપ્યો છે. આ લેખમાં પણ ખાસ કરીને ક્ષત્રપ રાજાની વંશાવલી નોંધાયેલી છે. ત્સામોતિક, ચાષ્ટન, જયદામા, રૂદ્રદામાના - ૧ આ રીતના રાજવીના નામો વંચાય છે.

કચ્છમાંથી મળેલા આ શિલાલેખોના આધારે એવું અનુમાન કરી શકાય કે ગુજરાતમાં પશ્ચિમી ક્ષત્રપોનો વસવાટ કચ્છમાં અને ખાસ કરીને અંધૌમાંથી જ શરૂ થયો હોઈ ઈ.સ. ૮૯થી ઈ.સ. ૨૮૩ અર્થાત શક સંવત ૧૧થી ૨૦૫ સુધી પશ્ચિમી ક્ષત્રપોની સત્તા કચ્છમાં ટકી હોય. ગુજરાતના દીર્ઘકાલીન ઈતિહાસમાં જે મહત્ત્વના સ્વતંત્ર રાજ્યોની ગણના થાય છે તેમાં પશ્ચિમી ક્ષત્રપોનું સૌપ્રથમ હરોળમાં સ્થાન છે.

કચ્છમાંથી મળી આવેલા આ શિલાલેખો આપણા ઈતિહાસની ખૂટતી સાંકળો જોડવામાં મદદરૂપ પુરવાર થાય છે. અંધૌની ધરતીમાં હજુ પણ ઘણું ધરબાયેલું હશે, જેનું ઉત્ખનન હાથ ધરાય તે જરૂરી છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાનાયક્ષ મંદિર પાસે,*
*રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

*જે ભૂલો કરતો નથી એ ભાગ્યે જ કંઈ કરતો હોય છે.*

માહિતી

# વિકલાંગો સશક્ત બની શકે છે

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન WHO અને World Bank દ્વારા અપંગતા પર પ્રકાશિત કરાયેલા એક અહેવાલ મુજબ વિશ્વની વસતીના ૧૫ ટકા એટલે એક અબજ જેટલા લોકો અપંગતા સાથે જીવન જીવી રહ્યા છે. ભારતમાંજ અપંગ લોકો અંદાજે બે કરોડથી વધુ છે. અપંગોમાં પણ કુદરતે ખાસ શક્તિ અર્પેલી છે. તેઓ અપંગ હોવા છતાં અશક્ત મનાતા નથી. હેલન કેલર, સ્ટીફન હોકીન્સ, માઈકેલ એન્જોલો, મોઝાર્ટ આદિ આમાં સમાવિષ્ટ છે. માનવ અપંગો માટે સમાન જીવનનું સ્વપ્ન સાકાર કરવા માટે સૌથી મહત્ત્વનો ફેરફાર આપણે આપણા મનમાં અને વિચારોમાં કરવાનાં રહે છે.

## • ભારતમાં તથા ગુજરાતમાં વિકલાંગો :

સામાન્ય રીતે શરીરમાં માનસિક કે શારીરિક રીતે કોઈ ઉણપ ધરાવતી વ્યક્તિને વિકલાંગ કહે છે. ભારતમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ઈ.સ. ૧૯૮૧માં પહેલી જ વખત વસતિ ગણત્રીમાં વિકલાંગતાની નોંધ લેવાયેલી. ઈ.સ. ૨૦૦૧ની વસતિ ગણત્રીમાં એવો નિષ્કર્ષ છે કે ભારતમાં વિકલાંગ ધરાવતી વસતિ કુલ વસતિના ૨.૨ ટકા છે. જેમાં ૧.૬ ટકા શહેરી તથા ૦.૬ ટકા ગ્રામીણ વિસ્તારોમાં છે. દેશમાં ૧૦.૬૩ ટકા લોકો એક કરતાં વધુ પ્રકારની વિકલાંગતા ધરાવે છે.

ગુજરાત રાજ્યમાં કુલ વસતિના ૨ ટકા લોકો વિકલાંગ છે. જેમાં ઇ.સ. ૨૦૦૧માં ગુજરાતમાં ૧૦,૪૫,૪૬૫ લોકોને વિવિધ ક્ષતિઓ છે. સાંભળવાની, હલનચલનની, દૃષ્ટિની, બોલવાની તથા માનસિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓનો આમાં સમાવેશ થાય છે. હલનચલનની ક્ષતિ તથા સાંભળવાની ક્ષતિ ધરાવતી વ્યક્તિઓની સંખ્યા ગુજરાતમાં સવિશેષ છે.

## • વિકલાંગતાના પ્રકાર :

દર સો વ્યક્તિએ વિકલાંગ વ્યક્તિઓનું શહેરો તથા ગામડાઓમાં પ્રમાણ કેટલું છે તે "ડિસેબલ્ડ પર્સન્સ ઈન ઈન્ડિયા" ના ઈ.સ. ૨૦૦૨ના અહેવાલમાં અપાયેલું છે. સવિશેષ વિકલાંગતા "એક કરતાં વધુ" ૧૨ શહેરી વિસ્તારોમાં તો ૧૦ ગ્રામ્ય વિસ્તારમાં છે. મંદ બુદ્ધિ ધરાવતા ૪ ગ્રામ્ય અને ૪ શહેરી વિસ્તારોમાં છે. માનસિક બીમારીવાળા ૫ શહેરી તથા ૫ ગ્રામ્ય વિસ્તારોમાં છે. જ્યારે અંધત્વ ૮ શહેરી અને ૧૦ ગ્રામ્ય વિસ્તારોમાં છે. હલનચલનની ક્ષતિવાળા ૫૫ શહેરી અને ૫૨ ગ્રામ્ય વિસ્તારોમાં છે.

## • વિકલાંગોને મળતી સહાય તથા વિકલાંગોના માનવ હક્કો:

આપણા બંધારણના તમામ હક્કો વિકલાંગોને પ્રાપ્ય છે. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં વિકલાંગોના વિકાસને રાજ્યની ફરજ ગણાવાઈ છે. ઈ.સ. ૧૯૯૫ના વિકલાંગ ધારા અન્વયે અનેક અધિકારો જેવા કે શિક્ષણનો, પુનર્વસનનો, રોજગાર સંબંધી, સાધન સહાય, મુસાફરીની સરળતા, સામાજિક સુરક્ષા, વિકલાંગ અધિકારોના રક્ષણ આદિ સમાવિષ્ટ છે.

ભારતમાં યુનોને અનુસરીને ઇ.સ. ૧૯૯૭માં "રાષ્ટ્રીય વિકલાંગ - આર્થિક સહાય અને વિકાસ નિગમ"ની સ્થાપના કરેલી છે. જેમાં રોજગારલક્ષી યોજના, શિક્ષણ સંબંધી યોજના, રાહત યોજના, આર્થિક સાધન યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## • સામાજિક સુરક્ષા સંબંધી યોજના :

આ યોજના અન્વયે ગુજ.હાઉ.બોર્ડ દ્વારા બનાવાયેલ ફ્લેટમાં ૩% અનામત, ગુજ. ગ્રામ વિકાસ બોર્ડના મકાનોમાં ૨% અનામત વિકલાંગો માટે છે. માનસિક અસ્થિર વારસદારોને ફેમિલી પેન્શન આપવા, ૮૦% થી વધુ વિકલાંગતા ધરાવનારને "સુદામા યોજના" અનુસાર માસિક રૂ. ૨૦૦ થી ૪૦૦ સુધીની સહાય અપાય છે.

## • આર્થિક સાધન સહાય યોજના :

રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં રહીને કૃત્રિમ અવયવો, કાંખઘોડી, કેલીપર્સ, સીલાઈ મશીન, મોચીકામનો સંચો, એમ્બ્રોઈડરી મશીન, હિયરિંગ એઈડ, ભરત ગુંથણ મશીન, સાઈકલ રીપેરીંગના સાધનો, ઈલેક્ટ્રીક તથા કમ્પ્યુટર મશીન તથા સંગીતના સાધનો અપાય છે.

## • શિક્ષણ સંબંધી યોજના :

ભારતમાં શિક્ષણ માટે રૂ. ૭.૫૦ લાખનું ધીરાણ, S.S.C. H.S.C. પરીક્ષામાં ફી માફી તથા ૩૦ મિનિટ વધારાની છૂટ, ઉચ્ચશિક્ષણ અને વ્યવસાયલક્ષી શિક્ષણમાં અભ્યાસક્રમ ફીના ૫૦% અથવા રૂ. ૨૫૦૦/- બે માંથી જે વધુ હોય તે. ૮૦%થી વધુ વિકલાંગતાં માટે ૧૮ થી ૬૪ વર્ષની વયજુથના વિકલાંગો માટે માસિક રૂ. ૪૦૦ સુધીની "સંત સૂરદાસ યોજના" છે.

## • રાહત યોજના :

મકાન બાંધકામ માટે બજાર કિંમતની ૫૦% રકમની રાહત અપાય છે. મુસાફરી ભાડું મફત, વ્યવસાયવેરો, વાહનવેરો, સેલટેક્ષ, અંધજન સાહિત્ય પોસ્ટેજ, બ્રેઈલલિપિ સાહિત્ય પોસ્ટેજમાંથી મુક્તિ અપાયેલી છે. ટેલીફોન જોડાણમાં અગ્રતા અપાય છે.

## • રોજગારલક્ષી યોજના :

સરકારી નોકરીમાં ૩ ટકા અનામત વય મર્યાદામાં છૂટછાટ વર્ગ

*બધા મોટા માણસ ન થઈ શકે, પણ માણસ તો થઈ શકે ને?*

૩-૪ માટે ૧૦ વર્ષની છે. STD બુથ ફાળવણીમાં અગ્રતા અપાય છે. વ્યવસાયિક હેતુ માટે વાહન ખરીદી, ખેતી ક્ષેત્ર વિકાસ અર્થે રૂ. ૧૦ લાખ સુધી ધીરાણ ઉપલબ્ધ છે. વિકલાંગ તાલીમ આપતી સંસ્થાઓને સહાય આપવામાં આવે છે. નાના ઉદ્યોગો માટે વિકલાંગોને રૂ. ૨૫ લાખ સુધી ધીરાણ ઓછા વ્યાજ દરે અપાય છે.

### ● વિકલાંગો માટે રોજગારલક્ષી તાલીમ કેન્દ્રો :

વિકલાંગોને રોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થાઓ ગુજરાત રાજ્યમાં સારા પ્રમાણમાં છે. તેમાંની કેટલીક સંસ્થા કે કેન્દ્રોની વિગતો આ મુજબ છે.

**અંધજનો માટે :**

(૧) અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન. (૦૭૯) ૨૬૩૦૪૦૭૦

(૨) અંધ કલ્યાણ કેન્દ્ર, પરમસુખ સોસાયટી પાછળ વિહાર કોલોની સામે, રાણીપ, અમદાવાદ.

(૩) પુખ્તવય - ચક્ષુહીન તાલીમ કેન્દ્ર, વલસાડ.

(૪) પુખ્તવય ચક્ષુહીન તાલીમ કેન્દ્ર, મીનલ રોડ, અમરેલી.

(૫) અંધજન તાલીમ કેન્દ્ર, ઍરોડ્રોમ રોડ, જામનગર.

(૬) પંડિત સુખલાલજી, અંધજન તાલીમ કેન્દ્ર, વીસનગર.

(૭) ધ ટાટા એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ટ્રેનિંગ એન્ટર ફોર બ્લાઇન્ડ, મુ. ફણસા, દમણ - વાપી પાસે, જિ. વલસાડ

**બહેરા મૂંગા માટે :**

(૧) શ્રી ડી.સી. પારેખ સંચાલિત બહેરા-મૂંગા શાળા, સુરેન્દ્રનગર

(૨) શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરામૂંગા શાળા, વિદ્યાનગર, ભાવનગર.

**અન્ય સંસ્થાઓ :**

(૧) ધી સોસાયટી ફોર ફિઝીકલ હેન્ડીકેપ, ૬ સુદામા હાઉસ, પ્રીતમ નગર પહેલો ઢાળ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

(૨) અપંગોનું શેલ્ટર્ડ વર્કશોપ, મુ.પો. સિંઘરોટ, જિ. વડોદરા.

(૩) સદ્‌વિચાર પરિવાર, વિકલાંગ પુનર્વસન કેન્દ્ર, જિ. ઉવારસદ, તા.જિ. ગાંધીનગર.

### ● વિકલાંગોને મળતી સાધન સહાય :

વિકલાંગોને આર્થિક રીતે પગભર થવા સાધન સહાય અપાય છે. તેની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પાસે છે. આ સાધન સહાયમાં લુહારીકામ, વાંસકામ, સુથારીકામ, વાણંદકામ, ચા કોફીની લારીઓ, શાકભાજી ફળોની લારીઓ, બ્યુટીપાર્લર, અથાણા, પાપડ, વણાટ, કરિયાણાની હાથલારી, પેઈન્ટર્સ આદિનો સમાવેશ થાય છે.

### ● પ્રજ્ઞાચક્ષુઓ અને બ્રેઈલ લિપિ :

બ્રેઈલ લિપિની શોધ ફ્રાન્સના લૂઈ બ્રેઈલે કરેલી. કામ કરતાં કરતાં તેને આંખમાં છરી વાગતા તેઓ અંધ બનેલા. પિતાએ પેરિસની અંધશાળામાં ભણવા મોકલેલા. તેમણે શરૂઆતમાં ૧૨ ટપકાંની ઉપસતી બિંદીઓનો અભ્યાસ સ્પર્શ દ્વારા કરી આ લિપિ વિકસાવી. ૪૩ વર્ષની નાની વયે મૃત્યુ પામ્યા. ઈ.સ. ૧૮૫૩માં દૃષ્ટિહીન લોકોના શિક્ષણમાં બ્રેઈલ લિપિનો સમાવેશ થયો. આજે તો વિશ્વની તમામ ભાષામાં અંધજનો બ્રેઈલ લિપિનો ઉપયોગ કરતા રહ્યા છે. ૪થી જાન્યુઆરી બ્રેઈલનો જન્મદિન ''બ્રેઈલ-ડે'' તરીકે ઉજવવામાં આવે છે. આ લિપિ અંધજનો માટે આશીર્વાદ સમાન છે.

### ● વિકલાંગોને પ્રાપ્ત થતી સરકારી પડતર જમીન :

ગુજરાત સરકારના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : જનન-૩૯૯-૩૩૮-અ તા. ૨૦-૪-૨૦૦૧ અન્વયે અશક્ત વ્યક્તિઓને વિવિધ હેતુઓ માટે સરકારી પડતર જમીન વિના હરાજીએ રાહત દરથી આપવા ઠરાવેલ છે. રહેણાકનું ઘર બાંધવા, વ્યવસાય શરૂ કરવા, અપંગો માટે સંશોધન કરવા, અપંગો માટે શાળા બાંધવા, ઉદ્યોગ સાહસિકો જેઓ અપંગો હોય તેમના કારખાના માટે તથા આનંદ પ્રમોદના હેતુ માટે આ પડતર જમીન તેમને મળી શકે છે. રૂ. ૬૦,૦૦૦/-થી ઓછી આવકવાળા અપંગને સ્કીમનો લાભ મળે છે. અરજી સાથે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર, રેશનકાર્ડ, બાયોડેટા, વિકલાંગ ઓળખકાર્ડ, ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા બીડવા જરૂરી છે.

### ● વિકલાંગતા માટે જવાબદાર પરિબળો :

અકસ્માતને કારણે વ્યક્તિ વિકલાંગ બની જાય છે. રસીકરણનો અભાવ, આયોડિનની ઉણપ, વાઈ, ફેફસાનો ચેપ, રક્તપિત્ત આદિ વિકલાંગતા માટે જવાબદાર કહી શકાય.

### ● ડીસેબિલિટી ઈન્ફોર્મેશન :

કેટલીક સંસ્થાઓ વિકલાંગોને અવિરત મદદ કરે છે. તેમાંની બાંદ્રા સ્થિત મુંબઈની ''અલીયાવર જંગ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ હીયરીંગ હેન્ડીકેપ'' ૨૪ કલાક વિકલાંગોના પુનર્વસન માટે કાર્યરત છે. આ સંસ્થા ટૂંકાગાળાની તાલીમ આપે છે. બધીર લોકોને શ્રવણયંત્ર આપે છે. આ સંસ્થા દ્વારા ગોવા, દિલ્હી, આસામ, ગુજરાત, પંજાબ આદિ ૧૭ રાજ્યોમાં ડીસેબિલિટી સેન્ટર્સ શરૂ કરાયા છે. દરરોજ અંદાજે ૨૫૦૦ લોકો લાભ લે છે. સંસ્થાની વેબ સાઈટને ''મોસ્ટ એક્સેસેબલ વેબસાઈટ''નો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

વિકલાંગોને પગભર કરવા, પ્રોત્સાહિત કરવા વિશ્વમાં વિશ્વ અપંગ વર્ષ ઈ.સ. ૧૯૮૧માં ઉજવાયું. પ્રતિ વર્ષ ૧૪ સપ્ટેમ્બર : વિશ્વ અંધજન દિન, **૩ ડિસેમ્બર : વિશ્વ અપંગ દિન તથા ૮મી ડિસેમ્બર : માનસિક વિકલાંગ દિન તરીકે જાણીતો છે.**

*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૫૨૫૨૩૪૩૪૬*

*હઠીલા માણસોને કોઈ અભિપ્રાયો હોતા નથી, પણ એ અભિપ્રાયોના કેદી હોય છે.*

હળવાશની ક્ષણોમાં

# MAKE IN KITCHEN!

• ચિત્રસેન શાહ •

આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'Make in India' અભિયાન પરથી પ્રેરાઈને આ લેખને શીર્ષક અપાયું છે – 'Make in Kitchen!'

હકીકતમાં એક ન્યુઝ પેપરમાં વાંચેલ સમાચાર પરથી આ લેખ લખવાનો વિચાર આવ્યો છે.

તમે પણ વાંચો એ સમાચાર –

'વજન ઉતારવું છે? તો ફક્ત પાતળા મિત્રો સાથે જ જમો!'

એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે તમે કેટલું ખાઓ છો તેનો આધાર તમે કોની સાથે ખાવાનું ખાઓ છો તેના પર વિશેષ રહ્યો છે! સંશોધકોના મતે મેદસ્વી લોકો સાથે ખાવાથી આપણે વધારે પડતું બિનઆરોગ્યપ્રદ ભોજન ખાઈ લેતા હોઈએ છીએ! મેદસ્વી લોકો તેમની સાથે ભોજન કરનારાઓને અવળે માર્ગે(!) દોરી જતા હોય છે!

એ લોકો વિચારતા હોય છે – 'ચાલો, આને પણ આપણી નાતમાં ભેળવીએ! મેદસ્વીતાની તકલીફ આપણે એકલા જ શા માટે ભોગવીએ?'

અને તમે માર્ક કરજો, દરેક ફિલ્ડમાં, દરેક સંપ્રદાય કે સમુદાયના લોકો પોતાના સંપ્રદાય કે સમુદાય કઈ રીતે ફેલાય તે જ વિચારતા હોય છે! ન્યુઝ પેપરના અગાઉ જણાવ્યા પ્રમાણેના સમાચાર વાંચી અમારા મિત્રે મજાકમાં કહ્યું, 'હોટલ કે રેસ્ટોરન્ટમાં 'સુમો' સાથે ન જવાય કારણકે નહીં તો રેસ્ટોરન્ટમાંથી બહાર આવતી વખતે આપણે પણ અર્ધા 'સુમો' જેવા તો થઈ જ ગયા હોઈએ! રેસ્ટોરન્ટમાં જવા 'સુમો' નહીં પણ 'સુદામા' કામ લાગે! કારણકે 'સુમો' આગ્રહ કરી કરીને 'પનીર'ની આઈટમ ખવડાવે, જ્યારે સુદામા 'તાંદુલ' ખવડાવે!

છેલ્લા કેટલાક વર્ષોથી હોટલ - રેસ્ટોરન્ટમાં જવાનો ક્રેઝ વધ્યો છે! અવારનવાર વાર-તહેવારે અને કોઈ પણ પ્રસંગના બહાને લોકોને 'જંકફુડ' ખાવાની આદત પડી ગઈ છે!

પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં આ ફુડ બિનઆરોગ્યપ્રદ હોય છે અને બિનઆરોગ્યપ્રદ રીતે તૈયાર થતું હોય છે! તદ્દન નોન-હાઈજેનિક તેના કીચન જો ભૂલેચૂકે એકવાર પણ જોવાઈ જાય તો કોઈ પણ 'ડાહ્યો' માણસ બીજીવાર તે ફુડ ક્યારેય પણ ન ખાવાની 'ડાહી' પ્રતિજ્ઞા લઈ લે! જો તે વ્યક્તિનું નામ 'ભીષ્મ' હોય તો તેને 'ભીષ્મ પ્રતિજ્ઞા' પણ કહી શકાય!

નિયમિત રીતે 'જંકફુડ' ખાનારાઓ વર્ષો પછી અસાધ્ય બીમારીનો શિકાર બને છે! આ હકીકત જાણનાર એક કોર્પોરેટ રેસ્ટોરન્ટના એમ.બી.એ. થયેલા એક મેનેજરના મનમાં એક વિચાર ઝળક્યો! તેણે વિચાર્યું કે, 'ચાલોને આપણે આપણા બિઝનેસનું ડાઈવર્સિફીકેશન કરીએ!' આમ વિચારી તેણે પોતાના પ્રોજેક્ટને અમલમાં મૂક્યો! તેણે મલ્ટી સ્પેશિયાલિટી કોર્પોરેટ હોસ્પિટલ ઊભી કરી! તેનો રેસ્ટોરન્ટનો બિઝનેસ તો ધમધોકાર ચાલતો જ હતો અને હવે તેને કારણે જ હોસ્પિટલનો 'બિઝનેસ (!)' પણ 'હાઉસફુલ' જવા લાગ્યો!

વર્ષોથી રેસ્ટોરન્ટના કાયમી કસ્ટમર હોય તે જ લોકો વર્ષો પછી 'પેશન્ટ' બની હોસ્પિટલમાં દાખલ થાય! આ રીતે વર્ષોનો નાતો જળવાઈ રહે!

આ જ કારણથી છેલ્લા કેટલાય વર્ષોથી આ બંને બિઝનેસ ફુલ્યાફાલ્યા છે! પરંતુ બંનેમાં છેલ્લા કેટલાય સમયથી ગુન્હાહિત બેદરકારીના કિસ્સા અવારનવાર પ્રકાશમાં આવતા રહે છે!

કોઈવાર ભૂલકણો 'શેફ' દાળમાં 'કોક્રોચ' - વાંદો ભૂલી(!) જાય છે તો કોઈવાર ભૂલકણા ડૉક્ટર પેશન્ટના પેટમાં 'કાતર' ભૂલી જાય છે!

તાજેતરમાં જ છત્તીસગઢનો એક કિસ્સો બહાર આવ્યો છે જેમાં અનેક મહિલાઓએ જાન ગુમાવ્યા છે. એક રીપોર્ટ પ્રમાણે સાત વર્ષથી બંધ રહેલી હોસ્પિટલમાં વર્ષો જૂના, કટાઈ ગયેલા સાધનોથી ઑપરેશન કરવાને કારણે આ બનાવ બન્યો હતો!

તેથી હવે આપણા રોજબરોજના જીવન સાથે સંકળાઈ ગયેલી આવી 'ગંદકી'ને પણ સાફ કરવાની જરૂરત ઊભી થઈ છે! તો ચાલો, હાથમાં 'ઝાડુ' લઈએ અને શોધી કાઢીએ 'નવ રત્નો'ને - આપણા મિશનમાં જોડાવા માટે!

'નવ રત્નો'માં કોર્પોરેટ રેસ્ટોરન્ટવાળાથી માંડી કોર્પોરેટ હોસ્પિટલવાળા પણ હોવા જરૂરી છે!

આ 'ગંદકી' દૂર કરવાના અભિયાનનું પ્રથમ પગથિયું હશે – 'Make in Kitchen!'

ઘરમાં જ અવનવી - ચટપટી વાનગી બની શકે! આ માટે ટી.વી.ના રસોઈ શોના શ્રીમતી સુરભિ વસા જેવા કોઈ કુકિંગ એક્સપર્ટ પણ ઉપયોગી બની શકે!

કોઈ મહિલાને આવી માથાકૂટ(!)માં પડવું ન હોય તો (આ લખનારના પત્ની એ કેટેગરીમાં આવે છે!) તેઓ કોઈ સારા રસોઈ કરવાવાળા બહેનને પણ રાખી શકે! આ રીતે એક બહેનને રોજગારી પણ મળશે!

'Make in India' અભિયાનનો હેતુ પણ રોજગારી ઊભી કરવાનો જ છેને!

તો ચાલો, હવે પછીના રવિવારથી જ શરૂ કરી દઈએ – 'Make in Kitchen.'

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

*સુખ એ બુધ્ધિનો નહિ, કલ્પનાનો આદર્શ છે.*



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટજી સામે જુકો ચાલી આય અનમેં રામુ રેતો સે આંગોળેલા વઠો તેર હકડી પડીકી કઢીને પોય હથમેં કઢે ને થોડો ક્રીમ જેડો મથેમેં લગાય ને પોય બાકીજો માલ બોય ખભે તે ઘસેલા વઠો આય... સે જરા તપાસ ત કર અનજી ખસે તા નાય વઈન? શેમ્પુ વે, ત મથો ધુવાજે પણ રામુ હી કુલા કરેતો?

બચુડો : (તપાસ કેનેં ચે) અધા, રામુ અજ જોકો શેમ્પુજો પેકેટ આને આય અનજો નાં વો 'હેડ એન્ડ શોલ્ડર.' એટલે રામુ થોડો શેમ્પુ મથેમેં વજે ને બાકી જો શેમ્પુ ખભા ઘસેજે કમમેં ગેણે.

## ખિલજા મ ભલા

શિક્ષક : બોલો જોઈએ, બે મિનિટમાં તમે શું કરી શકો?

આદિત્ય : સાહેબ, હું મેગી બનાવી શકું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : મોટા થઈને તમે શું બનવા માંગો છો?

શ્રેય : મને મોટા મોટા બિલ્ડિંગ બનાવવાનો શોખ છે. નાનો હતો ત્યારે પણ બ્લોકમાંથી મોટા મોટા બિલ્ડિંગો બનાવતો હતો.

શિક્ષક : સારું. કોઈ મોટા બિલ્ડરનું નામ આવડે છે?

શ્રેય : હા, બૉબ ધ બિલ્ડર!

☺ ☺ ☺ ☺ ☺

પત્રકાર : (આલિય ભટ્ટને) મોદીનું મૂળ નામ શું છે એની તને ખબર છે?

આલિયા ભટ્ટ : ખબર જ હોય ને! એનું મૂળ નામ છે 'અબ કી બાર!!'

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : આજે શું ખાસ છે કે તમે વહેલા ઘેર આવી ગયા?

પતિ : ના... ના... આ તો બોસ ગુસ્સે થયા ને કહ્યું, 'ગો ટુ હેલ!' એટલે અહીં ઘરે આવી ગયો.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : ઘણી બધી સિરીયલો જોઈ પણ તારક મહેતા કા ઉલટા ચશ્મા જેવી કોઈ નહીં. આમાં બધી સ્ત્રીઓ કાયમ ખુશ જ દેખાય છે.

સોહન : તે દેખાય જ ને! એમના કોઈના ઘરમાં સાસુ નથી!

☺ ☺ ☺ ☺ ☺

કરોડીમલ : અબે હસ્તીમલ, તેં તારો જીવન વીમો ઉતરાવ્યો હતો, તે કેન્સલ કેમ કરાવ્યો?

હસ્તીમલ : અરે મારી ઘરવાળી બધાને કહેતી ફરે છે, હાથી જીવતો લાખનો પણ મરેલો સવા લાખનો.

☺ ☺ ☺ ☺ ☺

છાયા : છગન, તને ખબર છે ટુર્નામેન્ટ એટલે શું?

છગન : આ કાનમાં તે લવિંગિયા પહેર્યા છે એને ટુર્નામેન્ટ કહેવાય.

છાયા : અલ્યા ડોબા, એને ઑર્નામેન્ટ કહેવાય.

છગન : એક કાનમાં પહેરે તો એને ઑર્નામેન્ટ કહેવાય પણ બંને કાનમાં પહેરેલા હોય તો એ ટુર્નામેન્ટ જ કહેવાયને?

છાયા : વાહ છગન, તું ખરે જ હોશિયાર છે.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : ચીન્ટુ, તેં તો ભગવાનને પત્ર લખી દુવા માંગી હતી કે મુજે અચ્છા પકાનેવાલી બીબી દેના! ને હવે કેમ રોજ માથુ કૂટ્યા કરે છે?

ચીન્ટુ : એમાં વાંક મારો જ છે. ભગવાને દુવા કબૂલ કરી પણ હું 'અચ્છા'ની બાજુમાં 'ખાના' લખવાનું ભૂલી ગયો હતો. એથી હવે રોજ માથુ કૂટવું પડે છે.

☺ ☺ ☺ ☺ ☺

સફાઈ અભિયાન ઈન્સ્પેક્ટર : અબે એય ટેણિયા, ખબર નથી પડતી રસ્તા પર સંડાસ કરવા બેઠો છે! ભારે દંડ ભરવો પડશે.

ટેણિયો : પણ સાહેબ, પુરાવો તો સાથે લઈ લો! એના વિના માનશે કોણ?

☺ ☺ ☺ ☺ ☺

રેમ્બો : મારા દાદા એટલા ઊંચા હતા કે ઊભા ઊભા ખિસ્સામાંથી કેળું કાઢી જિરાફને ખવડાવતા હતા.

જેમ્બો : બસ...? મારા દાદા તો તારા દાદાથી પણ ઊંચા હતા. જિરાફ મારા દાદાના ખિસ્સામાં પડેલું કેળું કાઢીને ખાતો હતો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

**JAYANT STEELS**

179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
**Ph. : (022) 2242 2463 • 2242 7263**

**જયંત સ્ટીલ્સ**

૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦

**સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન**

## બાલુડેં જ્યું ગાલિયું

### THE CROW AND THE JUG OF WATER

A crow wanted a drink of water. He looked here and there, and at last he found a jug with some water in it.

The crow could not reach the water. He tried over and over again, but he could not reach the water. His beak just touched the water but that was all.

"How shall I reach the water?" said the crow. "I can nearly reach it, but it is a little bit too low for me."

Then the crow hopped away. He looked about, and he found a little stone. He took the stone up in his beak, and he dropped it in the water.

"That will bring up the water a little," said the crow.

Then the crow found another little stone, and he dropped that one in the water too. Then he found another stone, and another. And so it went on, till the water was high enough for the crow to have a drink. ■

*પોલીસખાતામાં ભરતીની પરીક્ષાઓ ચાલી રહી હતી. એક મંત્રીજીનો ડોબા જેવો સાળો એમાં હવાલદારની નોકરી માટે પરીક્ષા આપવા આવ્યો હતો.*

*૫૦૦ મીટરની દોડ પૂરી થઈ. મંત્રીજીના સાળાએ ૪ મિનિટ ૩૦ સેકન્ડમાં રેસ પૂરી કરી. પણ એ તો સાહેબનો સાળો હતો ને? એટલે સુપરવાઈઝરે ટાઈમ લખ્યો ૪ મિનિટનો.*

*જ્યારે લિસ્ટ ઓફિસે પહોંચ્યું તો અધિકારીએ ૪ મિનિટની ૩.૩૦ મિનિટ કરી નાખી. વાહ ભાઈ વાહ, મંત્રીજીનો સાળો હતો ને!*

*એમ કરતાં કરતાં લિસ્ટ ડી.એસ.પી., એસ.પી. અને આઈ.જી. ઓફિસે પહોંચતા પહોંચતા સાળાની 'સ્પીડ' વધતી જ ગઈ. છેલ્લે આઈ.જી. સાહેબના ટેબલ પર ફાઈનલ માર્કશીટ પહોંચી. આઈજી જોતાંની સાથે ચમક્યા.*

*'આ કોણ છે જેણે ૧ મિનિટ અને ૩૦ સેકન્ડમાં ૫૦૦ મીટરની રેસ પૂરી કરી છે?'*

*'જી સર, આપણા મંત્રીજીનો સાળો છે.'*

*'ગધેડાઓ, ડફોળો, મૂરખાઓ... એ તો ઠીક છે, પણ નાલાયકો જરા વર્લ્ડ રેકોર્ડનું તો ધ્યાન રાખવું જોઈએ કે નહિં?'*


**આ જગમાં થોડા મલે!**

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF
ELECTRICAL PANEL BOARDS
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

Ramesh Savla
Manish Savla
M. 94260 77479
AI
ARIHANT INDUSTRIES
Mfg. : Bakelite Moulding & Pannel Board
Accessories, Push Buttons,
Connector Strip & Cooker Handles
5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
Ph. : (F) 25831205 (R) 25464948




## 'મંગલ મંદિર' : 'સંભારણાં વિશેષાંક-૩'

'મંગલ મંદિર'ના મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતાનો સુંદર તંત્રીલેખ ફક્ત રસપ્રદ જ નહીં પરંતુ તે તંત્રીલેખે બીજા મુખપત્રો પણ 'મંગલ મંદિર'ની આ પરંપરાને અનુસરે તેવું માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

આ વિશેષાંકને 'મંગલ મંદિર'નું દિવાળી – નવા વર્ષ નિમિત્તેનું 'સરસ્વતી પૂજન' પણ ગણી શકાય! (વેપારીઓ દિવાળી પર 'ચોપડા પૂજન - લક્ષ્મીપૂજન' કરે તો 'મંગલ મંદિર' 'ચોપડી પૂજન - સરસ્વતી પૂજન' કરે તે સરાહનીય છે! કારણકે ગુજરાતીઓને 'ચોપડી' કરતાં 'ચોપડા'માં વધારે રસ હોય છે તે મહેણું ભાંગવાની જરૂર છે. વળી આ રીતે ગુજરાત સરકારની 'વાંચે ગુજરાત' અભિયાનને પણ આગળ વધારી શકાય.

વળી મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતા (અને આમ તો મંગલ મંદિરનું સમગ્ર તંત્રીમંડળ) હંમેશાં કાંઈક નવું નવું કરવા કાર્યરત હોય છે. તેથી જ કેટલાક લોકો તેમને 'કચ્છના નરેન્દ્ર મોદી' તરીકે ઓળખે છે!

સંભારણાં વિશેષાંક-૩ ના આમ તો બીજા ઘણા લેખો પણ સુંદર અને વાંચવા ગમે તેવા છે પરંતુ તેમાંથી જે બે લેખો મને આ પત્ર લખવા પ્રેરે છે તે આ રહ્યા –

૧. મોટા ગજાના શિલ્પી - સરદાર પટેલ
(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૦૮)

૨. કન્યા કેળવણીના કર્ણધાર - દાનવીર ડોસાભાઈ લાલચંદ શેઠ
(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૭)

બંને લેખના લેખક પ્રા. જિતેન્દ્રભાઈ અંતાણીને માહિતીસભર લેખ બદલ અભિનંદન.

### ૧. મોટા ગજાના શિલ્પી – સરદાર પટેલ

સમગ્ર લેખ વાંચી ઘણી ખુશી થઈ અને વધારે આનંદ તો તેની છેલ્લી લાઈન 'બરફના આ જ્વાળામુખીને શત્ શત્ વંદન' વાંચીને થયો.

સરદાર પટેલ મૂળ કરમસદના, પરંતુ તેમનો જન્મ તેમના મોસાળ – નડિયાદ ખાતે થયો હતો.

(યોગાનુયોગ આ લખનારને તેમનું કરમસદ ખાતેનું ઘર જોવાનું સૌભાગ્ય સાંપડેલ. ૮ ઓરડાવાળું - ચાર ગ્રાઉન્ડ ફ્લોર પર અને ચાર પ્રથમ માળ પર – ઘર બહુ જ સુંદર રીતે સચવાઈ રહેલ છે. જ્યારે પણ એ જોવાનો ચાન્સ મળે ત્યારે કોઈએ પણ એ મોકો જવા દેવો જોઈએ નહીં. પ્રથમ માળે એક રૂમમાં ગાંધીજી સાથેના સરદારના ફોટા નીચે ગાંધીજીના શબ્દો લખ્યા છે કે – મને જો વલ્લભભાઈ મળ્યાં ન હોત તો હું જે કરી શક્યો છું તે કરી શક્યો ન હોત.)

### ૨. કન્યા કેળવણીના કર્ણધાર – દાનવીર ડોસાભાઈ લાલચંદ શેઠ

ઉપર્યુક્ત બંને લેખોના નાયક (સરદાર પટેલ અને ડોસાભાઈ લાલચંદ) અને લેખોની વિષયવસ્તુ ભેગી કરતાં આ 'આંજો કાગર' લખનારના મગજમાં એક ખૂબ જ નજીકના સંબંધીની કૌટુંબિક યાદગીરી તાજી થાય છે, જે અહીં રજૂ કરવાની તક ઝડપી લઉં છું. આ રહી તે વિગત –

અમારા બહેન શ્રીમતી કમલબેન અને બનેવી શ્રી અમૃતલાલભાઈ કરમચંદ શાહ વર્ષોથી કોલકત્તા રહે છે. તેમના પિતાશ્રી કરમચંદ લાલચંદ અને કાકાશ્રી ડોસાભાઈ લાલચંદ માદરે વતન કચ્છના વિકાસમાં સારો રસ લેતા હતા. તે વર્ષોમાં સરદાર વલ્લભભાઈ પટેલ કોલકત્તા જતા ત્યારે તેમને ત્યાં ઉતરતા. તે રેફરન્સ સાથે સરદારશ્રીના એક પત્રની કોપી આ રહી :

**કચ્છનો પલટો કરવો છે**

*દહેરાદૂન,*
*તા. ૩૦-૬-૧૯૪૮*

***કરમચંદ,***

*તમારો તા. ૨૩મીનો કાગળ મળ્યો હતો. પહેલાં પણ એક-બે કાગળ મળ્યા હતા. કાગળથી કલકત્તામાં સ્વ. ભાઈ મણિલાલ કોઠારીની સાથે તમારી મહોબ્બતભરી મહેમાનગીરી ભોગવેલી, તેના સ્મરણ થાય છે. મણિલાલ તો ચાલ્યા ગયા અને હું તો ઘરમાં પડેલો છું. એટલે આપણે એકબીજાને ઘણા વરસથી મળી શક્યાં નથી. ઈચ્છા તો ઘણી થાય.*

*ઑક્ટોબરની ૨જી તારીખે કચ્છ આવવાનો વિચાર છે. એ પ્રસંગે તમે બંને ભાઈઓને તો મળી શકાશે. એક વરસ ઉપર હું કલકત્તા આવ્યો ત્યારે તમારી તપાસ કરી હતી પણ તમે હતા નહીં.*

*તમે જાણો છો કે કચ્છ મધ્યસ્થ સરકારના હાથમાં આવેલું છે. હવે કચ્છની ધરતીનો કાયાપલટો કરવાનો છે. ત્યાં કંડલાનું મોટું બંદર કરવાનું છે. તેની સાથે નાની ને મોટી વેનો સંબંધ જોડવાનો છે અને સરકાર તેની પાછળ સારી પેઠે ખરચ કરવાની છે. કરાંચી ભાંગ્યા પછી કચ્છનું બંદર મોટું થવું જોઈએ ને ત્યાં મોટા પ્રમાણમાં કચ્છીઓને સ્થાન મળવું જોઈએ. કે જેથી કરાંચીનો*

*દુનિયા એ ધર્મશાળા છે, માનવી એ પ્રવાસી છે.*

*બદલો હિંદુસ્તાનને મળી શકે. તમે બંને ભાઈઓ કચ્છના કેળવણીકાર્યમાં રસ લો છો તે જાણી આનંદ થયો. તમારા કુટુંબમાં બધા કુશળ હશે.*

***લિ. વલ્લભભાઈના વંદે માતરમ્ ।***

★

'Run For Unity' અંતર્ગત ૩૧મી ઓક્ટોબરે આખું હિંદુસ્તાન દોડ્યું! અને તે જ દિવસે ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી વિરાટ (૧૮૨ મીટર ઊંચી) પ્રતિમાનું નિર્માણ કાર્ય આરંભાયું છે! કેમ જાણે લોહપુરુષ કાંસ્યની વિરાટ મૂર્તિરૂપે સજીવ થશે!

જેના સ્વપ્નદૃષ્ટા છે ભારતના બીજા લોહપુરુષ શ્રી નરેન્દ્ર મોદી!

અને કેવો યોગાનુયોગ થયો છે કે પ્રથમ લોહપુરુષની પુણ્યતિથિનું વર્ષ (Death Year) ૧૯૫૦ એ જ બીજા લોહપુરુષના જન્મનું વર્ષ (Birth Year) બને છે!

આ પરથી 'આનંદ' પિક્ચરનો એક ડાયલોગ યાદ આવે છે–

'આનંદ' મરા નહીં – 'આનંદ' મરતે નહીં!

તે જ રીતે –

'લોહપુરુષ' મરે નહીં – 'લોહપુરુષ' મરતે નહીં!

***ચિત્રસેન આર. શાહ - ગાંધીનગર***
***મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧***

★

## 'આંજો કાગર' – ચૂંટણી અંગે પ્રત્યાઘાત

'મંગલ મંદિર' નવેમ્બર-૨૦૧૪ના અંકમાં 'આંજો કાગર' વિભાગમાં શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) દ્વારા રજૂ થયેલા, શ્રી કચ્છી જૈન સેવા સમાજમાં થતી ચૂંટણીઓ અંગેના વિચારો સમાજના હોદ્દેદારોએ અમલમાં મૂકવા જેવા છે. તેઓ જણાવે છે કે સમાજમાં અમુક કર્તવ્યનિષ્ઠ કાર્યકરો છે કે જેઓ પોતાનો મોટાભાગનો સમય સમાજના અગત્યના કામકાજ પાછળ વિતાવી સમાજ પ્રત્યે પોતાની ફરજ અદા કરે છે. ઘણા લાંબા સમયથી તેવા સભ્યો દરરોજ સમાયનુસાર સમાજની - સંસ્થાની ઓફિસે આવી પોતાની મૂલ્યવાન સેવાઓ, સજાગ બનીને નિભાવે છે. આ સભ્યો પોતાની નિવૃત્તિનો સમય સમાજસેવાની પ્રવૃત્તિ પાછળ ખર્ચે છે.

સમાજના ઘણા સભ્યો કે જેઓ પોતાના સામાજિક તથા અન્ય કાર્યો માટે અવારનવાર શ્રી કચ્છી જૈન ભવન ઉપર આવતા હોય છે અને તેઓ સમાજ ઉપર નિરપેક્ષભાવે સેવાઓ આપતા આવા સભ્યોની સેવાઓને બિરદાવે છે. અને આ કાર્યકરો રોજનો પોતાનો ૬-૭ કલાક જેટલો સમય સંસ્થાના સેવા કાર્ય માટે ફાળવી સામાજિક ઋણ અદા કરે છે.

હવે વાત, સમાજ દ્વારા દર વર્ષે યોજાતી ચૂંટણીઓ અંગે. આ બાબતે શ્રી કે.ડી. શાહ પોતાની મનોવ્યથા ઠાલવતા રજૂઆત કરે છે કે, 'અમુક નિષ્ઠાવાન સભ્યો દરરોજ સમાજ ઉપર આવી એક યા બીજી રીતે સમાજની મૂલ્યવાન સેવાઓ સમયની પાબંદી વિના પણ ચાલુ રાખે છે. અરે, ઘણી વખત તો આ કર્તવ્યનિષ્ઠ સભ્યો પોતાની ફરજમાં આવેલ કાર્યને સમયસર પૂરું કરવાની જવાબદારી ધ્યાનમાં રાખી આખી રાત જાગીને પણ કાર્ય પૂરું કરે છે. તેવા કાર્યકરોને સમાજ ચૂંટણી પ્રક્રિયા દ્વારા હાંસિયામાં ધકેલી એવા સભ્યોને ચૂંટે છે કે જેઓ સમાજ પ્રત્યે સેવાના અભિગમ માટે દિવસના થોડા કલાક સમયનું ઋણ અદા કરી શકતા નથી. તેમજ પોતાની સાર્થકતા બતાવવામાં પણ નિષ્ફળ જાય છે. ઘણી વખત તો ચૂંટાયેલ સભ્યો એકબીજાથી પરિચિત પણ નથી હોતાં. સમાજના કાર્યનો વ્યાપ જોતા જણાશે કે ચૂંટણી દરમ્યાન હાંસિયામાં ધકેલાયેલ સભ્યો પોતાના સામાજિક કાર્ય - બંધન એક બાજુ રાખી સંસ્થાની ઓફિસે સમયસર આવી પોતાના ફરજ કાર્યમાં નિષ્ઠાપૂર્વક, નિરપેક્ષ રીતે પોતાની જાતને જોતરી દે છે.'

'મંગલ મંદિર' ઓગસ્ટ-૨૦૧૪ના અંકમાં 'આંજો કાગર વિભાગ'માં સમાજના મંત્રીશ્રી દ્વારા સમાજ માટે 'સામાજિક યોગ્ય કાર્યકરો' માટેની જાહેરાતના અનુસંધાનમાં આ લખનારે જણાવેલ કે સમાજની ચૂંટણીમાં ઊભા રહેતા ઉમેદવારોમાંથી કર્તવ્યનિષ્ઠ સંન્નિષ્ઠ કાર્યકરો 'ઈલેક્શનના બદલે સિલેક્શન' દ્વારા ચકાસણી કરી તેમને આમંત્રિત કરવા જોઈએ. કે જેઓ સમાજના સેવાકીય કામકાજ માટે ઉચિત સમય ફાળવી શકે અને જેઓ ખરેખરા અર્થમાં કર્મશીલ હોય. આ રીતે સિલેક્શન પામેલ સભ્યો પાસે એવી ભાવના સેવાય કે તેઓ નિષ્ક્રિય બની શોભાના પૂતળા ન બની રહેતા સમાજસેવા માટે સંસ્થામાં આવી રોજના ઓછામાં ઓછા ત્રણ કલાકનો સમય ફાળવી પોતાની જાતને અર્પણ કરી દે છે. અન્યથા આત્મદર્શન કરી પદત્યાગ કરવું યોગ્ય રહેશે.

આમ જોતાં સમાજના હિત માટે સંન્નિષ્ઠ તથા સેવાભાવી કાર્યકરોને આવકારી સમાજની સેવાકીય પ્રવૃત્તિ કાર્યને વેગવંત બનાવી શકાય અને આવતી વિટંબણાઓને નિવારી શકાય. જે માટે સમાજના હોદ્દેદારો, દરવર્ષે યોજાતી ચૂંટણીમાં સિલેક્શનની નીતિ

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
**Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761**

ધોરણ અપનાવે તે યોગ્ય રહેશે. જેથી એકતા તથા લાગણીમયની ભાવના દ્વારા તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય.

અંતમાં, સમાજમાં જો ચૂંટણીનો માહોલ થાય અને કર્મશીલ સભ્યો ન ચૂંટાય તો તે બાબતે એક નમ્ર સૂચન છે કે જે વ્યક્તિઓ રોજબરોજ સંસ્થામાં આવી પોતાની સેવાઓ, સમયના ભોગે સમર્પિત કરે છે અને તેમની કાર્યક્ષમતાનો ઉપયોગ પણ થાય છે, તેમને જો કો-ઓપ્ટ તરીકે અપનાવીએ તો તેમની પણ સમાજ પ્રત્યે મનથી સેવા કરવાની ભાવના ઉજાગર થશે.

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

★

## 'મંગલ મંદિર' — પ્રત્યાઘાત

'મંગલ મંદિર'ના નવેમ્બર માસના અંકના પત્ર વિભાગમાં પ્રકાશિત થયેલ ભાઈશ્રી ચંદ્રકાંતભાઈ શાહનો પત્ર ખરેખર વિચારપ્રેરક છે.

ચૂંટણી પંચના સભ્ય તરીકે તેમના જેવી જ વ્યથા મારી પણ હતી અને ઘણી જગ્યાએ એ વ્યક્ત પણ કરી છે.

આ પરિસ્થિતિના ઘણા કારણો આપી શકાય, પણ કારણોમાં જવાના બદલે શું કરવું જોઈએ એ વિચારીએ. કે.ડી. શાહના કહેવા મુજબ ચૂંટણી ટળી શકે તો સારું જ, પણ દરેક વખતે એવું ન પણ બને. એટલે ચૂંટણી કરવી જ પડે તો નિષ્ઠાવાન કાર્યકરો ચૂંટાઈ આવે એ માટે શું કરવું જોઈએ એના રસ્તા વિચારીએ.

સમાજમાં નિયમિત આવતા-જતા હોય તેઓને તો ખબર હોય જ કે કોણ કોણ કાર્યકર છે, પરંતુ મત આપવા આવનારાઓમાંથી ઘણાને એની જાણકારી નથી હોતી. એટલે તેઓ યા તો જ્ઞાતિ જોઈને, ઓળખાણ જોઈને કે અન્ય વિચારણાઓના આધારે મત આપતા હોય એવું શક્ય છે.

આવું ન બને અને મતદાતાઓને ઉમેદવારની પૂરી જાણકારી મતદાન પહેલાં જ મળી રહે એવા રસ્તા વિચારવા જોઈએ.

મારી દૃષ્ટિએ અને અગાઉના વર્ષોના ચૂંટણી પંચના સભ્ય તરીકેના અનુભવના આધારે નીચે મુજબના પગલા લેવા જોઈએ એવું સૂચન છે.

૧. ચૂંટણી જે મહિનામાં કરવી હોય એ મહિનાના 'મંગલ મંદિર'માં ટ્રસ્ટ મંડળ અને કારોબારીની સભાઓમાં સભ્યોની હાજરીની વિગત આપવામાં આવે — ખાસ કરીને કારોબારીની હાજરીની વિગત.

૨. વર્તમાન - જૂના સભ્યોએ ઉમેદવારી કરી હોય તો તેઓ ઈચ્છે તો તેઓની અત્યાર સુધીની કાર્યવાહીની વિગત લેખિત આપે.

૩. પહેલી વખત ઉમેદવારી કરનાર સભ્ય પોતાની વિગત આપે. ઉપરાંત પોતાની હાલની પ્રવૃત્તિ અને કારોબારીમાં આવીને સમાજ માટે શું કરવા ઈચ્છે છે અથવા કઈ પ્રવૃત્તિમાં ઉપયોગી થઈ શકશે એની જાણકારી લેખિતમાં આપે.

● ૩૫ એકરનું વિશાળ એંકરવાલા નંદી સરોવર ● પશુ-પક્ષીઓ માટે મુક્ત અભયારણ્ય.

આપનું યોગદાન પહોંચશે અબોલ જીવોની સેવા માટે....

**ચેક "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર"ના નામે લખવો.**

■ Dena Bank, Borivali (East) Branch, SB A/c. No. 055110013650 RTGS/IFSC Code : BKDN0460551
■ Abhyudaya Co-Operative Bank Ltd., Borivali (East) Branch, A/c. No. CD 024021100005006
RTGS / IFSC Code : ABHY0065024

સંકલન : દિનેશ આર. મહેતા

★ **બારોઈ ગામમાં સી.સી. કેમેરા :** મુંદ્રાના પૂર્ણતઃ વિકસિત બારોઈ ગામ ખાતે બારોઈ કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન સંચાલિત તેમજ દાતા મહેન્દ્રભાઈ તેમજ વેલજીભાઈ લખમશી ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના આર્થિક સહયોગે ઊભી કરાયેલી ૪૬ સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થાનો તાજેતરમાં પ્રારંભ કરાયો હતો.

★ **કચ્છના પ્રશ્નો :** સંસદીય સચિવપદે વરાયેલા ધારાસભ્ય શ્રી વાસણભાઈ આહીરે અંજાર ખાતેના અભિવાદન સમારોહમાં કચ્છના પ્રશ્નો અને વિકાસકાર્યો માટે હંમેશાં સક્રિય હોવાનું જણાવી સૌનો સહકાર માંગ્યો હતો.

★ **હસ્તકલા ખરકીનો સિતારો :** કચ્છની હસ્તકલાના પાયાના પથ્થર અને ખરકી કપિટ બેલમાં સુમધુર સૂરો ઉત્પન્ન કરવામાં માહેર એવા હાજી વલીમામદ સુલેમાન લુહારનું તાજેતરમાં જૈફ વયે ઝુરા ગામે અવસાન થતાં કચ્છની અનોખી કલાનો એક સિતારો ખરી પડ્યો હતો.

★ **ભુજના વતનીનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન :** મૂળ કચ્છ - ભુજના વતની જ્યોતિષ મધુભાઈ ભટ્ટ (જી.એ.એસ. - નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી - ધ્રાંગધ્રા)ને ભારતની જનગણના - ૨૦૧૧ અંતર્ગત ભારતના રાષ્ટ્રપતિનો સિલ્વર મેડલ મળ્યો છે.

★ **લાલ બુકનો બોજો ભૂકંપ પીડિતો પર :** ભુજ શહેરના ભૂકંપગ્રસ્તોના પુનઃવસન માટે ચાર રિલોકેશન સાઈટ વસાવવામાં આવી. તેમાં પ્લોટ ધારકોને જમીનની માલિકીની કાયદેસરના આધાર ન મળ્યા હોવાની બૂમ લાંબા સમયથી ઊઠતી રહી હતી. રિલોકેશનની સાઈટની જમીન ભુજ સુધરાઈની હદમાં સમાવવા ભાડાની હદ વધારવાની લાંબી અને જટીલ પ્રક્રિયા અત્યાર સુધી તંત્રે ટાળી છે. પરિણામે માલિકીના હક્ક ભૂકંપગ્રસ્તોને મળ્યા નથી. જો કે હવે લાલબુક આપવાની સાથે સાથે વર્તમાન કલેક્ટરે એ હદ વધારવાની પ્રક્રિયા પણ હાથ ધરી છે. તેથી આવનારા સમયમાં લાલબુકના આધારે પ્રોપર્ટી કાર્ડ પણ બની શકશે. આ સ્થિતિમાં અત્યારની કાર્યવાહીનો બોજો ભૂકંપગ્રસ્તો પર નાખ્યા હોવાની છાપ ઊભી થઈ રહી છે.

★ **પ્રવાસી માટે શ્વેત રણમાં સપ્તરંગી સજાવટ :** રાજ્ય સરકાર અને ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી શરૂ કરાયેલા રણ વચાળે મહોત્સવની ભારે સફળતાને લઈ ચાલુ સાલે કેટલાક નવા અને કાયમી આકર્ષણ સાથે આગામી ૧લી ડિસેમ્બરથી પાંચ માર્ચ (૯૫ દિવસ) સુધી ધોરડો ખાતે રણોત્સવ યોજાશે ત્યારે શ્વેતરણને સપ્તરંગી સજાવટ માટે રાત-દિવસ તડામાર તૈયારીઓ આદરવામાં આવી છે.

★ **ઉપરાષ્ટ્રપતિ બનશે કચ્છના મહેમાન :** આગામી જાન્યુઆરી મહિને દેશના ઉપરાષ્ટ્રપતિ શ્રી મોહમ્મદમીદ અન્સારી કચ્છના મહેમાન બનશે એ લગભગ નક્કી જણાય છે. રણોત્સવ દરમ્યાન ઉપરાષ્ટ્રપતિ કચ્છના અતિથિ બનશે. આ ઉપરાંત કચ્છ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં ખાસ ઉપસ્થિત રહેશે તેવી શક્યતા જણાય છે.

★ **કચ્છમાં વિશ્વની સૌથી ઊંચી પવનચક્કી :** મોટી બેર ખાતે એશિયાના સૌથી મોટા વિન્ડફાર્મમાં સુઝલોન કંપની દ્વારા વિશ્વનું પહેલું એસ. ૯૭ ૧૨૦ મીટરની ઊંચાઈનું હાઈબ્રિડ ટાવર ઊભું કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા તાજેતરમાં તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઈજનેરી કૌશલ્યના ઉત્તમ નમૂનારૂપ આ પવનચક્કી ઓછા ખર્ચે મજબૂતાઈ આપી પ્રતિકૂળ હવામાનમાં રક્ષણ આપે છે. કંપનીએ આ પ્રસંગે કચ્છમાં તેની ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૨૦૦ મેગાવોટ કરવાની પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

★ **મુખ્યમંત્રી કચ્છમાં :** રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તાજેતરમાં પોતાની બીજી કચ્છ મુલાકાત દરમ્યાન ભુજથી પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. તેમણે ચાર સુવિધાઓનું લોકાર્પણ કર્યું હતું. ભુજ ખાતેના સમારોહમાં લખપતના ઉમરસર ખાતે લીગ્નાઈટ ખાણનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો ગરીબોના ઘર સુધી રોટલો પહોંચાડવાનો નિર્ધાર છે. ધરતીકંપ બાદ ૧૪ વર્ષ થયાં ભુજની રિલોકેશન સાઈટના ૪ હજાર પરિવારોને પોતાના મકાનના માલિકી હક્ક મળ્યા નહોતા. આ તમામને લાલબુક અર્પણ કરીને દેવદિવાળીના દિવસે મોટી ભેટ મુખ્યમંત્રીએ આપી હતી.

★ **કચ્છને વધુ ૪૦ એમ.એલ.ડી. પાણી :** મળેલી વિગતો મુજબ માળિયા કેનાલની પાઈપલાઈન વાટે હાલ કચ્છને પ્રતિદિન ૨૨૦ એમ.એલ.ડી. પાણી મળી રહ્યું છે. આગામી

*ભૂલ કરો. ખૂબ કરો... પણ વારંવાર કરશો નહીં.*

ઉનાળામાં પાણીની તંગી ન સર્જાય તે માટે વધુ ૪૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો વધારવા ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. આ વધારાનો જથ્થો પહોંચાડવા માટે ભચાઉ ગુરુકૃપા પાસે પમ્પિંગ સ્ટેશન બનાવાશે અને ગુરુકૃપાથી વરસામેડી સુધી ૯૦૦ એમ.એમ. ડાયાની પાઈપલાઈન બિછાવવામાં આવશે. એપ્રિલ-૨૦૧૫ સુધીમાં ૪૦ એમ.એલ.ડી. વધુ પાણી મળવાનું શરૂ થઈ જશે તેવા પ્રયાસો કરાશે.

★ **'નીલોફર' વાવાઝોડાનો ખતરો ટળ્યો – ઉદ્યોગોને ૧૨૦૦ કરોડનો ફટકો :** 'નીલોફર' વાવાઝોડું દરિયામાં જ નબળું પડી જતાં, કચ્છ જિલ્લામાં ત્રાટક્યું નહીં પરંતુ તેની સંભવિત અસરથી ખાનાખરાબી ન થાય તેની તકેદારીના ભાગરૂપે કચ્છના ઉદ્યોગો બે દિવસ બંધ કરી દેવાતાં કચ્છના ઉદ્યોગ ગૃહોને જંગી આર્થિક ફટકો પડ્યો હતો. મોટા ઔદ્યોગિક એકમોના પ્લાન્ટને સંપૂર્ણ રીતે કાર્યરત થવામાં અંદાજે બીજા બે દિવસનો સમય લાગશે. કચ્છમાં ઉદ્યોગોનું પ્રતિવર્ષ ૮૦,૦૦૦ કરોડનું ઉત્પાદન છે. જે અંતર્ગત ઉદ્યોગોને માત્ર ઉત્પાદનમાં જ લગભગ ૧૨૦૦ કરોડનો ફટકો પડ્યો છે.

★ **સ્વજન જેટલો ખ્યાલ રાખે તે મહાજન :** કચ્છના પ્રભારી મંત્રી શંકરભાઈ ચૌધરીએ મોટા કાંડાગરા ખાતે જગશીભાઈ છેડા તેમજ લક્ષ્મીબેન જગશી છેડાની અર્ધ પ્રતિમાઓ તથા શિક્ષણ, તબીબી વગેરે કાજે કરોડોના દાન દેનારા દાનવીરોના નામની તક્તીઓનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી અને કાંડાગરાવાસી તારાચંદભાઈ છેડાએ કહ્યું કે, સ્વજનો જેટલો જ ખ્યાલ રાખે તે મહાજન. આ સમારંભમાં કચ્છી ઉદ્યોગકાર દાનવીર દામજીભાઈ એન્કરવાલા, રાજ્યના મંત્રીશ્રીઓ, મહાનુભાવો, સ્થાનિક સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ, કચ્છના સાંસદ, ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ, પૂર્વ સાંસદ, ધારાસભ્યો સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત હતા.

★ **સફર સિનુગ્રાથી ઈન્ફોસીસ સુધીની :** ગ્રામીણ વિસ્તારોમાં કન્યા કેળવણીની જરૂરિયાત પર સૌથી વધુ ભાર મૂકાય છે. બેટીઓ ભણશે તો કાબેલ અને આત્મનિર્ભર બનશે તથા બહેતર સમાજની રચના થશે. રેખા ધનજીભાઈ ચોટારા પણ એવી યુવતી છે, જેની કહાણી ગ્રામ્ય પ્રદેશોની, અશિક્ષિત પરિવારોની, પણ ભણી-ગણીને આગળ વધવા માંગતી બાળાઓ માટે પ્રેરણાદાયક બની રહેશે. રેખાએ મહેનત, લગન અને પોતાના અશિક્ષિત કુટુંબીજનોના પ્રોત્સાહનથી પોતાની શિક્ષણ અને પછી કેરિયરની રેખા સિનુગ્રા (તા. અંજાર)થી વાયા માંડવી અને અમદાવાદ થઈ છેક દેશની પ્રતિષ્ઠિત કંપની ઈન્ફોસીસ (મૈસુર)માં સોફ્ટવેર એન્જિનિયર સુધી લંબાવી દીધી. રેખાબેનનો પરિવાર સિનુગ્રામાં ખેતી સાથે સંકળાયેલો છે. તેના માતા-પિતા અશિક્ષિત છે, તો એક ભાઈ પરેશ અને પાંચ બહેનો પણ ખાસ ભણેલા નહીં. રેખાને શરૂઆતથી જ અભ્યાસમાં રસ અને તેના પરિવારજનોની પણ પ્રશંસા કરવી પડે કે રેખાને અભ્યાસ માટેની પૂરતી આઝાદી અને માહોલ આપ્યો. રેખાએ પ્રાથમિક શિક્ષણ સિનુગ્રામાં જ લીધું અને પછી ધોરણ-૮ થી ૧૨ માંડવીની ખીમજી રામદાસ હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો. અહીં જ તેને કોમ્પ્યુટર અને ટેકનોલોજીમાં રસ જાગ્યો. વિજ્ઞાન પ્રવાહની તે તેજસ્વી છાત્રા બની અને ધોરણ-૧૨ માં કચ્છમાં ત્રીજા સ્થાને રહી હતી. ધોરણ-૧૨ બાદ તેણે અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો અને કોમ્પ્યુટર એન્જિનિયરિંગનો ચાર વર્ષનો કોર્ષ કર્યો. ત્યારબાદ કેમ્પસ ઈન્ટરવ્યૂમાં જ તે નામાંકિત ઈન્ફોસીસ કંપની માટે પસંદ થઈ ગઈ અને આજે મૈસુર ખાતેના એકમમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે ચાવીરૂપ ફરજ બજાવી રહી છે. ઉચ્ચ અભ્યાસ કરીને આટલી લાંબી મજલ કાપનારી રેખા સિનુગ્રા ગામની સંભવતઃ પ્રથમ કન્યા છે. રેખા જણાવે છે કે, 'જીવનમાં સતત શીખતા રહેવું એ મારો મંત્ર છે. લર્નિંગ ઇઝ નોટ સર્વાઈવલ. મારા પરિવારે હંમેશાં મને ભણવા માટે સમર્થન આપ્યું છે.' રેખાએ અભ્યાસ બાદ પરિવારની ખેતીમાં નવી ટેકનોલોજી અને ટપક પધ્ધતિના ફેરફાર પણ કરાવ્યા છે. જોન્ડિયરના અદ્યતન સાધનો પાવર સ્પ્રેયર વગેરે રેખાના સૂચનથી જ તેમના પરિવારે અપનાવ્યા છે અને તેની હકારાત્મક અસર પણ દેખાઈ છે.

★ **કચ્છી મહિલા કલ્પનાબેન બને છે કેન્યાનાં ડેપ્યુટી ચીફ જસ્ટીસ :** દેશમાં મહિલા સશક્તિકરણની દિશામાં અનેક પ્રયાસો બાદ અત્યારે અનેક ઉચ્ચ પદો પર મહિલાઓ આરૂઢ થઈ રહી છે, ત્યારે કચ્છની એક દીકરી, કલ્પનાબેન રાવલે પરદેશમાં છેક કેન્યામાં સુપ્રીમ કોર્ટના ડેપ્યુટી ચીફ જસ્ટીસના પદે આરૂઢ થઈને સાચા અર્થમાં ઇતિહાસ સર્જ્યો છે. કલ્પનાબેન આ પદે આરૂઢ થનારાં દુનિયાના માત્ર પ્રથમ કચ્છી કે ગુજરાતી જ નહીં, પહેલાં ભારતીય મહિલા પણ છે. એ પણ નોંધનીય છે કે, ભારતમાં પણ સુપ્રીમ કોર્ટમાં આ પદ પર હજુ સુધી કોઈ મહિલા ન્યાયવિદ્ પહોંચી શક્યા નથી.

મૂળ ભુજમાં જન્મેલાં કલ્પનાબેને ઓગસ્ટ-૨૦૧૩ની ત્રીજી તારીખે સાદા પણ ગરિમાપૂર્ણ સમારોહમાં કેન્યાના મુખ્ય

*સુખી થવું હોય તો જિંદગીના અપ્રિય પ્રસંગોને ભૂલી જાવ.*

ન્યાયાધીશ, સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશો, એટર્ની જનરલ, રાષ્ટ્રીય ધારાસભા (સંસદ)ના સાંસદો, મંત્રીઓ, ગવર્નર તથા અન્ય અગ્રણીઓની હાજરીમાં કેન્યાના ડેપ્યુટી ચીફ જસ્ટીસ અને કેન્યા સુપ્રીમ કોર્ટના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે હોદ્દો અને ગુપ્તતાનાં સોગંદ લીધા હતા. કેન્યાની સુપ્રીમ કોર્ટના અત્યંત મહત્ત્વના આ પદ માટેની વરણી પણ પારદર્શક અને ભારે રસાકસીભરી બની હતી. કેન્યામાં સુપ્રીમ કોર્ટના આ પદ માટે વૈશ્વિક અરજીઓ મંગાવવામાં આવી હતી. અને એ રીતે ૩૫ દાવેદાર મેદાનમાં રહ્યાં હતાં. આ હોદ્દા માટે તે દેશના કાનૂનમંત્રી પણ સ્પર્ધામાં હતા. આખી સ્ક્રુટીનીની કાર્યવાહી પણ ઓનલાઈન રહી હતી અને તેમાંથી પાંચ પસંદ થયા બાદ આખો મુદ્દો એક સમિતિને સોંપાયો હતો અને આ સમિતિએ એકસૂરે કલ્પનાબેનને આ પદ માટે પસંદ કર્યા હતા.

કલ્પનાબેન એ હોદ્દો ગ્રહણ કરીને વડાપ્રધાન, સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બાદ ડેપ્યુટી ચીફ જસ્ટીસ તરીકે નૈરોબીનાં ત્રીજાં નાગરિક બન્યાં છે. કલ્પનાબેને માધ્યમિક શિક્ષણ ઈંદીરાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલમાં લીધા બાદ સ્નાતક અને એલ.એલ.બી. તેમજ એલ.એલ.એમ.નું શિક્ષણ અમદાવાદની લૉ કોલેજ ઓફ ગુજરાતમાંથી પ્રાપ્ત કર્યું હતું. કાનૂની ક્ષેત્રે તેમણે ભારત ઉપરાંત અમેરિકાની અદાલતોમાં કાર્ય કર્યા બાદ છેલ્લાં ૩૫ વર્ષથી કેન્યાને કર્મભૂમિ બનાવી છે. તેઓ કેન્યામાં હાઈકોર્ટનાં જજ બનનારાં પ્રથમ મહિલા બન્યાં હતાં.

*(સમાચાર પત્રો પર આધારિત)*

*૩૦૨, મર્લિન અર્હમ્, ૧૧, વિશ્વકુંજ સોસાયટી,*
*નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*

*ગૃહલક્ષ્મી એને જ કહેવાય, જે ઘરમાં સુખ શાંતિ અને સંપત્તિ લઈને આવે.*

## લાલબહાદુર શાસ્ત્રીજી અને અભિનેત્રી મીના કુમારી

જાણીતા ફિલ્મ નિર્દેશક કમાલ અમરોહીએ 'પાકીઝા' ફિલ્મના સેટ પર એકવાર પાર્ટી આપી. આ પાર્ટીમાં શ્રી લાલબહાદુર શાસ્ત્રીજી પણ મુખ્ય મહેમાન તરીકે હાજર હતા.

આ પાર્ટીમાં અભિનેત્રી મીનાકુમારીએ ફૂલનો હાર શાસ્ત્રીજીને પહેરાવીને એમનું સ્વાગત કર્યું અને એમની પ્રસંશામાં બે શબ્દો કહ્યા.

શાસ્ત્રીજીએ કુલદીપ નાયર — કે જેઓ પણ પાર્ટીમાં સામેલ હતા તેમને એક બાજુ લઈ જઈને પૂછ્યું કે, 'કોણ છે આ સન્નારી?'

નાયર તો ચકિત થઈ ગયા. 'અરે! આ દેશની મશહૂર અભિનેત્રી અને કમાલ અમરોહીના પત્ની મીનાકુમારી છે, તમે એને નથી ઓળખતા?'

શાસ્ત્રીજીએ પછી પોતાનું વક્તવ્ય આપ્યું ત્યારે નિખાલસતાથી કબૂલ કર્યું કે 'મીનાકુમારીજી, મને ક્ષમા કરજો, તમારું નામ આજે મેં પહેલીવાર સાંભળ્યું!'

*— કુલદીપ નાયર*

## કચ્છ લાલેંજા લાડીલા - દાનવીર - સંઘવી - સંઘરત્ન શેઠશ્રી સ્વ. પૂ. ટોકરશી આણંદજી લાલકાકે ભાવભીની શ્રદ્ધાંજલિ....



**જન્મ : તા. ૧૦-૯-૧૯૨૩ (લાલા તીર્થ)**
**વાસી - નવી મુંબઈમાં વિદાય**
**તા. ૨૯-૧૦-૨૦૧૪**
**(જીવન યાત્રા : ૯૨ વર્ષ)**

કચ્છ લાલે મેં જન્મ્યા લાલકુંવર લાલકાજા ઈ નંદ
આણંદજી બાપાજે અંતરમેં, થ્યો ઉધા ભોધો આનંદ...૧
નેણામાંજા નેણ નચે ને, નયણે નયણા નંદ
ગામમેં જાણે ગુલાબ ખીલ્યો, ગુલાબી ગુલકંદ...૨
અજ નિંઢોને સવારે વડો તાં થ્યો આન પાન પેપર પાન
ટોકરશી નાં વિધાંને ચ્યાં, ચમકાઈજ હી ખાનદાન...૩
લાલેંથી હલ્યા લાલા ટોકરશી, ઈ અળીખમ જવાન
મુંબઈ અચી કમતે લગા ને, કમ મેંજ ર્યા મસ્તાન...૪
સંસાર મંઢાણું લક્ષ્મીબાઈસેં, જે ઈનીજા જીવન સંગીની થ્યા ખાસ
ઈ ભાર્યા લક્ષ્મીબાઈજે સાથસેં, ટોકરશીભાઈ કમ ક્યોં સુપર ફાસ...૫
લાલકા બાગમેં જનમધે બ પુત્તરને પંજ ધીરેં સે આવઈ બહાર
સતોય કે ભણાય - ગણાય ને કેળવે, વિંયા કરે ડીના જોરધાર...૬
ટોપરેંજો ધંધો ક્યાં ને ભાગ્ય ખુલ્યા, ને થ્યા ઠરીઠામ
કમમેં ન ભૂલ્યા ભગવાન ને, રોજ કંયે પ્રભુ પ્રણામ...૭
જાહોજલાલી વધધી રૈઈ, થ્યા સફળ અરમાન
ને સમાજ જે કમમેં લગીવ્યા, જિત્ત જન જનજો થીયે ઉત્થાન...૮
લાલેંજા હી લાલા થ્યા, લાલેં મહાજનજા પ્રમુખ,
મુંભઈ મેં ટોપરા બજારજી, એસોસિયેશનમેં ભન્યા પ્રમુખ...૯
ઘાટકોપર કચ્છી જૈન સંઘજા, ચુંટાઈને થ્યા પ્રમુખ
ઈન ભલે માડુ સે મીળે રાજી થ્યા, ન્યારી ઈનીજો ભલો રૂખ...૧૦
પરમ કૃપાળુ પરમેશ્વરજી વર્ષઈ, ઈનીતે આશિષ વૃષ્ટિ
ગચ્છાધિપતિ ગુણસાગરસૂરીજી, ઠરઈ ઈનીતેં અમી દ્રષ્ટિ...૧૧
અખિલ-ભારત અચલગચ્છજો, શોભાંયાં પ્રમુખપદ
સાદાઈ ને સરળતા ઈ ઈનીજી, અચે મિણી કે પસંદ...૧૨
શિખરજી છ'રી પાલિત સંઘજા થ્યા ઈ સંઘપતિ
હેળા સારા કમ કંધોરાં, એળી પ્રભુ સે મંગે સનમતિ...૧૩
આર્યરક્ષિત તત્ત્વજ્ઞાન જૈન વિદ્યાપીઠ જા પણ વા ટ્રસ્ટી
જિંધગી લગે નિંઢી પણ, ઉભી ક્યાં પરોપકારજી સૃષ્ટિ...૧૪
દાદા અનંતનાથ દેરાસરજા, પણ ઈ થ્યા વા ટ્રસ્ટી
સદા બહાર - કમલા તૈયાર, એનીજી પ્રતિભાજી થીયે પુષ્ટિ...૧૫
મિણી કે ઉપયોગી થીયાં, એળી સદા રખ્યાં ભલમનસાઈ
ગામને ખાનદાન કે રોશન ક્યાં, એળી પ્યારી આંજી પશમાઈ...૧૬
સરસ મજેજો જીવન જીવ વ્યા, સાર્થક કરે માનવ અવતાર
પરિવાર ચાહે આત્મા કે શાંતિ મિલે, ને મિલે પ્રવેશ મોક્ષ જે દ્વાર...૧૭

*- રશ્મિન ખોના (મુંબઈ)*

## "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

"સંકલ્પ" — શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ દ્વારા તા. ૨૧-૯-૨૦૧૪ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે વર્ષ ૨૦૧૩-૧૪ની વાર્ષિક જનરલ સભાનું આયોજન કરવામાં આવેલ હતું. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટેના હોદ્દેદારો તથા નવી કમિટીના નામોની વિગત નીચે પ્રમાણે છે. જે નવા વર્ષ દરમ્યાન ખૂબ અનોખા અને આપ સૌની પસંદગીના કાર્યક્રમોનું આયોજન કરશે.

| | | |
|---|---|---|
| પ્રમુખશ્રી | : શ્રી પારસભાઈ વીરા | ૯૮૨૫૫ ૫૦૦૬૬ |
| ઉપપ્રમુખશ્રી | : શ્રી નીતિનભાઈ શાહ | ૯૯૭૯૮ ૮૨૪૦૧ |
| મંત્રીશ્રી | : શ્રી અલ્પેશભાઈ મહેતા | ૯૦૯૭૬ ૨૮૨૮૦ |
| સહમંત્રીશ્રી | : શ્રી ચૈતન્યભાઈ રાંભિયા | ૭૭૭૮૮ ૨૫૯૦૦ |
| ખજાનચીશ્રી | : શ્રી નિકુલભાઈ વોરા (સી.એ.) | ૯૦૧૬૭ ૬૨૩૧૧ |
| સહખજાનચીશ્રી | : શ્રી હીરેનભાઈ રતાણી | ૭૮૦૨૯ ૦૩૬૮૯ |

### કલ્ચરલ સમિતિ :

શ્રીમતી કૃપાલી ચૈતન્ય રાંભિયા - કન્વીનર ૯૯૨૪૯ ૫૦૮૮૪
શ્રીમતી મનીષા અલ્પેશ મહેતા ૯૪૦૮૪ ૮૯૯૧૨
શ્રી જયભાઈ ભેદા ૯૪૨૮૦ ૩૫૦૦૫

### સ્પોર્ટસ સમિતિ :

શ્રી અનિકેત શાંતિલાલ સંઘવી - કન્વીનર ૯૮૨૪૦ ૫૨૫૨૯
શ્રી અંકિત મહેતા ૮૪૬૦૪ ૧૯૩૬૨
ડૉ. રીપલ કોઠારી ૯૮૯૮૮ ૦૬૦૯૩

### ફૂડ સમિતિ :

શ્રીમતી રચનાબેન પીયૂષ પારેખ ૯૨૨૭૨ ૫૬૫૬૮
શ્રીમતી અમીબેન નીતિન શાહ ૯૦૯૯૩ ૪૬૬૯૫
શ્રીમતી પારૂલબેન શાહ (કુબડિયા) ૯૯૭૮૮ ૮૯૦૩૪

### અન્ય કારોબારી સભ્યો :

શ્રી અભિષેક શાહ ૮૫૩૦૪ ૧૨૧૦૦
શ્રી દર્શનભાઈ કોઠારી ૯૪૨૯૬ ૨૦૦૩૯
શ્રી કમલેશભાઈ લોડાયા ૯૯૯૮૦ ૪૨૭૯૦
શ્રીમતી ભાવનાબેન છેડા ૯૯૦૪૦ ૪૫૦૫૯
શ્રી કુમારભાઈ મસાલિયા ૯૬૨૪૫ ૭૭૦૮૫
કુ. હિમાની એચ. કુબડિયા ૯૪૦૮૮ ૭૨૦૩૪

### સલાહકાર સમિતિ :

શ્રીમતી શિલ્પીબેન પ્રકાશભાઈ શાહ ૯૩૨૭૦ ૧૪૬૨૫
શ્રી પંકજભાઈ કાંતિલાલ શાહ ૯૮૨૫૦ ૩૩૯૭૮

★

ઉપર જણાવેલ વર્ષ ૨૦૧૪-૧૫ના ૨૧ સભ્યોની સમિતિ દ્વારા નીચે મુજબના વાર્ષિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

| તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|
| ૨૩-૧૧-૨૦૧૪ | ગેટ-ટુ-ગેધર |
| ૩૧-૧૨-૨૦૧૪ | ક્રિસમસ નવું વર્ષ |
| ૨૫-૧-૨૦૧૫ | સ્પોર્ટસ-ડે |
| ૧૪/૧૫-૨-૨૦૧૫ | પિકનિક |
| ૩-૩-૨૦૧૫ | પાલિતાણા છ ગાઉ જાત્રા |
| ૭-૩-૨૦૧૫ | ધૂળેટી |
| ૧૯-૪-૨૦૧૫ | પાંજરાપોળ/ઘરડાઘરની મુલાકાત |
| મે માસ | નોટબુક ચોપડાનું બુકિંગ આયોજન |
| મે માસ | ટ્રેકિંગનો કાર્યક્રમ |
| જૂન માસ | નોટબુક ચોપડાનું વિતરણ |
| ૨-૭-૨૦૧૫ | સંકલ્પ વાર્ષિક સંસ્કૃતિ પ્રોગ્રામ 'સ્ટેજ શો' |
| ૧૨-૯-૨૦૧૫ | પર્યુષણ રાત્રિ ભાવના |
| ૪-૧૦-૨૦૧૫ | વાર્ષિક જનરલ મિટીંગ (૨૦૧૪-૧૫) |

★

સમાજના દરેક યુવાનોને 'સંકલ્પ'નું સભ્યપદ લઈ લેવા વિનંતી. સભ્યપદ ફી વાર્ષિક રૂા. ૧૦૦/- નક્કી કરેલ છે. આ સભ્યપદ ઉપરથી દરેકના ફોટો આઈ.ડી. કાર્ડ બનાવવામાં આવશે અને તેના આધારે જ દરેક કાર્યક્રમમાં પ્રવેશ આપવામાં આવશે. તદ્દુપરાંત અન્ય સભ્યોને પ્રવેશ મળશે પણ ગેસ્ટ ચાર્જ અલગ રાખવામાં આવશે. ઉપરોક્ત સભ્યપદ સંકલ્પની શરતોને આધીન આપવામાં આવશે. જેની સત્તા સંકલ્પની કમિટી પાસે રહેશે.

ઉપરોક્ત કમિટી દ્વારા વાર્ષિક કાર્યક્રમોના આયોજન માટે એક ફંડ રેઈઝિંગ કમિટીની પણ રચના કરવામાં આવેલ છે. જેમાં સલાહકાર સમિતિના ૨ સભ્યો તથા પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, મંત્રીશ્રી, સહમંત્રીશ્રી, ખજાનચીશ્રી, સહખજાનચીશ્રીનો સમાવેશ કરીને કુલ ૮ સભ્યોની કમિટી બનાવવામાં આવેલ છે.

"સંકલ્પ" દ્વારા તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના કાર્યક્રમની વિગત અત્રે જણાવેલ છે. આ કાર્યક્રમમાં પ્રવેશ માટે 'સંકલ્પ'ના સભ્યોને રૂા. ૨૦૦/- અને ગેસ્ટના રૂા. ૪૦૦/- વ્યક્તિદીઠ ચાર્જ કરવામાં આવશે. પ્રવેશ પાસનું વિતરણ તા. ૧૦-૧૨-૨૦૧૪થી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સવારે ૯.૩૦થી ૧૧.૩૦ અને સાંજે ૭.૦૦થી ૮.૩૦ વાગ્યા સુધી કરવામાં આવશે.

*મંત્રીશ્રી : અલ્પેશ એ. મહેતા*

*મનુષ્યે તે કામ કરવું જોઈએ જેનાથી તેનું પણ હિત થાય અને દુનિયાનું પણ હિત થાય.*

# તબીબી કેન્દ્રના ઉપક્રમે
# કિડની તથા પ્રોસ્ટેટના રોગ, લક્ષણ અને અટકાવ સંબંધી ઉપયોગી સેમિનાર


## તસવીરી ઝલક

















## શ્રી કચ્છી જૈન મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા આયોજિત કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન કાર્યક્રમની તસવીરી ઝલક



કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન આપતા કૂકિંગ એક્ષપર્ટ પૂર્વા મહેતા અને ભાગ લેનાર બહેનો.



કૂકિંગ એક્ષપર્ટ પૂર્વા મહેતા સાથે સમિતિના કન્વીનર શ્રીમતી સુલુ જલદીપ શાહ



કૂકિંગ એક્ષપર્ટ પૂર્વા મહેતા અને સમિતિના સભ્યો

kalash kuber
a week-end villa plotting scheme
Site Address : at Panva Village
Viramgam-Shankheshwar Highway, Shankheshwar

NA-NOC
TITLE CLEAR

kalash KALARAV
WEEKEND HOMES
Site Address : at Malanpur Village
Viramgam-Shankheshwar Highway, Mandal

















karma INFRASTRUCTURE
Office : 310, Nalanda Enclave, Opp. Sudama Resort, Nr. V.S. Hospital, Pritam Nagar, Ahmedabad-380007,
Ph.:+91-79-2657 4467/68 M.:+91-98790 48757, 93770 63000
Email : info@karmainfrastructure.com Web : www.karmainfrastructure.com




## સરનામા ફેરફાર

- **શશીકાંત હરિલાલ શાહ**
  એચ/૪૦૪, વિશ્વાસ સીટી-૨, આર.સી. ટેકનિકલ રોડ, સાયોના સિટી સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.
  ફોન : (રહે.) ૦૭૯-૨૭૬૬૨૧૩૧, મો. ૯૩૭૫૮ ૫૩૬૧૮
- **મેહુલ વિનોદકુમાર દોશી**
  બી/૫૦૩, પ્રેરણા શિખર, બોડકદેવ ફાયર સ્ટેશન પાસે, જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **હસમુખ ખીમજી મહેતા**
  ૪, કર્મણ્ય એપાર્ટમેન્ટ, પોલિટેકનિક સામે, મોતીલાલ હોસ્પિટલ પાછળ, આંબાવાડી, પાંજરાપોળ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **પ્રવીણ કુંવરજી વેલજી છેડા (પુનડી)**
  એ-૨૦૨, લેન્ડમાર્ક ગ્રીન, સ્નેહ પાર્કની પાછળ, હીરાધન બંસીવિલાની સામે, ન્યુ આઈ.ઓ.સી. રોડ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨ ૪૨૪.

## પુત્રી જન્મ

- **ગુરુવાર, તા. ૩૦-૧૦-૨૦૧૪**
  **ચિ. ભક્તિ હીરલ હિમાંશુ વિરેન્દ્ર છેડા (સુથરી - અમદાવાદ)**

## અવસાન

- **સોમવાર, તા. ૨૦-૧૦-૨૦૧૪**
  **સૂરજબેન શાંતિલાલ ત્રેવડિયા (ઉં.વ.-૭૪) (પલાંસવા - અમદાવાદ)**
- **ગુરુવાર, તા. ૨૩-૧૦-૨૦૧૪**
  **લાડકુંવરબેન કાનજીભાઈ સ્વરુપચંદ વોરા (ઉં.વ.-૭૬) (બેલા - અમદાવાદ)**
- **મંગળવાર, તા. ૪-૧૧-૨૦૧૪**
  **પ્રભાબેન વિજયસેન રવજી શાહ (ઉં.વ.-૭૬) (માંડવી - અમદાવાદ)**
- **બુધવાર, તા. ૧૯-૧૧-૨૦૧૪**
  **પ્રીતિબેન દિલીપભાઈ જયંતીલાલ પટવા (ઉં.વ.-૫૧) (માંડવી - અમદાવાદ)**

*સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### શૈક્ષણિક સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૪૦૦/- | રશ્મિ ભાઈલાલ હરિયા - મુંબઈ |
| રૂા. | ૩૦૦/- | શ્રી હિતેશ માણેકલાલ ભણસાલી |

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૩૦૦/- | શ્રી મૂકેશ ગાંગજી સાવલા - મુંબઈ |

### જનરલ ડોનેશન ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૮૦૦/- | શ્રી સુનીલ મહેન્દ્રભાઈ શાહ |

### 'મંગલ મંદિર' ભેટ ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૧/- | સ્વ. નિર્મળાબેન ભોગીલાલ શાહના સ્મરણાર્થે (હ. અશોકકુમાર ભોગીલાલ શાહ - નારાણપુરા, અમદાવાદ) |
| રૂા. | ૫૦૧/- | શ્રી વિરેન્દ્ર દામજી છેડા (સુથરી - અમદાવાદ) તરફથી પૌત્રી ચિ. ભક્તિના જન્મની ખુશાલી નિમિત્તે |

### તબીબી સહાય યોજના ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧,૫૦૧/- | શ્રી કાનજીભાઈ સ્વરુપચંદ વોરા પરિવાર (બેલા - અમદાવાદ) માતુશ્રી લાડકુંવરબેન કાનજીભાઈ વોરાના સ્મરણાર્થે |

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## સરસ્વતી સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને ગાંધીનગરના ધોરણ-૮ અને તેનાથી ઉપરના ધોરણમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટેનો “સરસ્વતી સન્માન” કાર્યક્રમ, રવિવાર, તા. ૨૧-૧૨-૨૦૧૪ના રોજ બપોરે ૩.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખેલ છે. કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| ૩.૦૦ | થી | ૩.૦૫ | પ્રાર્થના |
| ૩.૦૫ | થી | ૩.૧૦ | મહાનુભાવશ્રીઓનું સ્ટેજ પર આગમન |
| ૩.૧૦ | થી | ૩.૧૫ | આવકાર પ્રવચન |
| ૩.૧૫ | થી | ૩.૨૦ | અતિથિશ્રીઓ અને દાતાશ્રીઓનું સ્વાગત |
| ૩.૨૦ | થી | ૩.૨૫ | દીપ પ્રાગટ્ય |
| ૩.૨૫ | થી | ૩.૩૫ | અતિથિશ્રીનું વક્તવ્ય |
| ૩.૩૫ | થી | ૪.૫૦ | તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન |
| ૪.૫૦ | થી | ૫.૪૫ | શ્રી જયરાજ પંડ્યાનું સ્વાગત અને વક્તવ્ય |
| ૫.૪૫ | થી | ૬.૦૦ | આભારવિધિ અને ત્યારબાદ અલ્પાહાર |

***પંકજ ગોગરી, કન્વીનર - વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સમાજ સુરક્ષા સમિતિ

આ સમિતિની તા. ૧૦-૦૭-૨૦૧૪ના રોજ થયેલ સભામાં તબીબી સારવારના સમાજ દ્વારા અપાતા વળતરમાં ફેરફારો સૂચવતા ઠરાવોને ટ્રસ્ટમંડળની તા. ૧૫-૦૮-૨૦૧૪ ની સભામાં રજૂ કરવામાં આવેલ હતા. ટ્રસ્ટ મંડળે આ સૂચનોને સૈધ્ધાંતિક મંજૂરી આપેલ હતી અને તેના નિયમો તૈયાર કરવાનું સમિતિને કહેવામાં આવેલ.

સમિતિની તા. ૨૧-૮-૨૦૧૪ના રોજ મળેલ સભામાં નિયમોને બહાલી આપવામાં આવી હતી.

ત્યારબાદ ટ્રસ્ટ મંડળની તા. ૮-૧૧-૨૦૧૪ ની સભામાં એ નિયમોને જરૂરી ફેરફાર સાથે મંજુર કરવામાં આવ્યા હતા.

### (૧) હોસ્પિટલમાં થતી સારવારનો ખર્ચ :

આ યોજના મુખ્યત્વે જે પરિવારોના આરોગ્યના વીમા નથી, પૂરતા નથી અથવા ઉંમરના કારણે મળી શકતા નથી તેઓના લાભાર્થે ચલાવવામાં આવે છે.

આ યોજનાઓમાં પણ રાષ્ટ્રીયકૃત વીમા કંપનીના નિયમો લાગુ પડશે.

હોસ્પિટલની સારવારનો ખર્ચ સભ્ય પરિવાર દીઠ વાર્ષિક રૂા. ૫૦,૦૦૦ (પચાસ હજાર) ની મહત્તમ સીમામાં અન્ય શરતોને આધીન સમાજ મજરે આપશે.

મોટી સારવારમાં ૨૪ કલાક માટે હોસ્પિટલમાં દાખલ થવું ફરજિયાત છે, પણ ઘણી નાની સારવારમાં તે ફરજિયાત નથી.

*વીમા કંપનીના નિયમો ઉપરાંત મુખ્ય શરતો નીચે મુજબ છે.*

(૧) વ્યક્તિએ પોતાનો આરોગ્ય વીમો નથી, એવી કબૂલાત કોઈ ટ્રસ્ટીના પ્રમાણપત્ર સાથે આપવાની રહેશે અને વીમો હોય તો મંજૂર થયેલ ક્લેઈમની સાબિતી આપવાની રહેશે.

(૨) સમાજ પોતાની રીતે કોઈપણ સારવારના વળતરની મહત્તમ સીમા નક્કી કરી શકશે

(૩) આ વિભાગના નિયમો વીમા કંપનીના વખતોવખત થતા ફેરફારને આધીન રહેશે.

(૪) આ વિભાગમાં સહાય અર્થે આવનાર વ્યક્તિનો આરોગ્ય વીમો બિલકુલ ન હોય તો તેમનો રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ) નો વીમો છે એમ ધારીને વીમા કંપનીના નિયમો મુજબ વળતરની સીમા નક્કી થશે. દા.ત. દૈનિક રૂમ ભાડુ રૂા. ૧૦૦૦ તથા દૈનિક આઈ.સી.યુ. નું રૂા. ૨૦૦૦ થી વધારે નહી આપી શકાય. આજ રીતે અન્ય સારવારની પણ સીમાઓ લાગુ પડશે. દર્દીએ હોસ્પિટલમાં દાખલ થતાં આ બાબત ખ્યાલમાં રાખવી.

(૫) સામાન્ય ઑપરેશનોમાં સમાજ તરફથી નક્કી થયેલી મહત્તમ સીમા નીચે મુજબ છે, જે ડૉક્ટરોની સલાહ અનુસાર નક્કી કરાયેલ છે.

*અંદાજિત રકમ :*

| | |
|---|---|
| (૧) મોતિયાનું ઑપરેશન | રૂા. ૮,૦૦૦ |
| (૨) પ્રોસ્ટેટ ગ્લેન્ડની સર્જરી | રૂા. ૧૦,૦૦૦ |
| (૩) ગર્ભાશયની સર્જરી | રૂા. ૨૨,૦૦૦ |
| (૪) ગોલ બ્લેન્ડરની સર્જરી | રૂા. ૧૫,૦૦૦ |
| (૫) એપેન્ડિક્સની સર્જરી | રૂા. ૧૬,૦૦૦ |
| (૬) હરસ-મસાની સર્જરી | રૂા. ૧૨,૫૦૦ |
| (૭) ભગંદરની સર્જરી | રૂા. ૧૫,૦૦૦ |
| (૮) ટોન્સિલની સર્જરી | રૂા. ૧૦,૦૦૦ |
| (૯) કિડની પથરીની સર્જરી સ્ટોનની સાઈઝ મુજબ | રૂા. ૨૦,૦૦૦ થી રૂા. ૨૫,૦૦૦ |
| (૧૦) સારણ ગાંઠની સર્જરી | રૂા. ૨૦,૦૦૦ |

(આ બધામાં એનેસ્થેશિયા તથા દવાઓનો ખર્ચ ઉમેરીને અપાશે.)

*ડોક્ટર-સ્પેશિયાલિસ્ટના વિઝિટ ચાર્જની સીમા નીચે મુજબ છે.*

| | |
|---|---|
| સર્જનના દૈનિક ચાર્જ | રૂા. ૧,૦૦૦ |
| અન્ય ફીઝિશિયનના દૈનિક ચાર્જ | રૂા. ૫૦૦ |
| સુપર સ્પેશિયાલિસ્ટના દૈનિક ચાર્જ | રૂા. ૨,૦૦૦ |

ઉપરના વળતરમાં સમય અનુસાર સમાજ ફેરફાર કરી શકશે.

ઉપરના લિસ્ટ સિવાયના ઑપરેશનો કે સારવારમાં દરેક કિસ્સામાં વિગત અનુસાર નિર્ણય લેવામાં આવશે.

(૬) આકસ્મિક મૃત્યુ તેમજ કાયમી ખોડના કિસ્સામાં પણ વીમો ન હોય અથવા ન મળી શકતો હોય એવી કુટુંબની મુખ્ય કમાનાર વ્યક્તિના મૃત્યુના કિસ્સામાં સમાજ રૂપિયા પાંચ લાખ ચૂકવશે, જેને પણ વીમા કંપનીના નિયમો લાગુ પડશે.

### (૨) હોસ્પિટલની બહાર થતી તથા જેના વીમા નથી મળતા એવી સારવાર :

કેટલાક દર્દોમાં હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ પણ લાંબો વખત સારવાર ચાલુ રાખવી પડતી હોય છે. જ્યારે કેટલીક સારવારના વીમા, કંપનીઓ નથી આપતી.

*નીતિ ચોખ્ખી હોય તો જ સુવ્યવસ્થા સ્થાપી શકાય.*

આવી સારવારનો ખર્ચ પરિવાર દીઠ વાર્ષિક ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) ની મહત્તમ મર્યાદામાં સમાજ ભોગવશે.

મુખ્યત્વે નીચેની સારવારનો આમાં સમાવેશ થાય છે.

(૧) લકવા.

(૨) હૃદયના ઓપરેશન બાદની સારવાર.

(૩) કિડની ફેઈલ્યોર તથા ટ્રાન્સપ્લાન્ટ બાદની સારવાર.

(૪) કિમોથેરાપી તથા રેડિયોથેરાપી સિવાયની કેન્સરની સારવાર.

(૫) ડાયાલિસિસ.

(૬) બાળકોની જન્મજાત ખોડની સારવાર.

(૭) બાળકોની જન્મજાત ત્રાંસી આંખની સારવાર.

આ ઉપરાંત ૫૦ વર્ષ ઉપરની વ્યક્તિઓની દાંતની સારવાર તથા મહિલાઓની સામાન્ય તેમજ સીઝેરીયન પ્રસૂતિ તથા કસુવાવડને પણ આ વિભાગમાં મજરે મળવાપાત્ર ગણવામાં આવેલ છે. પણ તમાકુના વ્યસનના કારણે થયેલ કોઈપણ બીમારી તેમજ સ્વેચ્છાએ કરાવાતા ગર્ભપાતમાં કોઈ જાતનું વળતર નહીં મળે.

ઉપરના ૧ થી ૭ ઉપરાંત કેટલીક અન્ય પ્રકારની સારવારનો ખર્ચ હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ૧ વર્ષ સુધી મજરે મળી શકશે. લકવા જેવા ખાસ દર્દોમાં ડૉક્ટરની ભલામણથી મુદત વધારી શકાશે.

આયુર્વેદિક પંચકર્મની તેમજ વજન ઉતારવા સિવાયની કુદરતી સારવાર (નેચરોપથી) પણ મજરે મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ લેવા માટે ડૉક્ટરના પ્રમાણપત્રો, દવાઓના બીલો, સારવારના બીલો વગેરે જે જરૂરી હોય એ આપવાના રહેશે.

**(૩) જીવનભર લેવી પડતી દવાઓ માટે રાહત :**

કેટલાક દર્દોમાં દવાઓ જીવનભર લેવી પડતી હોય છે. આ ખર્ચમાં સભ્યોને રાહત મળે એ માટે સભ્યના પરિવારમાં દર્દી દીઠ માસિક રૂ. ૧૦૦/- ની રાહત સમાજ આપશે. આ રાહત તબીબી સહાય ફંડમાંથી અપાશે. મુખ્યત્વે આમાં ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, હૃદયરોગ, કિડનીના રોગ, વાઈ, ક્ષય, થાઈરોઈડ જેવા દર્દોનો સમાવેશ થાય છે.

આ માટે આવી કાયમી દવાઓની જરૂરિયાતનું ડૉક્ટરનું પ્રમાણપત્ર (એકજ વાર) તેમજ દવાઓના બીલો વખતોવખત આપવાના રહેશે.

**(૪)** મોટા ઑપરેશનમાં થયેલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૫૦,૦૦૦ (પચ્ચાસ હજાર) માંથી જે રકમ ઓછી હશે એ સમાજ ભોગવશે. આ જોગવાઈ આરોગ્ય વીમાની શરૂમાં ૨ અથવા ૪ વર્ષ સુધીની સારવારમાં મજરે ન મળતી સારવાર માટે તથા વીમો ન હોય અથવા ન મળી શકે એમ હોય એવા સંજોગોમાં થતા મોટા ખર્ચમાં રાહત મળે એ માટે છે, જે તબીબી સહાય ફંડમાંથી અપાશે.

- **સ્ટાફ માટે :**

(૧) ૧ વર્ષની સર્વિસ પૂરી થઈ હોય એવા કર્મચારીની તથા પરિવારના સભ્યોની હોસ્પિટલની સારવાર પેટે મહત્તમ રૂ. ૧૦,૦૦૦ ની રાહત સમાજ આપશે. (પરિવારની વ્યાખ્યા સમાજે નક્કી કરેલ છે એ મુજબ રહેશે)

(૨) બધા કર્મચારીઓનો આકસ્મિક મૃત્યુ તથા કાયમી અપંગતાનો રૂા. ૨.૫૦ લાખનો વીમો ૧ વર્ષની સર્વિસ બાદ સમાજ લેશે.

આ નિયમોમાં જરૂર મુજબ વખતોવખત સમિતિ કે ટ્રસ્ટમંડળ યોગ્ય ફેરફાર કરી શકશે.

***કન્વીનર : મગનલાલ સંઘવી***
***સમાજ સુરક્ષા સમિતિ***

## શ્રી કચ્છી જૈન મહિલા ઉત્કર્ષ સમિતિ

### કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન - કાર્યક્રમનો અહેવાલ

ઉપરોક્ત સમિતિના નેજા હેઠળ તા. ૧૫-૧૦-૨૦૧૪ના રોજ કૂકિંગ ડેમોન્સ્ટ્રેશનનો એક કાર્યક્રમ યોજાઈ ગયો.

કૂકિંગ એક્ષપર્ટ શ્રીમતી પૂર્વા મહેતાએ ડેમોન્સ્ટ્રેશન આપેલ હતું. દિવાળીને ધ્યાનમાં રાખીને વાનગીઓનું સિલેક્શન કરાયું હતું – જેવી કે કાજુ-સીંગ કતલી, કેશ્યુનટ ફઝ, સેફ્રોની, ખસ્તા કચોરી વગેરે વાનગીઓ બનાવી હતી. ઉપરાંત કૂકિંગ ટીપ્સ પણ આપી હતી.

બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો. કાર્યક્રમને ખૂબ જાણ્યો અને માણ્યો હતો. જે વાનગીઓ શીખવવામાં આવી હતી તે જ નાસ્તામાં પીરસાઈ હતી. વાનગીઓના સ્વાદની લિજ્જત બહેનોએ ખૂબ માણી હતી. બહેનોની બહોળી સંખ્યામાં હાજરી અને કાર્યકરોના સહકારથી કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો.

***કન્વીનર : શ્રીમતી સુલુ જલદીપ શાહ***

***(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૬૮)***

॥ क्षमा वीरस्य भूषणम् ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# ઈન્કમટેક્ષનું રીટર્ન

હાલમાં જ સમાજની વાર્ષિક સામાન્ય સભામાં પ્રમુખશ્રીએ I.T. રીટર્ન ભરવાનો સભ્યોને અનુરોધ કરેલ, એ યાદ હશે. એ કામમાં સમાજ મદદરૂપ થશે એવી પણ જાહેરાત કરેલ.

ઘણી બધી વ્યક્તિઓ એક યા બીજા કારણોસર I.T. રીટર્ન ભરતા નથી. તે માટેના મુખ્ય કારણો જોઈએ તો :

૧. ઈન્કમટેક્ષ ખાતાનો ડર!

૨. આવક કરપાત્ર થતી ન હોવાના કારણે.

૩. મૂળમાંથી જ કરકપાત (TDS) થતી હોવાના કારણે.

**૧.** I.T. ખાતાનો ડર રાખવાનું હવે કોઈ કારણ નથી. નાના કે મધ્યમ વર્ગને પરેશાન કરવાનો તેઓ પાસે સમય પણ નથી. PAN નંબર હવે લગભગ બધા માટે જરૂરી બની ગયા છે, એટલે એ ખાતામાં નામ તો આવી જ ગયું. ટેક્ષ ભરવાનો થતો હોય એ સમયસર ભરી દેવાય અને સમયસર રીટર્ન ભરાઈ જાય તો કોઈ પરેશાની થતી નથી. આવું ન થાય તો જરૂર પરેશાની થઈ શકે.

**૨.** આવક કરપાત્ર ન જ થતી હોય તો રીટર્ન ન ભરવું એ કોઈ ગુનો નથી બનતો એ ખરું, પણ અન્ય ઘણા બધા કારણોસર I.T. રીટર્નની નકલો માંગવામાં આવે છે. દા.ત. વિદેશ ફરવા, કામકાજ અર્થે કે અભ્યાસ અર્થે જવું હોય, કોઈપણ જાતની લોન - બેંકમાંથી કે અન્ય સંસ્થા પાસેથી લેવાની હોય, મિલ્કતની લે-વેચ કરવી હોય – એવી કેટલીય જગ્યાએ આવકના પુરાવા તરીકે ૧ થી ૩ વર્ષના I.T. રીટર્નની નકલો માંગવામાં આવે છે.

ઘણા લોકો રીટર્નમાં કરપાત્ર હોય એવી જ આવક બતાવે છે. આ પણ ભૂલ છે. કરપાત્ર ન હોય એવી આવક પણ ટેક્ષ ફ્રી આવક તરીકે જરૂર બતાવવી. પૂરી આવક ન બતાવી હોય તો લોન ઓછી મળે કે ન મળે એવું બને.

મહિલાઓવી આવક જો નોકરી કે વ્યવસાય ન કરતા હોય અને માત્ર રોકાણોની આવક હોય અને કરપાત્ર ન હોય તો પણ રીટર્ન ભરી શકાય. બાળકના નામે રોકાણ હોય તો તેની આવક પણ વાલીના રીટર્નમાં બતાવી શકાય. લોન વગેરે લેવા માટે આમ સમગ્ર કુટુંબની આવક લક્ષમાં લેવાય.

બાળકની કરપાત્ર આવક (દા.ત. બેંક F.D. કે પોસ્ટ ઓફિસના રોકાણોની) હોય તો તે રૂા. ૧૫૦૦/- ઉપરની રકમ વાલીની આવકમાં બતાવવી ફરજિયાત છે પણ બાળકની રોકાણ વગરની સ્વતંત્ર આવક (સંગીત, નૃત્ય કે અન્ય કલાઓની, મોડેલિંગ વગેરેની) હોય તો તેની સ્વતંત્ર આવક ગણાય અને તેનું અલગ રીટર્ન ભરાય. આ સંયોગોમાં બાળકને PAN કાર્ડ પણ મળે.

**૩.** નોકરિયાત વર્ગ

"મારો ટેક્ષ તો કંપની પગારમાંથી કાપીને ભરે જ છે, માટે મારે રીટર્ન ભરવાની જરૂર નથી" – આમ માનતા કેટલાક નોકરિયાતો મોટી ભૂલ કરે છે. કરપાત્ર આવક થતી હોય અને TDS કપાત થતી હોય તો પણ રીટર્ન ભરવું પડે.

થોડા સમય પહેલા જ કોઈ મોટી કંપનીના ઓફિસરને કંપનીના કામ અર્થે વિદેશ જવાનું થતાં I.T. રીટર્નની નકલો ન આપી શકવાના કારણે જ વિઝા મળ્યા ન હતા તેવા સમાચાર પ્રસિધ્ધ થયા હતા. TDS થી ટેક્ષ ભર્યાની કોઈ દલીલ ચાલી નહિ. એ ઓફિસર ત્યારબાદ કરવેરા નિષ્ણાત પાસે રીટર્ન ભરાવવા ગયા ત્યારે જાણવા મળ્યું કે તેણે અભ્યાસ માટે લીધેલ લોનનું વ્યાજ, અમુક પ્રમાણમાં ઘરભાડું તેમજ બાળકની સ્કૂલ ફી વગેરે, જે બાદ મળવાપાત્ર હતા. આ રીતે રીટર્ન ન ભરવાથી મળવાપાત્ર I.T. રીફંડની સારી એવી રકમ તેણે ગુમાવી હતી.

કલમ-૮૦ હેઠળ બાદ મળતી રકમની સામાન્ય જાણકારી લગભગ કરપાત્ર વ્યક્તિઓને હોઈ શકે, પણ કેટલીક બિનપરંપરાગત બાબતોની જાણકારી ન હોય. દા.ત.

૧. પરિવારમાં કોઈ અપંગ વ્યક્તિનું પાલનપોષણ કરવાના ખર્ચ પેટે રકમ કરપાત્ર આવકમાંથી બાદ મળે છે.

૨. કોઈ વ્યવસાયિક જેવા કે સી.એ., ટેક્ષ નિષ્ણાત અથવા કોમ્પ્યુટર નિષ્ણાત પિતાશ્રીની માલિકીના પોતાના જ મકાનનાં રૂમમાં ઓફિસ બનાવી કામ કરે તો પિતાશ્રીને ફોન ખર્ચ, રૂમ ભાડું કે ઈલેક્ટ્રીક ખર્ચ આપીને બાદ મેળવી શકે છે.

૩. સંયુક્ત કુટુંબમાં પિતાશ્રીની માલિકીના મકાનમાં રહેતી નોકરિયાત વ્યક્તિ પિતાશ્રીને ઘરભાડું, ઈલેક્ટ્રીક ખર્ચ વગેરે આપીને બાદ મેળવી શકે છે. આ બધું ચેકથી આપવું જોઈએ.

૪. પોતાના વ્યવસાયમાં પતિ, પત્ની કે પુત્ર-પુત્રીની મદદ લેનાર કરદાતા તેઓને યોગ્ય પગાર આપીને બાદ મેળવી શકે છે.

અલબત્ત, આ બધું કરતાં સામેની વ્યક્તિની આવક કરપાત્ર ન થઈ જાય એ જોઈ લેવું. જો કે એવા સંયોગોમાં તે વ્યક્તિની આવકનું કલમ-૮૦સી હેઠળ બાદ મળતું રોકાણ કરી ટેક્ષ બચાવી શકાય. (હાલ આ રીતે ૧,૫૦,૦૦૦/- બાદ મળે છે.)

આ રીતે I.T. રીટર્ન ભરવાના ફાયદાઓ અને કેટલીક બિન પારંપરિક ટેક્ષ બચાવવાની માહિતી મારા અનુભવ અને વાંચનના આધારે આપેલ છે. આમ છતાં કાયદાઓમાં ફેરફાર થતા રહેતા હોય જ છે. એટલે આ બાબતમાં વ્યવસાયિક નિષ્ણાતની સલાહ લેતા રહેવાનું યોગ્ય રહેશે.

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

*ભલાઈ કરવાથી સમાજની સેવા થાય છે.*

## શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ

### ‘કેવી રીતે ભણવું?’ વિષય પરના સેમિનારની ભવ્ય સફળતા

‘How to Study?’ (કેવી રીતે ભણવું?) વિષય પરનો એક સેમિનાર ધોરણ-૮થી ૧૨ના છાત્રો માટે તા. ૧૫/૧૬-૧૧-૨૦૧૪ના બે દિવસ માટે આ સમિતિના ઉપક્રમે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૨ છાત્રોએ ભાગ લીધેલ હતો. સેમિનારનું સંચાલન પ્રો. જયરાજ પંડ્યા દ્વારા થયેલ.

સેમિનારમાં ઉપસ્થિત રહીને સક્રિય રીતે ભાગ લેનાર છાત્રોના પ્રતિભાવ સંયુક્તપણે સંક્ષિપ્તમાં અત્રે આપેલ છે.

It was indeed our pleasure attending the aforesaid Seminar organised by the Committee under the banner of Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad. The Seminar was organised very well and we were delighted to be a part of the wonderful Seminar.

It gives us immense pleasure when we are expressing our thought - comments after attending the Seminar. No words are enough to thank the committee members of the Samaj who put forth the idea of this thought provoking workshop and the members who made sure this workshop benefits the participants. Heartfelt thank to the trainer Mr. Jairaj Pandya for making the entire session very useful and enjoyable.

We earnestly wish, more such workshops - Seminars or interactive sessions are conducted.

Thanking once again everyone, who was directly or indirectly associated with this Seminar to make it reach its grand destination. We also wish to congratulate to Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad.

***Jainam Shah, Dhairya Shah, Bhavik Shah, Reetanshu Sanghvi, Mihir Shah, Kavisha Gosar, Harsh Shah, Krishna Sheth, Jeel Dedhia, Aditya Shah, Jaisheel H., Yash Rambhiya, Yash Dand.***

**Thanks to all participants.**

***Convenor : Hiren Shah***

## શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

**વર્ષ : ૨૦૧૪-૧૫**
**Student Development Programme – SDP**

### પ્રોગ્રામ-૨ : કરિયર શરૂ થાય છે ધોરણ-૮થી....

*રવિવાર, તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૧૪*

*સમય : સવારે ૯ થી ૧ ● સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

*ફેકલ્ટી : જયરાજ પંડ્યા*

- **કોના માટે વર્કશોપ?**
  ધોરણ-૭ માં ભણતા કે ધોરણ-૮માં ભણતા સ્ટુડન્ટ્સ અને તેમના પેરેન્ટ્સ માટે તથા રસ હોય તેવી કોઈ પણ વ્યક્તિ.
- **વર્કશોપમાં શેના પર વાત?**
  ★ ભણવામાં અત્યારે કેવી સ્પર્ધા છે? ★ સારી સંસ્થામાં જવા માટે કેવી તૈયારી જોઈતી હોય છે? ★ ધોરણ-૮ થી ૧૨નું આયોજન કેમ અગાઉથી કરવું જરૂરી છે? ★ આ જાણકારી વહેલી મેળવવાથી શું ફરક પડે?

### પ્રોગ્રામ-3 : સાયન્સ લેનારા સ્ટુડન્ટ્સ માટેનું ચેકલિસ્ટ

*રવિવાર, તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૧૪*

*સમય : બપોરે ૨ થી ૬ ● સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

*ફેકલ્ટી : જયરાજ પંડ્યા*

- **કોના માટે વર્કશોપ?**
  સાયન્સ લેવા માંગતા ધોરણ-૯ કે ૧૦ના કે સાયન્સ લઈ લીધેલ ધોરણ ૧૧-૧૨ના સ્ટુડન્ટ્સ, તેમના પેરેન્ટ્સ તથા રસ ધરાવતા કોઈ પણ વ્યક્તિ.
- **વર્કશોપમાં શેના પર વાત?**
  ★ ચેકલિસ્ટ એટલે શું? ★ સાયન્સ લો કે લેવાના હો ત્યારે કયા મુદ્દા ધ્યાનમાં રાખવા? ★ આવું કેમ કરવું પડે એમ છે? ★ બેસ્ટ કોલેજો – IIT, AIIMSમાં પ્રવેશ કેવી રીતે લઈ શકો? ★ તેના માટે કેવી તૈયારી કરવી પડે?

*સંપર્ક નંબર : ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૮૮૯૨*

*સંપર્ક સમય : સવારે ૧૦.૦૦થી સાંજના ૫.૩૦*

***કન્વીનર : એચ. કે. શાહ***

*હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુઓ છે. કોઈ પોતાનો હક્ક માંગે તો તે અગાઉ તેણે પોતાની ફરજ પણ બજાવવી જોઈએ.*

*નિયમપૂર્વકની દિનચર્યા જીવનને સાચી દિશા આપે છે.*

# તબીબી કેન્દ્રના ઉપક્રમે
# કિડની તથા પ્રોસ્ટેટના રોગ, લક્ષણ અને અટકાવ સંબંધી ઉપયોગી સેમિનાર યોજાયું

## ★ સમાજ પરિવારજનોની પાંખી હાજરી ધ્યાનાકર્ષક રહી ★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે તા. ૨૩-૧૧-૨૦૧૪ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે કિડની તથા પ્રોસ્ટેટના રોગ, લક્ષણ અને તેનાં અટકાવ સંબંધી જનહિતાર્થે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ ખાતે ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન કિડનીની કામગીરી ક્ષેત્રે ૧૨ વર્ષથી કાર્યરત છે. આ સમયગાળા દરમ્યાન મોટી સંખ્યામાં લોકો કિડની વિશે તે સંસ્થા દ્વારા શિક્ષિત થયા છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં વિભિન્ન સ્થળે જઈને તે સંસ્થાએ મોટી માત્રામાં નાગરિકોને કિડની રોગો વિશે માહિતી આપીને તેને કેવી રીતે અટકાવી શકાય તે અંગે જાણકારી આપી છે. અને આ દિશામાં તેમના પ્રયત્નો ચાલુ જ છે. ઉપરાંત ડાયાલિસિસ કેન્દ્રો ખાતે સારવાર લેતા લગભગ ૨૦૦ જેવા કિડનીના દર્દીઓનું સર્વેક્ષણ હાથ ધરીને ક્રોનિક કિડની રોગને રોકવા માટે તેમના જોખમી પરિબળો અંગે સમાજને સારી રીતે શિક્ષિત કરવાના એક ભાગ રૂપે તે ફાઉન્ડેશનના પ્રોગ્રામ ઇન્ચાર્જ સુશ્રી પૂર્વીબહેને ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન પાવર પોઈન્ટ દ્વારા ખૂબ જ સુંદર, સરળ અને વિગતવાર રજૂઆત કરી હતી. જે કોઈપણ વ્યક્તિને તબીબી ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી હતા.

તેવી જ રીતે યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહ એ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતાપ્રાપ્ત તબીબી ધોરણોને અનુલક્ષીને પ્રોસ્ટેટ રોગ, લક્ષણ, અટકાવ, મેડિસિન અને સર્જરી જેવા તમામ પાસાઓ સંબંધિત બોર્ડ પર કૃતિઓ અને ડ્રોઇંગ સાથે ખૂબ જ રસપ્રદ, ઉપયોગી જાણકારી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ઉપસ્થિત શ્રોતાઓ ખૂબજ એકાગ્રતાપૂર્વક તેમને સાંભળીને રજૂ થતી માહિતી પરત્વે સંતોષ અનુભવતા જણાતા હતા.

તબીબી ક્ષેત્રે ખૂબ જ વ્યસ્ત એવા નેફ્રોલોજિસ્ટ ડૉ. જગદીપ શાહ અને યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહે શ્રોતાઓ દ્વારા ઉપરોક્ત વિષયે પૂછાયેલા અનેક પ્રશ્નોના ખૂબ જ ઉત્સાહપૂર્વક વિગતવાર જવાબ આપીને ઉપયોગી માર્ગદર્શન આપેલ હતું. તે કારણે ઉપસ્થિત શ્રોતાઓએ પોતાનો સંતોષ વ્યક્ત કરીને બંને ડૉક્ટરનો આભાર માન્યો હતો.

કાર્યક્રમના સ્થળે કિડની ટેસ્ટ માટે કૂપન આપવામાં આવેલ તેમજ બી.પી. તપાસની સગવડતા ઉપલબ્ધ કરવામાં આવી હતી. જેનો બહોળી સંખ્યામાં લાભ લેવામાં આવ્યો હતો.

કાર્યક્રમના આરંભે સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડે મહેમાનો તેમજ ઉપસ્થિત પરિવારજનોને આવકારીને તબીબી કેન્દ્રની સેવાઓ અંગે ટૂંકમાં જાણકારી આપી હતી. જ્યારે ટ્રસ્ટી અને તબીબી સેવા સમિતિના કન્વીનર શ્રી અશ્વિન સાવલાએ બંને ડૉક્ટરનો ટૂંક પરિચય આપીને સંસ્થા તેમજ સેમિનાર સંબંધિત જાણકારી આપી હતી. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહે મહેમાનોને મોમેન્ટો આપીને સ્વાગત કરેલ. આ અવસરે અમદાવાદ - મેગા સિટી સિનિયર સિટીઝન ગ્રુપના પ્રમુખ શ્રી ઈન્દ્રવદનભાઈ શાહ તેમના સાથીઓ સાથે ઉપસ્થિત હતા. ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા શ્રી રજનીકાંત પારેખ, શ્રીમતી દક્ષાબેન તેમજ શ્રી પીન્ટુભાઈ સહિત મેડિકલ સેન્ટરના સ્ટાફવર્ગનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગે સમાજના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીગણ, કારોબારી સમિતિના તેમજ તબીબી સેવા સમિતિના કેટલાક સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત હતા. કાર્યક્રમના અંતે શ્રીમતી હાસ્યલતાબેન મહેતાએ આભારવિધિ કરી હતી.

તબીબી ક્ષેત્રના ખૂબ જ ઉપયોગી એવા આ સેમિનારમાં સમાજ પરિવારજનો તેમજ સમાજની અન્ય સમિતિઓના સભ્યશ્રીઓની હાજરી ખૂબ જ પાંખી રહી હતી, જે ધ્યાન કેન્દ્રિતકર્તા હતી.

ઉપરોક્ત સેમિનાર અન્વયે ઉપસ્થિત શ્રોતાઓના પ્રતિભાવો નીચે મુજબ હતા :

★ આ એક ખૂબ જ સુંદર, જાણવાલાયક અને માહિતીસભર સેમિનાર હતો.

★ આ પ્રકારે વિવિધ ક્ષેત્રે તબીબી સેમિનાર વારંવાર થાય તેવું અમે ઈચ્છીએ છીએ.

★ કાર્યક્રમ દરમ્યાન કિડની ફાઉન્ડેશનના અધિકારી તેમજ બંને ડોક્ટર દ્વારા સચોટ માહિતી આપવામાં આવતાં સંતોષ થયો. કિડની તેમજ પ્રોસ્ટેટ સંબંધી વિવિધ પ્રકારની વિગતથી અંધકારમાંથી પ્રકાશની દુનિયામાં આવ્યા હોઈએ તેવો અનુભવ થયેલ છે.

★ સેમિનારની રજૂઆત અને વક્તવ્ય તમામ વયની વ્યક્તિઓએ સાંભળવા યોગ્ય હતું.

★ જે લોકો આ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા નથી તેઓ ઉપરોક્ત વિષય સંબંધી ઉપયોગી માર્ગદર્શનથી વંચિત રહ્યા છે, તે અફસોસની બાબત છે.

★ ઉક્ત સેમિનારની વ્યવસ્થા અને સંચાલન પ્રશંસાપાત્ર છે. તબીબી સેવા સમિતિના તમામ સદસ્યોનો આ માટે ખૂબ આભાર.

★ સેમિનારમાં સમગ્ર રજૂઆત ઉત્તમ કક્ષાની હતી.

પ્રતિભાવો બદલ શ્રોતાગણનો ખૂબ ખૂબ આભાર.

***કન્વીનર : અશ્વિન સાવલા, તબીબી સેવા સમિતિ***

**(સેમિનારની તસવીરી ઝલક માટે જુઓ પાના નં.-૬૭)**

*બુરાઈ રહિત રહેવાથી વિશ્વમાત્રની સેવા થાય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૪

● **રવિવાર, તા. ૨૬-૧૦-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિની મીટિંગ મળેલ. જેમાં તા. ૧૫-૧૧-૨૦૧૪, તા. ૧૬-૧૧-૨૦૧૪ તથા તા. ૩૦-૧૧-૨૦૧૪ના કાર્યક્રમ, શિબિર વગેરે સંબંધી જરૂરી ચર્ચા વિચારણા કરીને યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં કન્વીનર શ્રી હીરેનભાઈ શાહ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રદીપભાઈ મહેતા તથા શ્રીમતી હાસ્યલતાબેન મહેતા ઉપસ્થિત હતા. સમિતિની આ વિષય અન્વયે તા. ૨૦-૧૧-૨૦૧૪ તથા તા. ૯-૧૧-૨૦૧૪ના રોજ પણ બેઠકો યોજાઈ હતી. જેમાં ચર્ચા વિચારણાના અંતે કાર્યક્રમોને આખરી રૂપ આપવામાં આવ્યું હતું.

● **શનિવાર, તા. ૮-૧૧-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ટ્રસ્ટ મંડળની મીટિંગ મળેલ. જેમાં ટ્રસ્ટી સ્વ. શ્રી વીરેન્દ્રભાઈ રાઘવજી લોડાયાના દુઃખદ અવસાન અન્વયે એક શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો તથા તેમની ખાલી પડેલી જગ્યા પર વર્તમાન કો-ઓપ્ટ ટ્રસ્ટી શ્રી અશ્વિન સાવલાની નિમણૂક કરવામાં આવી હતી.

● **સોમવાર, તા. ૧૦-૧૧-૨૦૧૪**

★ ત્રણે ભવનની ઈમ્પેક્ટ ફી અંગેની કાર્યવાહીની ચર્ચા કરવા માટે મીટિંગ મળેલ. જેમાં પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, મંત્રી શ્રી કે.આર. શાહ, ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતા તથા એન્જિનિયર શ્રી અતુલભાઈ પરીખ હાજર હતા. ત્રણે ભવનની ઈમ્પેક્ટ ફી અંગે કાર્યવાહીનું વિસ્તૃતપણે વિહંગાવલોકન કરવામાં આવ્યું.

● **શનિવાર, તા. ૧૫-૧૧-૨૦૧૪**

★ આજે સાંજે શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિના નેજા હેઠળ ધોરણ-૮ થી ૧૨ના છાત્રો માટે એક સેમિનારનું આયોજન થયું હતું.

● **રવિવાર, તા. ૧૬-૧૧-૨૦૧૪**

★ આજે સવારે શિક્ષણ અને ડેવલપમેન્ટ સમિતિ દ્વારા ધોરણ-૮ થી ૧૨ના છાત્રો માટે એક સેમિનારનું આયોજન થયું હતું.

★ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા યોજાયેલ એક કાર્યક્રમમાં મહિલા સુરક્ષા વિશે ચિંતન અને ચર્ચા તેમજ બહેનોને પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા મહિલા સુરક્ષા માટે કાયદાકીય માહિતી તથા મહિલા સુરક્ષા હેલ્પલાઈન – ૧૦૯૧ વિશે અગત્યની સમજ આપવામાં આવી હતી.

● **રવિવાર, તા. ૨૩-૧૧-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મેડિકલ સમિતિ દ્વારા 'કિડની તથા પ્રોસ્ટેટના રોગ, લક્ષણ અને અટકાવ' વિષય સંબંધી જનહિતાર્થે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના અધિકારી સુશ્રી પૂર્વીબહેન, નેફ્રોલોજિસ્ટ ડૉ. જગદીપ શાહ તથા યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહ દ્વારા વિવિધ મુદ્દાઓની રજૂઆત સાથે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ■

# 'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય'નું અમદાવાદ ખાતે નૂતન સાહસ

સાહિત્ય પ્રકાશન ક્ષેત્રે અમદાવાદ ખાતેના ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનું નામ માત્ર ગુજરાતમાં નહીં પરંતુ મહારાષ્ટ્ર અને અન્ય સર્વત્ર સ્થળે ખૂબ જાણીતું છે. આ સંસ્થા વર્ષ ૧૯૨૭થી ગુજરાતી ગ્રંથ પ્રકાશકની વિશિષ્ટ ગૌરવગાથા રૂપે કાર્યરત છે. ઉત્કૃષ્ટ કામગીરી બદલ આ સંસ્થાને અનેક પુરસ્કારોથી નવાજવામાં આવી છે. સાહિત્ય ક્ષેત્રના તજજ્ઞો અને ખૂબ જાણીતા લેખક - લેખિકાઓના સંખ્યાબંધ પુસ્તકો તેમના દ્વારા પ્રતિવર્ષ પ્રકાશિત થતા રહે છે. તેમના સંચાલકો માટે પૈસા સર્વસ્વ નથી અને આ જ વિચાર તેઓએ પોતાના વ્યવસાયમાં પણ અપનાવ્યો છે. ગૂર્જર સાહિત્ય પ્રકાશન માટે ગ્રાહક સાથે આત્મીય વલણ અને સંતોષકારક સેવા અગત્યના છે. **આ કારણે સાહિત્ય જગતમાં તેની એક અલગ ઓળખ ઊભી થયેલ છે.**

સમય સાથે કદમ મિલાવવા તેમના માલિકોએ તા. ૧૬-૧૧-૨૦૧૪ના રોજ અમદાવાદના પ્રહલાદનગર વિસ્તારમાં 'ગૂર્જર સાહિત્ય પ્રકાશન'ના નામે એક નવા શો-રૂમનો અનેક મહાનુભાવો, લેખકો, સમાજ અગ્રણીઓ, પરિવારજનો વગેરેની ઉપસ્થિતિમાં શુભારંભ કરેલ છે. **જ્યાં વિવિધ વિષયવાળા જુદી જુદી ભાષાના અને અનેક લેખકોના પુસ્તકોનું ઉપવન નિહાળી શકાય છે.**

***નવા સાહસ બદલ અભિનંદન સાથે સર્વે શુભેચ્છા.***

***સરનામું :*** ૧૨૦, લેન્ડમાર્ક, સીમા હોલની સામે, ટાઈટેનિયમ સિટી સેન્ટર મોલ પાસે, ૧૦૦ ફૂટ રોડ, પ્રહલાદનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૧૩૬૬, મો. ૯૮૨૫૨ ૬૮૭૫૯

*કામના રહિત થવાથી પોતાની સેવા થાય છે.*

# ઊડતી નજરે....

**માસ ઓક્ટોબર-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ ..........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૧૦,૨૧૧ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... ૪૧૦ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... ૫૨ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... ૦૯ | |
| | ● | સોનોગ્રાફી .......... ૮૦૧ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... ૨૭ | |
| | ● | બોડી ચેક-અપ .......... ૩૦૫ | |
| | ● | અન્ય .......... ૮,૬૦૭ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૯૩૩ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૩,૭૨૦ | ૪,૬૫૩ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૨,૦૨૫ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૫,૪૬૫ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૧,૬૪૪ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... ૧,૬૫૨ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .. ૨૫૮ | ૧૧,૦૪૪ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૫૩૪ | ૫૩૪ |
| | | માસ ઓક્ટોબર - ૨૦૧૪ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | ૨૬,૪૪૨ |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*



# જીવદયાપ્રેમીઓ દાનવીર દાતાઓ



## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરુરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬



# GILL & CO. PVT. LTD.

IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN




પ્લોટ્સ અને વિલા ૧૫ લાખથી શરૂ
બુકીંગ ચાલુ છે.
સેમ્પલ વિલા તૈયાર છે.
Kalpavriksha
abode
Plots & Villas
@ પંચાસર
શંખેશ્વર
પ્લોટ સાઈઝ- ૫૦૦ વાર અને વધુ ના પ્લોટ્સ
● ૧ BHK - વિલા - ૯૬.વાર
● ૨ BHK - વિલા - ૧૧૫.વાર
સાઈટ એડ્રેસ :
કલશ કુબેરની બાજુમાં, પંચાસર ગામ, શંખેશ્વર, ગુજરાત
ઓફીસ એડ્રેસ :
ચોથો માળ, અંજલી હાઉસ, લાલ બંગલોની સામે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
Contact :
M : +91 99099 44034 | Ph. : 079 2642 7001/7
Web : www.kalpavrikshaabode.com
ડેવલોપર :
DIAMOND
realty



BLUE STAR
INDUSTRIES
www.shilpaworld.com
Chandrakant K. Gada
+91 - 9825069290
STAINLESS STEEL RE-ROLLERS
Plot No. 130, G.I.D.C. Estate, Kalol-382 721. Gandhinagar.
Phone : (02764) 220330, 224330, 227030
E-mail : blustar.indu@yahoo.in

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**


6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY


ROMAN
GROUP
Give Your Society The Best!
Pest Control
Water Purifier
Water Proofing
Building Facilities
Silicon Acrylic Paint
Water Treatment Plant
Rain Water Harvesting
Solar Water Heating Systems
Tank And Ringwell Cleaning
Property Redevelopment And solutions
Landscaping And Play Equipment For Gardens
Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**
**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,